છૂટક કિંમત : રૂા. ૧૫.૦૦

□વર્ષ દરમિયા□ કુલ ૧૨ અંકો (છ અંક અ□ે છ □ુસ્તિકાઓ.)
□લવાજમ વર્ષ માટે વિકલ□ : જુલાઈથી જુ□ કે જાન્યુઆરીથી ડિસેમ□ર.
□લવાજમ : વા□ષક રૂા. ૨૫૦/- ૩ વર્ષ : રૂા. ૭૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૨૦૦/- આજીવન : રૂા. ૭૦૦૦/-
વિદેશ લવાજમ : વા□ષક રૂા. ૧૨૫૦/- ૫ વર્ષ માટે રૂા. ૬,૦૦૦/-

□□વિચારવલોણું પરિવાર□□ નું વા□ષક લવાજમ આપના વિસ્તારમાં આવેલી દેના બેંકમાં ડાયરેક્ટ જમા કરાવી શકો છો. (ચેક □□વિચારવલોણું પરિવાર□□ નામનો લખવો, શાખાઃ લો-કોલેજ રોડ, અમદાવાદ, સેવિંગ્ઝ ખાતા નં. ૦૫૪૯૧૦૦૦૨૫૨૨ માં જમા કરાવવો) રકમ જમા કરાવ્યા બાદ તેની બેંકની અસલ રિસીપ્ટ વિચારવલોણું પરિવાર, અમદાવાદની ઓફિસમાં નીચે જણાવેલ સરનામે મોકલી આપવી. ઈન્ટરનેટ બેંકિંગ માટે અમારો **IFSC No. BKDN0110549** છે. મનીઓર્ડર તથા બેંક ડ્રાફ્ટ દ્વારા પણ લવાજમ અમદાવાદની ઓફિસે મોકલી શકાય છે. ઓફિસ સમય : ૧૧.૦૦ થી ૬.૦૦

સ્થાપક : સુરેશ પરીખ
આલાપ બંગ્લોઝ, સંજય સોસાયટી, ફોન : ૯૭૨૬૩૬૬૭૦૪
ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭

પ્રકાશક : મુનિ દવે ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭
વ્યવસ્થાપક : વિજય બરફીવાલા ફોન : ૦૭૯-૩૦૧૨૨૭૩૬
૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ, ઓક્ષફર્ડ ટાવર સામે, ગુરુકુળ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
E-mail : vicharvalonun@yahoo.co.in Web : www.vicharvalonu.com

કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ : અ□ુરાજ ગ્રાફિક્સ
ફોન : ૯૮૯૮૦ ૩૮૪૫૨
મુદ્રણ : શ્રી ગણેશ ઓફસેટ
શુભલાભ એસ્ટેટ, તાવડીપુરા,
શાહીબાગ, અમદાવાદ
આવરણ ડિઝાઈન : નિર્મળ સરતેજા

સંપાદકગણ

તરુણ શાહ □ી-૧/૯, અ□વાલ ટાવર્સ,
સોલા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૬૧ ફોન : ૯૪૨૬૩ ૮૩૦૦૮

પ્રજ્ઞા પટેલ આત્મ□, ૧૬૮૭/૧, સેકટર-૨ ડી,
□ાંધી□□ર-૩૮૨૦૦૨. ફોન : (૦૭૯) ૨૩૨૨૮૮૩૩

નિરંજન શાહ □સ્મૃતિ□, કલ્યાણ સોસાયટી,
મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ફોન : (૦૭૯) ૨૬૪૪૧૬૫૯

મુનિ દવે ૮૦૪, સ□□ □લેસ, શિવરંજની રસ્તા,
અમદાવાદ-૩૮૦ ૦૧૫ ફોન : (૦૭૯) ૨૬૭૫૧૩૫૭

□Ek Wranglerni Jeevankatha : Patnini Drashtie□

મૂળ મરાઠી : कहा□ी एका रँग्लर□ी

લેખિકા - સુમતિ વિષ્ણુ નારળીકર, ગુજરાતી અનુવાદ : પ્રિ. બી. એમ. મૂળે

Writer : Sumti Vishnu Narlikar, Gujarati Adaption : Prin. B. M. Mule

VISIT…

LANZAROTE
Caliente.COM

એક રૅંગ્લરની જીવનકથા
પત્નીની દૃષ્ટિએ

લેખિકા
સુમતિ વિષ્ણુ નારળીકર

વિચારવલોણું પરિવાર પ્રકાશન

નિવેદન

આપણામાંથી ઘણાંને ભણવાનું પૂરું થયું ત્યારે વધુ આનંદ એ હતો કે હવે પરીક્ષામાંથી મુક્તિ મળી અને એ સાથે વાંચીને યાદ રાખવામાંથી પણ મુક્તિ.

પણ ભણતર પછી કામે ચડ્યા, પરણ્યા, જવાબદારીઓ વધી ત્યારે ખબર પડી કે હવે તો રોજ પરીક્ષામાં બેસવાનું થાય છે અને એમાં પુછાતું ઘણું તો કોર્સ બહારનું, જે ભણ્યા, જેમાં ખૂબ માર્કસ લીધા એ સિવાયનું જ હોય છે. હવે મહત્ત્વના વિષયો છે ભાષાકીય સજ્જતા, વાતની મુદ્દાસર રજૂઆત, વિચારોની સ્પષ્ટતા, માનવીય સંબંધો, સામાજિક શિસ્ત, સમયબદ્ધતા, પ્રામાણિકતા, વિશ્વસનીયતા ... વગેરે. જેમ જેમ આગળ વધીએ છીએ તેમ તેમ નવા નવા વિષયો ઉમેરાતા જાય છે અને જૂના વિષયોનાં વિવિધ અજાણ્યાં પાસાંઓ ખૂલતાં જાય છે.

હવે વિનોબાજીની વાત સમજાતી જાય છે કે : 'અધ્યયન (learning) કાયમ કરતા રહેવાનું છે. તે વિના ચાલવાનું નથી. ઉપરાંત, અધ્યયનમાં મહત્ત્વ લંબાઈ-પહોળાઈનું નથી (કેટલાં પુસ્તકો વાંચી કાઢ્યા), ઊંડાણનું છે (કેવળ સમાધિસ્થ થઈને સતત થોડો સમય જીવનભર અધ્યયન.''

ઉપનિષદ જેને વિદ્યા અને અવિદ્યા કહે છે એ બે વચ્ચેનું સંતુલન જાળવીએ. વિદ્યા એટલે પોતાના વિષેનું જ્ઞાન, અવિદ્યા એટલે પોતાના સિવાયનું જ્ઞાન.

કંઈક 'થવા' (Becoming) માટે, પ્રશ્નોના જવાબો શોધવા તો વાંચીએ જ છીએ, હવે કંઈક 'હોવા' (Being) માટે, અંતસ્તત્ત્વ વિકસે એ માટે પણ વાંચીએ, જેથી સતત ઊઠતા પ્રશ્નોના જવાબ મળતા પહેલાં એ પ્રશ્નો જ ઓગળવા માંડે.

એવું વાંચીએ જે આપણા વિચારોના પ્રવાહને સંયમિત કરે. આપણી બુદ્ધિને સ્વતંત્ર અને પ્રતિભાવાન બનાવે. એમાં નવી નવી કૂંપળો ફૂટતી રહે.

અમારો પ્રયાસ આવી પુસ્તિકાઓ આપવાનો છે, જેથી સ્વસ્થ વ્યક્તિ અને શાણા સમાજના ઘડતરની દિશામાં કામ થઈ શકે.

મુનિ દવે
પ્રમુખ - વિચારવલોણું પરિવાર
ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭

પ્રાસ્તાવિક

ડૉ. વી. વી. નારળીકર અંગે તેમના જ વિદ્યાર્થી અને ગુજરાતના જ નહીં બલ્કે ભારતના મહાન ગણિત-વિજ્ઞાની ડૉ. પી.સી. વૈદ્યસાહેબ તરફથી ઘણી માહિતી મળેલ. ડૉ. વી.વી. નારળીકરની શૈક્ષણિક પ્રામાણિકતાની વૈદ્યસાહેબે ભારોભાર પ્રશંસા કરી છે. અમે અમદાવાદમાં હોઈએ ત્યારે વૈદ્યસાહેબને અવારનવાર મળવાનું થાય. તેમના વિશિષ્ટ અનુભવજ્ઞાન અને વિજ્ઞાન બંનેનો લાભ મળતો રહ્યો છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં ટોચના વિજ્ઞાનીઓની પ્રામાણિકતા અને સિદ્ધાંતનિષ્ઠા અપૂર્વ હતી. આજે પણ તેમના વારસદારોએ તે ટકાવી રાખી છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં આપણા વિજ્ઞાનીઓ ક્યારેય બાંધછોડ કરતાં નથી એવો મારો પોતાનો અનુભવ છે. આવા વિજ્ઞાનીઓ આપણા દેશનું ગૌરવ છે. આ બધો ઉલ્લેખ મેં મારા 'જૈન દર્શનના વૈજ્ઞાનિક રહસ્યો' (Scientific Secrets of Jainism) પુસ્તકમાં કરેલો છે.

બ્રાહ્મણ પરંપરામાંથી આવેલા આ સૌ વિજ્ઞાનીઓને આપણા પ્રાચીન ગ્રંથો અને સંસ્કૃત ભાષા માટે અપૂર્વ લાગણી રહી છે. તેમાં રહેલ વૈજ્ઞાનિક તથ્યને પિછાણ્યું છે અને પ્રીછ્યું પણ છે. ડૉ. વી.વી. નારળીકર, ડૉ. પી.સી.વૈદ્ય, ડૉ. જયંત નારળીકર અને અત્યારે ડૉ. પંકજ જોષી વગેરે વિજ્ઞાનીઓએ વિજ્ઞાનને જેટલું મહત્ત્વ આપ્યું છે તેટલું જ અને ક્યારેક તો તેનાથી પણ વધુ મહત્ત્વ અધ્યાત્મને આપ્યું છે. તેઓની દૃષ્ટિએ શુદ્ધ અધ્યાત્મ પણ એક વિજ્ઞાન જ છે.

ડૉ. વી.વી. નારળીકરે પણ વિષ્ણુના ૨૪ નામ અંગેનું રહસ્ય મેળવવા કરેલ પુરુષાર્થ ખરેખર દાદ માગી લે તેવો છે. એ જ રીતે અંગ્રેજી અનુવાદના આધારભૂત પાલી ભાષાના મૂળ શ્લોક અંગેની ગવેષણા અને પરાપૂજા અંગેના સુશ્રી સુમતિ નારળીકરે આપેલ શ્લોક પણ ખૂબ જ અદ્‌ભુત છે.

સુશ્રી સુમતિ નારળીકરે ડૉ. વી.વી. નારળીકર સાથેના પોતાના સંસ્મરણો અને અનુભવોને એટલી સરળતાથી અને સહજતાથી વર્ણવ્યા છે અને તેમના ગુણોને ઉદ્‌ઘાટિત કર્યા છે કે આખું ય પુસ્તક એકી બેઠકે વાંચી જવાય. વાંચ્યા પછી કાંઈક પ્રાપ્ત કર્યાનો સંતોષ પણ મળે છે. ડૉ. વી.વી. નારળીકર અર્થાત્ તાત્યાસાહેબ અંગે આવી પ્રમાણભૂત જીવનકથા આપણને ગુજરાતીમાં પ્રાપ્ત થાય છે તે આપણા સૌનું અહોભાગ્ય છે. મૂળ મરાઠીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરનાર પ્રિ. બી.એમ.મૂળે અને પ્રથમ પ્રકાશક શ્રી રમેશભાઈ બી. શાહ ધન્યવાદને પાત્ર છે.

ડૉ. વી.વી. નારળીકર ગઈ પેઢીના એક મહાન ગણિત-વિજ્ઞાની હતા. તેમના પુત્ર ડૉ. જયંત નારળીકર પણ ખ-ભૌતિકશાસ્ત્ર (Astrophysics) ના મહાન વિજ્ઞાની છે, જેઓએ મારા અંગ્રેજી પુસ્તક (Scientific Secrets of Jainism) ની કૉમેન્ટ્સ લખી આપી છે તે આપણું સૌભાગ્ય છે.

નંદિઘોષવિજય મુનિ

પુરોવચન

શ્રી તાત્યાસાહેબ* વિષે મારે તેમની સ્મૃતિરૂપે કંઈક લખવું જોઈએ એવું મને વારંવાર અમને બંનેને ઓળખનાર અમારા સ્નેહીજનો તથા સગાં-સંબંધીઓ દ્વારા કહેવાતું હતું. અમારા પુત્ર ચિ. જયંતની ત્રીજી ભારતયાત્રા અંગે ૧૯૬૫માં મેં જે વર્ણનાત્મક પુસ્તક લખેલું, તેની અમારા સ્નેહીજનોમાં તથા સગાં-સંબંધીઓમાં ઘણી પ્રશંસા થયેલી એટલું તે બધાને ગમ્યું હતું. અમે તે પુસ્તકની માત્ર ૧૦૦ નકલો જ છાપેલી, અંગત વર્તુળના લોકોને જ આપવા માટે તે પુસ્તક છપાયું ત્યારથી, મારે તાત્યાસાહેબ વિષે લખવું જોઈએ એવો અમારા નજીકના વર્તુળના વાચકોનો આગ્રહ હતો. આ કામ હું તાત્યાસાહેબની હયાતીમાં કરી શકી નહિ એનું મને ઘણું જ દુઃખ છે.

૧ એપ્રિલ ૧૯૯૧ના રોજ સવારમાં ૬.૧૫ કલાકે તાત્યાસાહેબે છેલ્લા શ્વાસ લીધા તે પૂર્વેની આખી રાત દરમિયાન તેઓ એક વાક્ય બોલ્યા હતા, ‘હે ભગવાન, હું શું કરુ’

તાત્યાસાહેબના અવસાન બાદ આ જ વાક્ય વારંવાર મારા મનમાં પણ ઘોળાયા કર્યું.

તાત્યાસાહેબ જીવ્યા ત્યાં સુધી તેમની સંગતમાં મારો સમય કેવી રીતે પસાર થતો તેની મને ખબર ન હતી પડી. પરંતુ ‘હું શું કરું, ભગવાન, હું શું કરું’ એ વિચાર મારા મનમાં વેદના સહિત સતત ઘોળાતો રહ્યો.

આવી મારી સ્થિતિ હતી. તે દરમિયાન એક વાર જયંતે મને સહજતાથી કહ્યું કે તાત્યાસાહેબની સ્મૃતિઓ લખવાનું શરૂ કર, જેનાથી તને થોડીક માનસિક શાંતિ મળવા લાગશે. તારું લખાણ પૂરું થયા પછી તે પ્રકાશિત કરવા માટે કોઈ સમર્થ પ્રકાશક શોધી કાઢીશું.

‘ડૂબનારને તણખલાનો આધાર’ આ કહેવત મુજબ મેં જયંતની સૂચના માન્ય રાખી, લખવાનું શરૂ કર્યું અને સમય જતા તેમાંથી મને માનસિક શાંતિ મળવા લાગી. લખતાં લખતાં જ્યારે હું તેમની સ્મૃતિઓ યાદ કરતી ત્યારે હું તે સમય પૂરતી મારી વેદનાઓ, મારા દુઃખો ભૂલી જતી.

આવી આ પુસ્તકની ઉત્પત્તિમીમાંસા કે પૂર્વભૂમિકા છે. તાત્યાસાહેબની સ્મૃતિઓ હું શબ્દોમાં કંડારતી ત્યારે ક્યારેક જયંત, તો ક્યારેક ક્યારેક તેની પત્ની મંગલા પણ તેમાં ઉમેરો કરતા. તેથી સ્મૃતિઓને ઉજાસ મળતો અને મારો ઉત્સાહ બેવડાતો. હવે આ સમગ્ર લખાણ મધુકાકાને સુપરત કરી રહી છું અને તે તાત્યાસાહેબના બધા જ પ્રશંસકોને હું અર્પણ પણ કરું છું.

- સુમતિ નારળીકર

---

* નજીકના વર્તુળમાં રેન્ગલર વિષ્ણુ નારળીકર, ‘તાત્યાસાહેબ’ આ ઉપનામથી ઓળખાતા હતા.

❁ આદિપર્વ ❁

કરવીર નગરમાં - આજના કોલ્હાપુરમાં ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ભગવતી અંબાબાઈના મંદિર પાસે મહાદ્વાર માર્ગ પર એક મોટું મકાન હતું. તેમાં શ્રી વાસુદેવશાસ્ત્રી નારળીકર રહેતા હતા. ખેતીલાયક થોડીક જમીન, મોટું મકાન અને અન્ય રીતે સુખી ગણાતો તેમનો પરિવાર હતો. તેઓ પોતે અત્યંત વિદ્વાન શાસ્ત્રી હતા અને ભાગવત મહાપુરાણની કથાનું મધુર અને રસાળ શૈલીમાં વર્ણન અને વિવરણકૌશલ્ય ધરાવતા હતા. તેમની પાસે જૂની પુરાણી, અલભ્ય ગણાતી પોથીઓનો મોટો સંગ્રહ હતો, તે આજ દિન સુધી સચવાયેલો છે. ભારતીય પુરાણો પર ગ્રંથ લખતા વિદ્વાનો આજે પણ આ સંગ્રહનો ઉપયોગ કરવા ત્યાં આવે છે.

શ્રી તાત્યાસાહેબ આ જ વિદ્વાન શાસ્ત્રી મહોદયનું છેલ્લું સંતાન. તેમના જન્મ સાથે એક ખાસ કથા પણ જોડાયેલી છે. શાસ્ત્રીજીનો પ્રથમ પુત્ર ૧૮ વર્ષનો થયો તે પહેલા ૨-૩ સંતાનો અશક્ત અને કમજોરપણાને લીધે બાલ્યાવસ્થામાં જ મૃત્યુ પામેલા. સ્વાભાવિક રીતે જ તેમના પત્ની દુઃખી અને ઉદાસીન રહેતાં. તેના ઉપાય તરીકે શાસ્ત્રીજીએ પોતાની પત્નીને પયોવ્રત કરવાની સલાહ આપી. આ વ્રત ધારણ કરનાર વ્યક્તિને વ્રતના સમયગાળા દરમિયાન માત્ર પાણી અથવા દૂધ પ્રાશન કરીને જ જીવવાનું હોય છે.

આ વ્રતને લગતી એક કથા ભાગવત પુરાણમાં વર્ણવેલી છે. દેવ અને અસુર આ બંને વચ્ચે સંગ્રામ થયો તેમાં અસુરોનો વિજય થયો. પરિણામે બધા જ દેવો અજ્ઞાતવાસમાં જતા રહ્યા. તેથી દેવમાતા અદિતી ખૂબ જ દુઃખી અને ઉદાસીન થઈ. તેના પતિ નામે કશ્યપ ઋષિ દીર્ઘ તપશ્ચર્યા અને સમાધિમાં કાયમ મગ્ન રહેતા. સમાધિ અવસ્થામાંથી બહાર આવ્યા બાદ એક વાર તેઓ અદિતીના આશ્રમની મુલાકાતે આવ્યા. એક જમાનામાં જે આશ્રમ ફળફૂલોથી ભરાયેલો રહેતો તે આશ્રમ હવે તદ્દન સુક્કો અને ઉદાસ બની ગયેલો. જે અદિતી એક જમાનામાં શાંત, ઉદાત્ત અને પ્રસન્ન જીવન જીવતી તે જ તેમની પત્ની અદિતી તદ્દન નિસ્તેજ અને ઉદાસીન બની ગયેલી. તેની આ અવસ્થા જોઈને શંકિત થયેલા કશ્યપ ઋષિએ પત્નીને પૃચ્છા કરી, તેનું કારણ પૂછ્યું. અદિતીએ જવાબ આપ્યો : 'દેવો અને અસુરો વચ્ચેના સંગ્રામમાં મારા પુત્રોનો-દેવોનો પરાજય થયો. આપણા બધાં જ પુત્રો પરાજયને કારણે અજ્ઞાતવાસમાં જતા રહ્યાં છે. આવાં સંજોગોમાં હું ઉદાસીન બનું એ સ્વાભાવિક જ ગણાય ને! મારી હવે એવી ઈચ્છા છે કે મને એક એવા પુત્રની પ્રાપ્તિ થાય જે પોતાના પરાક્રમથી અસુરોનો પરાજય કરી, દેવોને ફરી તેમનું રાજ્ય પાછું અપાવે.' આ સાંભળીને કશ્યપ ઋષિએ પત્ની અદિતીને પયોવ્રત કરવાની સલાહ આપી જેથી તેની મનોકામના પરિપૂર્ણ થઈ શકે. પયોવ્રત કેવી રીતે કરવાનું, ક્યારે કરવાનું વગેરે બાબતો ઋષિમુનિએ અદિતીને સમજાવી દીધી અને અંતે કહ્યું કે જો તે આ વ્રત શ્રદ્ધા અને ભક્તિભાવથી કરશે તો તેના ફળરૂપે તેને એક કીર્તિમાન તથા શ્રેષ્ઠ પુત્ર પ્રાપ્ત થશે. કશ્યપ ઋષિની સલાહ મુજબ

અદિતીએ પયોવ્રત કર્યું અને તેના પરિણામે અદિતીને જે પુત્રની પ્રાપ્તિ થઈ તે જ વામન અવતાર તરીકે ત્રણે લોકમાં કીર્તિ ધરાવે છે. આ વામન અવતાર પોતાની કીર્તિ અને શરીરસૌષ્ઠવથી સમગ્ર ત્રિભુવનમાં વ્યાપી ગયેલાં. આ મનોરંજક કથા પુરાણમાં સવિસ્તર અને સુરુચિપૂર્ણ રીતે વર્ણવાયેલી છે.

***

વાસુદેવશાસ્ત્રીની પત્નીએ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ઉપરોક્ત વ્રત કર્યું અને તેમને યથા સમયે પુત્રપ્રાપ્તિ થઈ પણ ખરી! નવરાત્રિના પ્રથમ શુભ દિને તારીખ ૨૬ સપ્ટેંબર ૧૯૦૮ના રોજ તાત્યાસાહેબનો જન્મ થયો. આ પુત્ર પણ અશક્ત તો હતો જ, તેમ છતાં તેની માતાને અતૂટ વિશ્વાસ હતો કે તેમનો પુત્ર દીર્ઘાયુષી અને ત્રણે લોકમાં સંપૂર્ણ દિગંત કીર્તિ સંપાદન કરનારો નિવડશે. બાલ્યાવસ્થામાં તાત્યાસાહેબને ઘણી માંદગી તો આવેલી, પરંતુ તે દરેકમાં પરિવારની અન્ય સ્ત્રીઓના સહકારથી તેમની માતાએ તેનું શ્રદ્ધા અને આત્મવિશ્વાસ સાથે સંગોપન કરેલું. માતાને પૂરો વિશ્વાસ હતો કે તેમનો પુત્ર વામન ભગવાનની જેમ દીર્ઘાયુ અને કીર્તિવાન સાબિત થશે. જેની જેવી શ્રદ્ધા તેવું તેને ફળ અવશ્ય મળે જ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે, 'यो वत् श्रद्धः स एव सः।' વાસુદેવશાસ્ત્રીના પત્નીએ કરેલું વ્રત સંપૂર્ણ સફળ નીવડ્યું એમ કહેવાય. કારણ કે વામનની જેમ તાત્યાસાહેબે પણ સર્વત્ર કીર્તિ સંપાદન કરી, અને તેઓ પણ વામન ભગવાનની જેમ ઋષિતુલ્ય બનેલા.

❁ અશક્તિમાંથી દીર્ઘાયુષની ભેટ ❁

બાલ્યાવસ્થામાં તાત્યાસાહેબ બહુ જ નબળું સ્વાસ્થ્ય ધરાવતા હતા. આ ગાળામાં તેમણે જે જે માંદગી સહન કરેલી તે બધા અંગે તેમની સ્મૃતિ તાજી રહેલી છે તેનું સમયે સમયે તેઓ વર્ણન પણ કરતા. મારી દૃષ્ટિએ આ ખરેખર આશ્ચર્યજનક બાબત છે. આને પરિણામે જ્યારે પણ તે કોઈ બિમાર બાળકને જોતા ત્યારે તેના પ્રત્યે તેમના મનમાં સહાનુભૂતિ ઉભરાતી. અમારા બંને પુત્રો જયંત અને અનંત બાળપણમાં જ્યારે માંદા પડતા ત્યારે તેમની સારવારમાં તાત્યાસાહેબ બધી રીતે જોડાતા અને તેમની દેખરેખ રાખતા. પ્રાથમિક શાળા કે માધ્યમિક શાળામાં તેઓ ભણતા ત્યારે શાળામાં લેવાતી વૈદ્યકીય તપાસમાં તે નબળા જ પૂરવાર થતા અને તેથી તપાસના અહેવાલમાં તેમના પર તરવાની બાબતમાં કે પરિશ્રમવાળી રમતો રમવાની બાબતમાં કોઈ પણ પ્રકારની બળજબરી ન કરવી એવો અભિપ્રાય નોંધવામાં આવતો. મોટી ઉંમરમાં તેઓ વારંવાર કહેતા કે હું આટલું લાંબુ જીવ્યો તે મારા માટે ખરેખર આશ્ચર્યની બાબત રહી છે.

પ્રાથમિક શિક્ષણથી જ તે અભ્યાસમાં ઝળહળવા લાગ્યા. પરીક્ષાઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ તેમને એક કે બે રૂપિયા જેટલું ઈનામ મળતું ત્યારે પણ પરિવારના

સર્વેને ખૂબ આનંદ થતો હતો. આગળ જતાં તેમને ઘણાં પારિતોષિકો અને માનસન્માન પ્રાપ્ત કરેલાં પરંતુ બાળપણમાં મળેલા પારિતોષિકોનો આનંદ અનન્ય હતો એવું તેમને લાગતું.

ઈંગ્લેન્ડમાં અભ્યાસ પૂરો કરી તાત્યાસાહેબ કોલ્હાપુર પાછા આવ્યા ત્યારે ત્યાંના લોકોએ તેમની ખૂબ પ્રશંસા અને કદર કરેલી. જુદી જુદી શિક્ષણ સંસ્થાઓએ તેમને માનપત્રો આપેલાં જેમાં રાજારામ કોલેજનો પણ સમાવેશ થતો હતો. કોલ્હાપુર નગરપાલિકાએ પણ એક ખાસ સમારંભમાં તેમને ચાંદીના કરંડકમાં મૂકી માનપત્ર અર્પણ કરેલું. (ત્યાર પછી ૩૦ વર્ષે જાણે કે ઈતિહાસની પુનરાવૃત્તિ થતી ન હોય તેમ ઈંગ્લેન્ડમાં અધ્યયન પૂરું કરીને સંપૂર્ણ કીર્તિ સાથે જ્યારે જયંત કોલ્હાપુર પાછો આવ્યો ત્યારે કોલ્હાપુર નગરપાલિકાએ એક ખાસ સમારંભનું આયોજન કરીને તેને પણ ચાંદીના કરંડકમાં મૂકીને સન્માનપત્ર અર્પણ કર્યું હતું. આ સમારંભમાં હાજરી આપવા માટે તથા જયંતનું તે રાજ્ય દ્વારા સન્માન કરવા માટે એક ખાસ પ્રતિનિધિમંડળ કોલ્હાપુર આવેલું અને તે પ્રતિનિધિમંડળે તે સમારંભમાં જયંતને ભેટરૂપે ગોવાની એક ધાતુની બનાવટની સુંદર કલાપૂર્ણ દીવી અર્પણ કરેલી, તેમાં વર્તુળાકારે એક સાથે અનેક દીપ પ્રગટાવી શકાય તેવી રચના હતી. આ દીવી અંગે ત્યાર પછી ઘટેલી ઘટનાનું બયાન હું આગળ જતાં બીજા એક સંદર્ભમાં કરવાની છું.) લોકો દ્વારા વ્યક્ત થતી આવા પ્રકારની ચાહનાને લીધે તાત્યાસાહેબનું અંતઃકરણ ગદ્‌ગદ થઈ જતું અને આવા પ્રસંગોની સ્મૃતિ વારંવાર તેમના મનમાં ઊભરાઈ આવતી.

* * *

તેમના બાળપણની એક મનોરંજક ઘટના તે ક્યારેક કહેતા. તેમની જરીની બનેલી એક કશીદાની ટોપી હતી. તે ખૂબ સુંદર લાગતી. બાળપણમાં પ્રસંગોપાત જ્યારે તાત્યાસાહેબ તે ટોપી પરિધાન કરતા ત્યારે તેમનું વ્યક્તિત્વ ખીલી ઊઠતું. એક વાર તેમના સગામાં કોઈ પરિવારમાં યજ્ઞોપવિતનો પ્રસંગ હતો. તેમાં હાજરી આપવા માતા-પિતા સાથે તેઓ કોલ્હાપુરથી સાંગલી ગયા હતાં. તત્કાલીન રિવાજ પ્રમાણે બટુકને સરઘસ આકારે દેવદર્શન માટે મંદિરે લઈ જવાની વિધિ કરવાની હતી. બટુક સજીધજીને તૈયાર થયો હતો, પરંતુ તેના માથા પર જરીની જે ટોપી હતી તે તાત્યાસાહેબના માથા પરની જરીની ટોપી સામે તદ્દન ફિક્કી લાગતી હતી. તેથી પરિવારના સભ્યોએ બાળ તાત્યાસાહેબને તેમની પોતાની ટોપી તે પ્રસંગ પૂરતી, બટુકને પહેરવા માટે તેઓ આપશે કે કેમ તેવું તાત્યાસાહેબને પૂછ્યું : 'શું તારી ટોપી પહેરવા માટે બટુકને આપીશ?' તાત્યાસાહેબે તરત જ પોતાની સંમતિ દર્શાવી અને પોતાની ટોપી આપી પણ ખરી. તે પ્રસંગે આવી ઉદારતા દાખવવા માટે બધાની પ્રશંસા મળેલી. આ ઘટના યજ્ઞોપવિતના એક પ્રસંગ દરમિયાન બનેલી.

* * *

કોલ્હાપુર વિદ્યાપીઠ અને ત્યાંની રાજારામ સ્કૂલમાં તાત્યાસાહેબ ભણેલા. મેટ્રિકની પરીક્ષામાં સારા ગુણ મેળવી પાસ થવા બદલ કોલ્હાપુરના અનેક નિવાસીઓએ તેમની પ્રશંસા કરી તેમને અભિનંદન પાઠવ્યાં હતાં. એક વાર તેમણે મને કહેલું કે મેટ્રિકના રિઝલ્ટ પછી એક વાર તેઓ શાહુ મીલ તરફના વિસ્તારમાં ફરવા નીકળેલા ત્યાં મારા પિતાશ્રી સાથે તેમનો ભેટો થયેલો. મારા પિતાશ્રીએ મેટ્રિકની પરીક્ષા ઉચ્ચ ગુણવત્તા સાથે પસાર કરવા બદલ તાત્યાસાહેબની પ્રશંસા કરી તેમને અભિનંદન આપેલાં હતાં. ત્યારે કોને ખબર હતી કે ભવિષ્યમાં અમારાં લગ્ન થવાનાં છે.

ઘણાં સ્વજનોની સલાહ મુજબ તાત્યાસાહેબને કોલેજનું શિક્ષણ મુંબઈમાં આપવાનો પરિવારના વડીલોએ નિર્ણય કરેલો. મુંબઈની કોલેજમાં દાખલ થયા પછી પહેલા જ વર્ષે ચાલીમાં રહેવાનો અનુભવ થયો. જે સગાને ત્યાં રહેવાની ગોઠવણ થયેલી તે સગા પોતાના પરિવાર સાથે મુંબઈની ચાલીમાં રહેતા હતા. આ અનુભવની પૃષ્ઠભૂમિને લીધે 'સંભૂસાંચ્યા ચાળીત' આ મરાઠી નાટક તથા પુ.લ. દેશપાંડે દ્વારા લિખિત 'બટાટયાચી ચાળ' વગેરે નાટ્યકૃતિઓ નિહાળવામાં તાત્યાસાહેબને અનેરો આનંદ મળેલો. ચાલીના નિવાસ દરમિયાન તેમને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી હતી. જગ્યા નાની પણ રહેનારાઓની સંખ્યા મોટી. આસપાસ ગંદકી ઘણી. તેની અસરરૂપે તાત્યાસાહેબને મલેરિયાનો હુમલો થયો. જે પરિવાર સાથે તે રહેતા તે પરિવારના બે સભ્યો અગાઉથી મેલેરિયાથી પીડાયેલા હતા જ. તેમની સાથે બીજાને ખબર ના પડે એ રીતે કોયદાન ખાવું પડતું. મેલેરિયાની બીમારીની વાત કોલ્હાપુર સુધી પહોંચે તો મુંબઈની કોલેજમાંથી નીકળી જઈ કોલ્હાપુર પાછા જવાનો વારો આવે, આ ડર તો ખરો જ. પરંતુ આવી વાત કેટલા દિવસ છાની રહે! ખૂબ અશક્તિને કારણે તેમને કોલ્હાપુર લઈ જવામાં આવ્યા જ્યાં તેમને સારી સારવાર મળી અને સ્વસ્થ થયા બાદ ફરી મુંબઈમાં ચાલીના જીવનની શરૂઆત થઈ.

આ બધી મુશ્કેલીઓ હોવા છતાં તાત્યાસાહેબ વાર્ષિક પરીક્ષામાં પ્રથમ ક્રમે પાસ થયાં. કોલેજના પ્રથમ વર્ષ દરમિયાન સંસ્કૃત વિષય પ્રત્યે તેમની રુચિ વિશેષ રહેલી. તેથી આગળ જતા સંસ્કૃત વિષય સાથે અનુસ્નાતક પદવી પ્રાપ્ત કરવાની મહેચ્છા તેમનામાં જાગેલી. પરંતુ કમનસીબે અથવા તો એમ કહો કે ગણિત વિષયના સદ્નસીબે, પ્રથમ વર્ષની વાર્ષિક પરીક્ષામાં સંસ્કૃત વિષયના પરીક્ષકોએ પક્ષપાતી વલણ અપનાવી તાત્યાસાહેબને ગુણવત્તામાં પ્રથમ ક્રમને બદલે બીજો ક્રમ આપ્યો. આ હકીકત સમય જતાં સાબિત પણ થયેલી. તેનાથી ગુસ્સે થઈને તાત્યાસાહેબે સંસ્કૃત શીખવાને બદલે ગણિત વિષય જ શીખવાનો નિર્ધાર કર્યો અને આગળ જતાં તે વિષયમાં અસાધારણ યશ સંપાદન કર્યો. સંસ્કૃતના પરીક્ષકોએ મૂલ્યાંકન દરમિયાન પક્ષપાત ન કર્યો હોત તો તે વિષયમાં તાત્યાસાહેબને સર્વોચ્ચ ગુણવત્તાક્રમ પ્રાપ્ત થયો હોત આ વાત નિશ્ચિત અને નિર્વિવાદ હતી. અને એમ બન્યું હોત તો આગળ જતાં સંસ્કૃત વિષયમાં તેમણે ડૉક્ટરેટની પદવી અને તેનાથી કદાચ આગળ મહામહોપાધ્યાયની

પદવી હાંસલ કરી હોત. જો કે તેની સરખામણીમાં ગણિત વિષયમાં તેમણે મેળવેલ સિદ્ધિ ચઢિયાતી સાબિત થઈ છે. તે માટે સંસ્કૃત વિષયમાં પક્ષપાત આચરનાર પેલા પરીક્ષકોને જેટલા ધન્યવાદ આપવામાં આવે તેટલા ઓછા જ ગણાશે.

* * *

કૉલેજના અભ્યાસ દરમિયાન તાત્યાસાહેબે સંસ્કૃત વિષયના અધ્યયનને ભલે તિલાંજલિ આપેલી છતાં સંસ્કૃત વિષય પ્રત્યેના તેમના લગાવમાં કે રુચિમાં જરા પણ ઓટ આવી ન હતી. સંસ્કૃત વિષયનું અધ્યયન તેઓ આજીવન કરતા રહેલાં. સંસ્કૃત વિષયને લગતી કેટલીક બાબતોમાં તેઓ સંશોધકનો અભિગમ અપનાવતા. દા.ત. સંધ્યા કરતી વેળાએ ઉચ્ચારવામાં આવતા ૨૪ નામો વિષે તેમને વર્ષો સુધી કુતુહલ રહેલું. બનારસના ઘણાં શાસ્ત્રી-પંડિતોને તેમણે આ ૨૪ નામો વિષે પૂછેલું પણ ખરું, પરંતુ તેમાંથી એક પણ વિદ્વાન તેમના પ્રશ્નો સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. આગળ જતા કાશી હિંદુ વિશ્વવિદ્યાલય હસ્તકના ઈન્ડોલોજી કૉલેજના પ્રાધ્યાપક ડૉ. અગ્રવાલે તાત્યાસાહેબની તે અંગેની શંકાઓનું સમાધાન કર્યું હતું. ડૉ. અગ્રવાલે કહ્યું, શંખ, ચક્ર, ગદા, પદ્મ આ ચાર ભગવાન વિષ્ણુના આયુધો તેમના ચાર હાથમાં કેટકેટલા પ્રકારે ગોઠવી શકાશે તેનો વિચાર કરીને ૪ x ૩ x ૨ x ૧ = ૨૪ આ ગણતરી ધ્યાનમાં લઈને વિષ્ણુ ભગવાનના આ ૨૪ નામ ગોઠવવામાં આવ્યા છે. ડૉ. અગ્રવાલે તાત્યાસાહેબને એમ પણ કહ્યું કે શંખ, ચક્ર, ગદા, પદ્મ આ ચાર આયુધો ૨૪ પ્રકાર મુજબ હાથમાં લીધેલી ૨૪ જેટલી મૂર્તિઓ રાજસ્થાન રાજ્યના પુરાણવસ્તુ સંશોધન વસ્તુ સંગ્રહાલયમાં મૂકવામાં આવેલી છે જે ઈચ્છુકોને જોવા મળી શકશે. આગળ જતા તાત્યાસાહેબ જ્યારે રાજસ્થાન જાહેર સેવા આયોગના અધ્યક્ષ બન્યા ત્યારે એક વાર અમે તે મૂર્તિઓ જોવા ગયેલા અને તેનાથી અમને ખૂબ આનંદ થયેલો - ખાસ તો એટલા માટે કે એક ગૂઢ સમસ્યાનો ઉકેલ આવી ગયો. સમયાંતરે 'સ્તોત્રરત્નાકર' પુસ્તક વાંચતા વાંચતા મને પણ એક સ્તોત્રમાં આ સમસ્યાની ગૂઢતાનો ઉકેલ વાંચવા મળેલો. ઉપરોક્ત સ્તોત્રમાં આ ૨૪ નામોના અર્થ અત્યંત સરળ ભાષામાં આપેલા છે. મેં જ્યારે આ સ્તોત્ર તાત્યાસાહેબને બતાવ્યું ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો. સાથોસાથ કાશીના પંડિતોના અજ્ઞાનથી આશ્ચર્ય પણ થયેલું.

સંધ્યામાં ઉલ્લેખિત ઉપરોક્ત ૨૪ નામોની અર્થપૂર્ણ કારણ-મીમાંસા કરવા માટે જેમણે ખૂબ શોધાશોધ કરી અને તે અંતે જેમણે તેમાં સફળતા પણ મેળવેલી તે તાત્યાસાહેબ પોતે કર્મઠતાથી કદી પણ સંધ્યા ન કરતા. આ બાબત નોંધપાત્ર છે. તેમ છતાં અમારે ત્યાં જ્યારે પણ કોઈ શાસ્ત્રીપંડિતનું આગમન થાય ત્યારે આવેલા મહેમાનોની સગવડ ખાતર ઘરમાં સંધ્યા કરવા માટેની જરૂરી બધી જ સાધનસામગ્રી તૈયાર રાખવામાં આવતી. બિહાર રાજ્યના એક જમાનાના રાજ્યપાલ માધવરાવ અણે એકવાર મહેમાન બનીને અમારે ત્યાં

રહેવા આવેલા ત્યારે તેમણે અમારા ઘરમાં સંધ્યા કરેલી. તેના માટે અમે તેમને બધી સાધનસામગ્રી પૂરી પાડેલી. તેવી જ રીતે માણસનાં જન્મથી મૃત્યુ સુધીના જે ૧૬ ધાર્મિક સંસ્કારો હિંદુ ધર્મશાસ્ત્રમાં ઉલ્લેખ કરવામાં આવે છે તે વિધિવિધાનના મહત્ત્વ અંગે તાત્યાસાહેબ બહુ સચિંત ન હતા. શ્રાદ્ધ તેમજ કર્મકાંડમાં પણ તેમને વિશ્વાસ ન હતો. તિલાંજલિ અને જલાંજલિ કરતા, જેને તૃષ્ણા લાગી છે તેને યથેચ્છ પાણી પીવડાવી તેની તૃષ્ણા સંતોષવામાં તેમની શ્રદ્ધા વધારે સજાગ હતી અને તે મુજબ તેમણે જીવનભર તેનું આચરણ પણ કરેલું.

* * *

સ્પૃશ્ય-અસ્પૃશ્ય, બ્રાહ્મણ-શુદ્ર જેવા વિચારો તથા આભડછેટ જેવા કુસંસ્કારો તેમને જરા પણ ન ગમતાં. કાશી વિદ્યાપીઠની રજાઓ પૂરી થયા પછી જે વિદ્યાર્થીઓ ભણવા માટે પાછા આવતા તેમાંથી હોસ્ટેલમાં રહેનારા કેટલાક વિદ્યાર્થીઓ એકાદ દિવસ અમારે ત્યાં રહેતા. તેમાં કોલ્હાપુરનો અસ્પૃશ્ય કોમનો એક વિદ્યાર્થી પણ હતો. તે ખૂબ હોંશિયાર હતો. તાત્યાસાહેબ તેને માર્ગદર્શન પૂરું પાડતા તથા આર્થિક સહાય પણ કરતા. આ વિદ્યાર્થી હિંદી વિષય સાથે એમ.એ. થયો. ત્યારબાદ ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદીના માર્ગદર્શન હેઠળ તેણે ડૉક્ટરેટ પદવી પણ પ્રાપ્ત કરી અને બેલગામની કોલેજમાં હિંદીનો પ્રાધ્યાપક બન્યો. ત્યાંથી હવે તે નિવૃત્ત પણ થયો છે. તેને બે પુત્રો અને એક પુત્રી છે. તેના સંતાનો એના કરતા પણ જીવનમાં વધારે ચઢિયાતાં સાબિત થયાં છે તે તેના જીવનમાં સંતોષ આપનારી ઘટના હતી. તેનાં પત્ની ડૉકટર છે અને તે પણ વૈદ્યકીય વ્યવસાયમાં ઉચ્ચ પદ ભોગવી રહી છે. ઉપરોક્ત વિદ્યાર્થીનું નામ છે ડૉ. બળવંત લક્ષ્મણ કોતમિરે.

અમારા બગીચામાં જે માણસ કામ કરતો તે પણ ચમાર જ્ઞાતિનો હતો. તેની પત્ની અમારું બધું જ ઘરકામ કરતી તેમાં વાસણ ઘસવા, ઘરની ઘંટી પર દળણું દળવું, હળદરના ગાંઠિયા દળવા, મરચાં કૂટવાં, ઘઉં-ચોખા જેવાં ધાન્યો સાફ કરવાં અને તેમાંના કાંકરા વીણવા વગેરે. આ બંને દંપતી અને તેમનાં બાળકો સ્વભાવે નમ્ર અને મીઠી વાણી બોલનાર હતાં. ચમાર જ્ઞાતિનાં આ દંપતી અમારે ત્યાં કામ કરે એ ઘણાને ન ગમતું. એક વાર અમારા પાડોશમાં રહેતા પરિવારમાં ઘરકામ કરતી એક નોકરડી, કોઈ કામ અંગે અમારે ત્યાં આવી અને તેણે જોયું કે અમારા માળીની પત્ની અમારા વાસણ ઘસતી હતી. પડોશની નોકરડીને બધી જ ખબર હોવા છતાં, માળીની પત્ની અમારે ત્યાં કામ કરતી તે જોઈને તેને જાણે કે ખૂબ આશ્ચર્ય થયું હોય એવો દેખાવ કરીને તે મને ઉદ્દેશીને બોલી, 'माताजी, आप के बर्तन चमारन मांजती है बडी बुरी बात है।' તેનો આ કટાક્ષ મેં સાંભળ્યો ખરો, પરંતુ તેના તરફ મેં જરા યે ધ્યાન આપ્યું નહિ.

* * *

ગણિત વિષય ઉપરાંત અન્ય વિષયો અને ક્ષેત્રોમાં તાત્યાસાહેબે જે સંશોધનવૃત્તિ ધરાવતા હતા તેનું એક વધારાનું ઉદાહરણ : એક વખત તાત્યાસાહેબે હિબ્બર્ટ જર્નલમાં એક અમેરિકન વિદ્વાને બૌદ્ધ ધર્મ વિષે આપેલા વ્યાખ્યાનનો અહેવાલ વાંચ્યો. તેમાં અંગ્રેજી પદ્યનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેના તરફ તાત્યાસાહેબ ખૂબ આકર્ષાયા. ઉપરોક્ત પદ્ય પાલી ભાષાના કોઈ શ્લોકનું અંગ્રેજી ભાષાંતર હોવું જોઈએ તેવી તાત્યાસાહેબને ખાતરી થઈ. પણ તેનો કોઈ ઉલ્લેખ તે લખાણમાં કોઈ પણ જગ્યાએ કરવામાં આવ્યો ન હતો. ઉપરોક્ત પદ્યમાં જે કલ્પના હતી તે ખૂબ જ સુંદર હતી. તેના અંગ્રેજી ભાષાતરમાં પણ અત્યંક આકર્ષક શબ્દ રચના વાપરેલી. તે પદ્યનો મૂળ તાગ મેળવવા તાત્યાસાહેબે પાલી ગ્રંથ જોવાની શરૂઆત કરી. કાશી વિશ્વવિદ્યાલયના પાલી ભાષાના પ્રાધ્યાપકને પણ તેમણે આ અંગે પૂછ્યું, છતાં તેનો પત્તો જ ન મળ્યો. સતત બે-ત્રણ વર્ષ સુધી તાત્યાસાહેબ સમયની અનુકૂળતા મુજબ તેની પાછળ પડ્યા રહ્યા અને છેવટે તેમાં સફળતા મેળવી પણ ખરી. પાલી ભાષાનો મૂળ શ્લોક મળી આવવાથી ખૂબ આનંદ થયો. તે માટે તેમણે જે પરિશ્રમ કર્યો તેનું ફળ તેમને મળ્યું. ઉકેલ મેળવવા સુધી તેમણે તેની શોધ ચાલુ જ રાખી એની મને ખાતરી હતી. મૂળ પાલી ભાષાનો ઉપરોક્ત શ્લોક અને તેનો અંગ્રેજી અનુવાદ નીચે મુજબ :

મૂળ શ્લોક :

हित्वा अहं ब्राह्मण दारुदाहम् ।
अज्झनमेव जलयामि ज्योतिम् ॥
निच्चाग्निको निच्च समाहितात्मा ।
अर्हन् अहं ब्रह्मचर्यं चरामि ।

હિબ્બર્ટ જર્નલમાં આપેલો અંગ્રેજી અનુવાદ :

'I lay no wood O Brahmin for fire on altars
Within me bumeth the fire that I cherish
Ever fire burner I, all tense and ardent
Seek I to work out a life more worthy.'

દરેક ઘટના કે વસ્તુ સાથે કોઈને કોઈ મૂલ્યવાન લાગણીઓ સંકળાયેલી હોય છે. આવી લાગણીઓને લીધે સંબંધિત ઘટના કે વસ્તુ વધુ મૂલ્યવાન બનતી હોય છે. પાલી ભાષાનો ઉપરોક્ત શ્લોક અને તેના અનુવાદ અંગે તાત્યાસાહેબના મનમાં આવા જ ભાવ નિર્માણ થયેલાં. આ બધાનો મેં જાતે અનુભવ લીધો હોવાથી મારા મનમાં પણ તે મૂળ શ્લોક અને તેના અંગ્રેજી અનુવાદ વિષે અહોભાવ નિર્માણ થયેલો.

❁ રોજિંદુ જીવન ❁

વિચાર, આચાર અને બોલીની પવિત્રતા આ તાત્યાસાહેબના જીવનવિશેષની શાશ્વત લાક્ષણિકતા હતી. પરિણામે તે જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં અને ઘરમાં પણ એક પ્રકારના પવિત્ર વાતાવરણની અનુભૂતિ થતી. તે ઋષિતુલ્ય છે એમ જે કહેવાતું તે સો ટકા સાચું હતું. બનારસના અમારા વસવાટ દરમિયાન એક વાર અમારે ત્યાં એક વિદ્વાન શાસ્ત્રીજી આવેલા. તેમણે પોતાનું વાહન અમારા નિવાસથી દૂર ઊભું રાખ્યું અને ત્યાંથી તેઓ પગે ચાલીને અમારા નિવાસ સુધી આવ્યા. અકસ્માતે હું પ્રવેશદ્વારમાં જ ઊભી હતી. મેં તેમને પૂછ્યું, ‘આપે આમ કેમ કર્યું?’ જવાબમાં તેમણે કહ્યું, ‘विनीतवेषण प्रवेष्टन्यानि तपोवनानी नामा’ નારળીકરનું નિવાસસ્થાન અમારા માટે તપોવન જેવું જ લાગે છે.’ અમારા અજમેરના વસવાટ દરમિયાન એક-બે વાર વિખ્યાત મરાઠી સાહિત્યકાર શ્રી ગો.ની. દાંડેકર અમારે ત્યાં મળવા અને ભોજન લેવા આવેલા. મહારાષ્ટ્ર પાછા ગયા પછી તેમણે અમને ઉદ્દેશીને જે પત્ર લખ્યો હતો તેમાં તેમણે ઉમેરેલું, ‘તમારે ત્યાં હું રહ્યો તે દરમિયાન હું જાણે કે કોઈ ઋષિના આશ્રમમાં નિવાસ કરતો હોઉં એવું મને લાગેલું. તેવી જ રીતે તમારા ઘરમાં મને જે ભોજન પીરસેલું તે શુદ્ધ, સાત્ત્વિક અને સૌંદર્યસભર કલાકૃતિ જેવું જ હતું. તેમના દ્વારા મને અસ્સલ, અભિજાત મરાઠી સંસ્કૃતિના દર્શન થયા હતા.’ આવા જ પ્રકારના કંઈક વિચારો સંસ્કૃતના વયોવૃદ્ધ પંડિત પ્રાધ્યાપક વેલણકરે સ્વાનુભવના આધારે અમારા પરિવારના વાતાવરણ વિષે વ્યક્ત કરેલા. એક વાર હિંદીની એક લેખિકા તેના પુસ્તક માટે મારી પ્રસ્તાવના લખાવવા માટે અમારે ત્યાં આવેલી. અમારા બે વચ્ચે જ વાર્તાલાપ ચાલેલો. પાછા જતી વખતે તે બોલી, ‘તમારા ઘરની મુલાકાત દરમિયાન જાણે કે કોઈ આશ્રમની મેં મુલાકાત લીધી હોય તેવું મને લાગ્યું!’

તાત્યાસાહેબ ‘ઋષિતુલ્ય’ હતા એટલે શું? એ સંબોધનનો ભાવાર્થ શો હતો? તેમના અવસાન બાદ જેટલા લોકોએ અમને દિલાસો આપવા પત્રો લખેલાં તેમાંથી ૯૦% લોકોએ તેમને ઋષિતુલ્ય અથવા તેવા જ કોઈ સંબોધન દ્વારા તાત્યાસાહેબનો ઉલ્લેખ કર્યો હતો. છતાં તે રૂઢિચુસ્ત કે કર્મકાંડી ઋષિ તો નહોતા જ. બધા જ ધર્મોના દોહનમાંથી તેમાંથી જે સર્વસામાન્ય નિયમો તારવી શકાય તે નિયમોનું તાત્યાસાહેબે પોતાના જીવનવ્યવહારમાં પાલન કરેલું. દા.ત. સત્ય, કરુણા, અહિંસા, જરૂરતમંદને યથાશક્તિ સહાય કરવી વગેરે બાબતો તેમને ગમતી. સત્કર્મ કરીને તથા પરમેશ્વરનું સ્મરણ કરીને પોતે માનસિક શાંતિ પ્રાપ્ત કરવી તથા બીજાઓને તે દિશામાં વિચારતા કરવા એ બાબતો પર તાત્યાસાહેબ ભાર મૂકતા. કર્મઠ વિધિ કે કર્મકાંડ મુજબ પૂજા કરવાની બાબતમાં સમય પસાર કરવામાં તેમને વિશ્વાસ ન હતો. આવી ઔપચારિકતાઓને તે જરા પણ મહત્ત્વ ન આપતા.

॥ परा – पूजा ॥

पूर्णस्वावाहनं कुत्र सर्वाधारस्य चासनम् ।
स्वच्छस्य पाद्यमर्घ्यं च शुद्धस्वाचमनं कुतः ॥ १ ॥
निर्मलस्य कुतः स्नानं वस्त्रं विश्वोदरस्य च ।
निर्लेपस्य कुतो गंधो रम्यस्याभरणं कुतः ॥ २ ॥
निरालंबस्योपवितं पुष्पं निर्वासनस्य च ।
नित्यतृप्तस्य नैवेद्यस्तांबूलं च कुतो विभोः ॥ ३ ॥
प्रदक्षिणा हानंतस्य अद्धयस्व कुतो नतिः ।
वेदवाक्येः अवेद्यस्य कुतः स्तोत्रं विधीयते ॥ ४ ॥
स्वयंप्रकाशमानस्य कुतो नीराजनं विभो : ।
अन्तर्बहिश्च पूर्णस्य कथमुद्धासनं भवेत् ॥ ५ ॥
एकमेव परापूजा सर्वावस्थासु सर्वदा ।
एक बुद्धया तु देवशे विधेया ब्रह्मवित्तमैः ॥ ६ ॥

આદ્ય શ્રી શંકરાચાર્ય રચિત પરા-પૂજા નામક સ્રોત તે આ જ. સર્વાધાર સર્વવ્યાપી છે, તો તેને તમે કોઈ એક આસન પર કેવી રીતે બેસાડશો□ ઈશ્વર સર્વાધાર છે તો તમે તેને આસન, પાદ્ય, અર્ધ્ય કેવી રીતે આપશો□ ઈશ્વર નિત્યતૃપ્ત જ છે તો પછી તેને નૈવેદ્ય, તાંબુલ ઈત્યાદિની શી જરૂર□ ઈશ્વર નિર્મળ છે તો તેને સ્નાન શા માટે કરાવવું□ ઈશ્વર વિશ્વોદર છે તો તેને વસ્ત્ર કેવી રીતે પહેરાવશો□ અદ્વયને તમે નમસ્કાર કેવી રીતે કરશો□ વગેરે સમસ્યા આદ્ય શંકરાચાર્યે ઉપરના સ્રોતમાં પ્રસ્તુત કરી છે. આ મજાના સ્રોતમાં જે વિચારો વ્યક્ત કરવામાં આવ્યા છે તે વિચારો સાથે તાત્યાસાહેબ પૂરા સહમત હતાં.

નાનપણમાં ધર્મના પવિત્ર અને સુસંસ્કૃત વાતાવરણમાં તાત્યાસાહેબ ઉછરેલા અને તેથી તેમને તેની ટેવ પડી ગયેલી. એનું કારણ એ હતું કે તેમના પિતા એક વિદ્વાન શાસ્ત્રી હતા. ભાગવત પુરાણ પર તેઓ નિયમિત પ્રવચનો આપતા. તેની પ્રશંસા વિદ્વાનો દ્વારા તથા અન્ય સામાન્ય શ્રોતાઓ દ્વારા થતી હતી. હું નાની હતી ત્યારે મારા પિયરમાં એક કામવાળી હતી. તે ઘણી વૃદ્ધ હતી. તે કાયમ શાસ્ત્રીજીના પ્રવચનોના વખાણ કરતી અને હંમેશ કહેતી, 'काय त्या बाबा चं सांगणं ! लड लई ग्वाड !' (તે કેવું સુંદર પ્રવચન કરે છે. બહુ જ મીઠું.) ડૉ. માધવ દામોદર આળતેકરે પણ તેમના એક ગ્રંથમાં શાસ્ત્રીજી વિષે પ્રશંસાપૂર્ણ લખાણ લખ્યું છે.

પરંતુ સૌથી આશ્ચર્યની બિના એ છે કે વાસુદેવશાસ્ત્રી, તેમના પુત્ર તાત્યાસાહેબ અને પૌત્ર જયંત આ ત્રણે જણાં પ્રસંગવશાત્ મહાત્મા ગાંધીજીની જેમ ભયંકર કોપાયમાન થતાં તેનો મને જાત અનુભવ છે. અમારું ગોત્ર જામદગ્ન્ય હોવાથી કદાચ આ તેનો ગુણ હોય પણ ખરો!

ક્રોધ અંગે ભાગવતમાં પણ આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું છે. કોપાયમાન થઈને મદનને ભસ્મ કરનારા શંકર ભગવાનને તેમાં એક જોરદાર ટોણો મારવામાં આવ્યો છે. કામવિકારને ભસ્મ કરનારા આ મહાનુભાવ ક્રોધને કેમ ભસ્મ કરી શકતા નથી□

कामं दहन्ति कृतिनो ननु रोषदृष्ठया ।

रोपं दहन्तमुत ते न दहन्त्यसहृयम् ॥

અમારા લગ્ન થયા પછી તાત્યાસાહેબે એક વાર મને કહેલું : 'બનારસના મારા નિવાસ પર કામ કરવા માટે નોકર રાખેલા છે. તેમને હું ખૂબ પ્રેમ કરું છું, છતાં ક્યારેક ક્યારેક તેમના પર ગુસ્સે પણ થાઉં છું. આ બાબત અંગે તમારે ગભરાવવાની જરા પણ જરૂર નથી. તમારા પર હું ક્યારેક ગુસ્સો કરું તો તે માટે તમારે ઉદાસ થવાની જરૂર નથી. આપણે બંને જીવનમાં એકરૂપ થવાનું ધ્યેય રાખીશું.'

તેવી જ રીતે અમારા લગ્ન નક્કી થયા પછી એક દિવસ પરિવારના બધા માણસો ભેગા થયેલા અને આપસ આપસમાં ગપાટા મારતા હતા. તે દરમિયાન ઈરાદાપૂર્વક નહિ પરંતુ સહજતાથી જ તાત્યાસાહેબે મારા તરફ જોઈને મને દેખાય તે રીતે પોતાના માથા પરથી કાળી ટોપી ઉતારી - હેતુ એ કે યુવાન ઉંમરમાં પણ મારા માથા પર ટાલ છે તેની ખબર પહેલાથી જ પોતાની ભાવિ પત્નીએ થાય તો સારું. તેમનો આમ કરવા પાછળનો હેતુ મારા ધ્યાનમાં આવી ગયો. મને ક્ષોભ થવાને બદલે મજા પડી, કેમ કે મારી પણ એક પ્રામાણિક સમજ હતી કે ટાલ ધરાવતો માણસ અક્કલબાજ હોય છે. આપણે જાણીએ છીએ કે ઘણાં વિદ્વાનોના માથા પર ટાલ હોય છે. આગળ જતાં ઘણાં વર્ષો પછી તાત્યાસાહેબની હાઈસ્કૂલની શતાબ્દીની ઊજવણી પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન મહોત્સવના મુખ્ય મહેમાન તરીકે કોલ્હાપુર પધારેલા અને શાંલિની પેલેસમાં તેમના નિવાસની વ્યવસ્થા કરવામાં આવેલી. તે વખતની તેમની સાથેની એક મુલાકાત દરમિયાન ડૉ. રાધાકૃષ્ણને મને પૂછેલું કે નારળીકરને ક્યારથી ટાલ પડી છે□તેના જવાબમાં મેં તેમને ઉપરોક્ત અનુભવનું બયાન કરેલું.

* * *

પોતાના માથા પરની ટાલ ખોલીને બતાવી ઉજાગર કરતાં મને તે સમયે તેમના સ્વભાવમાં રહેલી સરળતા તથા તેમની નિર્વ્યાજ મોટાઈના મને દર્શન થયેલા. તેમના આવા સ્વભાવનો બીજો એક નમૂનો : તાત્યાસાહેબના પ્રથમ પત્ની લગ્ન થયા પછી થોડા જ સમયમાં જીવલેણ બીમારીના ભોગ બનેલાં. તેઓ મુંબઈના એક પ્રતિષ્ઠિત પરિવારની દીકરી હતાં. ત્યાર બાદ મારી સાથેના લગ્નની વાટાઘાટો ચાલતી હતી તે દરમિયાન એક વખત તાત્યાસાહેબે મારા પિતાને કહ્યું કે મારા પ્રથમ પત્નીના સગા નામે દેસાઈ છે જે ઈજનેર હતા, રેલવે સ્ટેશનની પડખે રહે છે. તેમને મળી મારા વર્તન, સ્વભાવ કે ઈતર બાબતો અંગે તપાસ કરી શકો છો. તાત્યાસાહેબના આ સૂચન મુજબ મારા પિતાશ્રી પેલા દેસાઈ

ઈજનેરને મળ્યા, તાત્યાસાહેબ વિષે જરૂરી પૂછપરછ કરી અને તેમને મળેલી માહિતી અને અભિપ્રાયથી અમારા લગ્નની દરખાસ્ત વિષે વધુ નિશ્ચિત બનેલાં.

અમારા લગ્ન તદ્દન સાદાઈથી નરસોબાની વાડી ખાતે સંપન્ન થયેલાં. દહેજ અને તત્સમ વ્યવહારિક બાબતો અંગે જમાઈરાજ તાત્યાસાહેબની કોઈ પણ પ્રકારની માંગણી કે શરતો ન હતી. મારા પિતાશ્રીએ લગ્ન પ્રસંગે એક આલીશાન ભોજન સમારંભનું આયોજન કરેલું હતું. તે જોઈને મારા પિતાને, તાત્યાસાહેબ આટલો બધો ખર્ચ કરવા માટે એક મીઠો 'ઠપકો' આપવાનું ચૂક્યા નહિ. લગ્નની પગંત દરમિયાન તે જમાનાના રિવાજ પ્રમાણે મારા મારા પતિનું નામ જાહેરમાં ઉચ્ચારવાનું હતું. તેને મરાઠી ભાષામાં 'ઉખાણો' કહેવામાં આવે છે. લોકાગ્રહને માન આપવાના હેતુથી મેં અગાઉથી જ પદ્યસ્વરૂપે એક ઉખાણો તૈયાર રાખેલો. તે નીચે મુજબ હતો :

हो भाग्यशाली असि मायबोली ।
वाटे भला आज फळास आली ॥
म्हणून विद्धद्धर भूषणा या ।
मिले वराया भज विष्णुराया ॥

આ ઉખાણો સાંભળીને વિષ્ણુરાયા (તાત્યાસાહેબ) સહ પંગત માણી રહેલા અનેક ઉપસ્થિત વિદ્વાનો ખુશ થયા. તેનું એક કારણ એ પણ હતું કે અમારા લગ્ન થાય એવી ઝંખના સેવનારા અમને ઓળખતા અનેક સજ્જનો એ પંગતમાં હતા.

પંડિત સાતવળેકરજીએ અમારા લગ્ન અંગે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરવા માટે વેદોક્ત આશીર્વાદ પાઠવેલા. તેવી જ રીતે પંડિત માલવિયાજીએ પણ એક શુભકામના સંદેશ દ્વારા પોતાની પ્રસન્નતા વ્યક્ત કરેલી. તાત્યાસાહેબના ચાહકોમાં માલવિયાજી મોખરાની હરોળમાં હતાં. લગ્ન સમારંભ પતી ગયા પછી અમે બંને જ્યારે બનારસ ગયા ત્યારે તેમણે અમારા નિવાસની ખાસ મુલાકાત લીધી, અમને આશીર્વચન આપ્યા અને એ રીતે અમારા ગૃહસ્થાશ્રમની શુભ શરૂઆત થઈ હતી. માલવીયાજીએ સૂચક શબ્દો દ્વારા અમને ઉદ્દેશીને કહ્યું : 'મહાકવિ કાલીદાસે રઘુવંશમાં કૌત્સની કથામાં ગૃહસ્થાશ્રમને સર્વોપકારક્ષમ આશ્રમ તરીકે સંબોધ્યો છે' સર્વ પ્રાણી-માત્ર પર ઉપકાર કરવા અંગેની આ સૂચનાઓ નારળીકરે પોતાના ગૃહસ્થાશ્રમમાં ડગલે ને પગલે અમલ કર્યો છે.

ગરજમંદ કોણ નથી□કોઈને કઈ અને કેટલી સહાય કરવાથી તે વ્યક્તિનું સાચું કલ્યાણ થશે તેનો સારાસાર વિવેક કરી તાત્યાસાહેબ ગરજમંદોને ઉત્સાહપૂર્વક મદદ પૂરી પાડતા. અન્નછત્ર પર જીવનારા ઘણાં વિદ્યાર્થીઓ નોટબુક્સ અને પુસ્તકો ખરીદવા માટે દર મહિને અમારી સહાય પર આધાર રાખતા. તેમાંના કેટલાકે તો જુદા જુદા વ્યવસાયમાં મોટા મોટા પદ શોભાવ્યાં છે એ અમે સહર્ષ જોયું છે.

❀ રાજા કેળકર સંગ્રહાલયમાં બનેલી ઘટના ❀

એક દિવસ અમે કેળકર સંગ્રહાલયની મુલાકાતે ગયેલાં. વ્યવસ્થાપક અમને સંગ્રહાલયના જુદા જુદા વિભાગો બતાવતો હતો. બધે ફરતા ફરતા એક ઠેકાણે જયંતનો ફોટો અમને દેખાયો. મારા મોંઢેથી એકાએક સાશ્ચર્ય શબ્દો સરી પડ્યા : 'અરે! આ તો અમારા જયંતનો ફોટો.' આ શબ્દો સાંભળી પેલા યુવાન વ્યવસ્થાપકને અચંબો થયો. તેણે મને પૂછ્યુ : 'તમે જયંતની મા છો ?' મેં હા પાડી. તો તરત જ તેણે મારા ચરણસ્પર્શ કર્યો અને બોલ્યો : 'કેટલા વર્ષો વીતી ગયા પછી આજે તમારા દર્શન થયાં છે. હું બનારસ ભણતો હતો ત્યારે અન્નછત્રમાં જમનારા વિદ્યાર્થીઓમાંનો હું પણ એક વિદ્યાર્થી હતો. તમારા પરિવાર તરફથી મને કપડાં, પુસ્તકો, નોટબુક્સ ઈત્યાદિ ખરીદવા માટે આર્થિક સહાય મળતી હતી. મારી પરીક્ષાની ફી પણ તમે જ ભરી હતી. તમારી સહાયને કારણે હું સંસ્કૃત વિષયમાં એમ.એ. થયો અને મને અહીં નોકરી પણ મળી. હું કેળકરનો જમાઈ છું. આજે તમારા દર્શન થયા એ મારું અહોભાગ્ય છે.'

બનારસમાં અમારા નિવાસે રસોઈ કરનારો પણ એક પછી એક પરીક્ષાઓ આપતો ગયો, અને હાલ કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં ઊંચા પદે વિરાજમાન છે.

❀ વિદ્યાર્થી અને અભ્યાસીઓની દેખભાળ ❀

કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં જ્યાં સુધી તાત્યાસાહેબ રહેલા ત્યાં સુધી તેઓ રોજ સવારે ફરવા નીકળતા અને છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓની પૂછપરછ કરતા. વિદ્યાર્થીઓને જરૂરી સગવડો અને સુવિધાઓ પૂરી પાડવામાં આવે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા. તે વિદ્યાર્થીઓમાં તેમને શિસ્તનો અભાવ દેખાતો તે વિદ્યાર્થીઓને તેઓ ગેરશિસ્ત વર્તન પરાવૃત્ત કરતા. માંદા પડેલા વિદ્યાર્થીઓની સારવાર માટે તેમને યુનિવર્સિટીના દવાખાનામાં ભરતી કરવાની વ્યવસ્થા કરતા. માંદગીમાંથી બહાર આવેલા વિદ્યાર્થીઓને જરૂર જણાય તો અમારા નિવાસ પર રાખવામાં આવતા. તેના પાલક આવે નહિ ત્યાં સુધી અમે જ આવા વિદ્યાર્થીઓના પાલક બની જતા.

તે જમાનામાં વિશ્વવિદ્યાલયમાં અતિથિગૃહની સગવડ નહોતી. તેથી બહારગામથી કાશી આવતા પરીક્ષકો, વિશેષજ્ઞો અને કેટલાક કિસ્સાઓમાં પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓ પણ, અમારા જેવા વિશ્વવિદ્યાલયી પ્રોફેસરોના નિવાસ પર રોકાતા. માલવિયજીએ આપેલી સૂચના મુજબ અમારો ગૃહસ્થાશ્રમ સર્વોપકારક્ષમ બની ગયો હતો.

વૃદ્ધાવસ્થાને લીધે પંડિત મદનમોહન માલવિયા કામનો બોજ ઉપાડી ન શકાવાને કારણે તેમણે તેમની કુલપતિ પદની જવાબદારી ડૉક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણનને સોંપવાનું નક્કી કર્યું. માલવિયાજીની ઈચ્છાને માન આપવા ખાતર ડૉ. રાધાકૃષ્ણને કુલપતિ પદનો સ્વીકાર કર્યો. ત્યારે માલવિયાજીએ તેમને કહેલું કે કુલપતિ પદની જવાબદારી અદા કરતી

વેળા કોઈ મુશ્કેલી પડે તો એવા સંજોગોના નિરાકરણ માટે તેમણે ડૉ. એ.બી.મિશ્રા અને ડૉ. નારળીકરની સલાહ લેવી.

ડૉ. રાધાકૃષ્ણન સારા એવા પ્રમાણમાં તાત્યાસાહેબની સલાહ લેતા. પરિણામે વારંવાર અને ક્યારેક તો કવેળાએ પણ તાત્યાસાહેબને કુલપતિનું તેડું આવતું. આવા સમયે તાત્યાસાહેબ પોતાનું કામ બાજુએ મૂકી કુલપતિને મળવા દોડી જતા. તે અરસામાં અમારા બંને પુત્રો જયંત અને અનંત ૫-૬ વર્ષની ઉંમરના હશે. તે બંને બાળકોને તાત્યાસાહેબ સાથે અને તાત્યાસાહેબને પોતાના બંને પુત્રો સાથે રમવાનું ખૂબ ગમતું. તેમની વચ્ચે રમત ચાલતી હોય ત્યારે પણ કેટલીક વાર તાત્યાસાહેબને તેડું આવતું અને આવા ટાણે તાત્યાસાહેબને રમત અધવચ્ચે છોડીને જવું પડતું. સ્વાભાવિક જ બાળકોને આ ન ગમતું અને તે રોષે ભરાતા. એક વાર તો રોષે ભરાયેલા બંને બાળકો બોલ્યા કે આ રીતે વારંવાર તેડું મોકલવાને બદલે અને અમારી રમતોમાં વિક્ષેપ ઊભા કરવાને બદલે કુલપતિએ પોતાના પદનું રાજીનામું આપી દેવું જોઈએ. બાળકોનું આ અકલ્પિત વિધાન સાંભળીને મને તો આશ્ચર્ય થયું. થોડી ક્ષણો માટે તેના પર વિચાર કર્યા પછી આ બાલઉદ્ગારોની કારણમીમાંસા મારા ધ્યાનમાં આવી. ખરી હકીકત એ હતી કે તે અરસામાં ઉત્તર પ્રદેશમાં પ્રાંતીયતા જોર પકડવા લાગેલી. માલવિયાજીની પોતાની ઈચ્છા એ હતી કે તેમણે ઊભું કરેલું આ વિશ્વવિદ્યાલય ખરા અર્થમાં રાષ્ટ્રીય વિદ્યાલય થવું જોઈએ. તેમની આ ઈચ્છા કે તેમના આ ધ્યેયમાંથી પ્રેરણા મેળવીને માલવિયાજીએ ભારતના દરેક પ્રાંતમાંથી વિદ્વાનો ભેગા કરીને પોતાના વિશ્વવિદ્યાલયને અલંકૃત કરેલું. તે દ્વારા કાશી વિશ્વવિદ્યાલયની યોગ્યતા અને પ્રતિષ્ઠામાં ઉમેરો કર્યો હતો.

પરંતુ માલવિયાજીની આ નીતિ ઉત્તર પ્રદેશના બહુજન સમાજને પસંદ ન હતી. મહામના માલવિયાજીએ પોતાની જગ્યા પર ઉત્તર પ્રદેશની કોઈ વ્યક્તિની નિમણૂંક કરવાને બદલે પરપ્રાંતના ડૉ. રાધાકૃષ્ણનની વરણી કરી. માલવિયાજીનું આ પગલું ઘણાંને ગમ્યું ન હતું. તેથી ક્રમે ક્રમે ડૉ. રાધાકૃષ્ણન્ સામે વિરોધ થવા લાગ્યો. તેમણે સ્વેચ્છાએ પોતાના પદનો ત્યાગ કરવો જોઈએ એવા સૂર પણ બધેથી સંભળાવા લાગેલા. તેના પડઘા છેક બાળકોની નિશાળો સુધી પહોંચેલા. અને તેથી જ જયંત-અનંતના મોંઢેથી તે દિવસે તેવા ઉદ્ગારો કે કુલપતિએ પોતાના પદનું રાજીનામું ધરી દેવું જોઈએ, નીકળ્યા હતા. નાના બાળકો તો તેમના કાન જે સાંભળે તે જ બોલવાના, ને કરવાના.

મહામના માલવિયાજીએ ગણિત વિષયના વડા તરીકે તાત્યાસાહેબની નિમણૂંક કરી. તે સમયે તેમની ઉંમર માત્ર ૨૪ વર્ષની હતી. તાત્યાસાહેબના કેટલાક વિદ્યાર્થીઓની ઉંમર પણ તેમની આ ઉંમર કરતા વધારે હતી. યુનિવર્સિટીની વહીવટી અને શૈક્ષણિક બાબતોની ઘણી સમિતિઓ પર માલવિયાજી એક પછી એક તાત્યાસાહેબની વરણી કરતા, તેને કારણે તેમના નામનો ડંકો સર્વત્ર વાગવા લાગ્યો. તેમ છતાં તાત્યાસાહેબે પોતે કોઈ

પણ પદ પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવી ન હતી. તે માટે તેમણે કદી પણ કોઈ પણ પ્રકારના પ્રયાસ ન હતા કર્યા. આપમેળે પ્રાપ્ત થયેલા પદો પર નિષ્ઠાથી અને નિરપેક્ષભાવે તેમણે કામ કરેલા. તેમના પ્રત્યે મત્સર ધરાવનારા લોકો વિશ્વવિદ્યાલયમાં હતા જ, છતાં તેમના વિષે પરમ આદરની ભાવના કે લાગણી ધરાવનારાઓની સંખ્યા ખૂબ મોટી હતી. અસીમ વિદ્વતા, યોગ્યતા, સદ્‌વર્તન, સ્વાભિમાન, નિરપેક્ષતા જેવા અનેક ગુણોથી અંકિત હોવાથી વિશ્વવિદ્યાલયના ઊંચા પદો પર ઉત્તરોત્તર તેમની વરણી ઝડપભેર થવા લાગી. અને તેમના ભાગે જે કોઈ કામ આવ્યું તે દરેક કામ તેમણે ઉત્તમ પ્રકારે કરી બતાવ્યું. કુલપતિ તરીકે નીમાયેલા, અને બધી જ મહત્ત્વની બાબતો અંગે તાત્યાસાહેબની અવારનવાર સલાહ લેનારા તેમાં ત્રણ સર્વોત્તમ કુલપતિઓ - માલવિયાજી, રાધાકૃષ્ણન્ અને આચાર્ય નરેન્દ્રદેવનો ખાસ સમાવેશ થતો હતો. વિશ્વવિદ્યાલયના કામોમાં વ્યસ્તતાને લીધે તાત્યાસાહેબને સ્વાભાવિક રીતે જ પરિવારના કામકાજમાં ધ્યાન આપવા સમય ન જ મળતો. તેમ છતાં વહેલી પરોઢથી મોડી રાતે સૂતા સુધીની તેમની ગૃહજીવનની દિનચર્યા વિચારપૂર્વક ગોઠવાયેલી રહેતી. તેમની ઈચ્છા મુજબ વહેલી સવારે હું નિયમિત રીતે સંસ્કૃત સ્રોતો, ક્યારેક સંસ્કૃત મહાકાવ્યોમાંથી ઉદાત્ત પ્રસંગો, ગાંધર્વ વિદ્યાલયમાં મેં શીખેલા કર્ણપ્રિય ગીતો, સંત તુકારામની 'અભંગ' નામથી ઓળખાતી રચનાઓ ઈત્યાદિમાંથી કેટલીક કૃતિઓના પાઠ કરતી, જે તેમને ખૂબ ગમતું. એટલું જ નહિ પરંતુ તેને લીધે બાળકોના મન પર તેનું સારું પ્રતિબિંબ પડશે એવો તેમનો દૃઢ વિશ્વાસ હતો.

પરોઢિયાના ઉપર્યુક્ત કાર્યક્રમો સંપન્ન થયા પછી તાત્યાસાહેબ એકલા જ અગાશી પર જતાં અને ત્યાંના એકાન્તવાસમાં ચિંતન કરતા. તેમની આ ટેવમાં તેમને જરા પણ ખલેલ પહોંચાડવાનું તેમને ન ગમતું. ચિંતન એ સંપૂર્ણ એકાંતમાં થઈ શકે છે એવી તેમની દૃઢ માન્યતા હતી. તેથી તેમના એકાન્ત ચિંતનમાં જરા પણ વિઘ્ન દાખલ ન થાય તેની અમે તકેદારી રાખતા. ત્યારબાદ સવારના ૧૦ વાગ્યે ન્હા-પાણી કરીને તાત્યાસાહેબ ફરવા જતાં.

વિદ્યાર્થીઓની જુદી જુદી સંસ્થાઓ કે સંગઠનો તરફથી તાત્યાસાહેબને વ્યાખ્યાન આપવા માટેના આમંત્રણ મળતા. તેમના વ્યાખ્યાનો ખૂબ રંગ જમાવતા અને તેથી શ્રોતાઓને તે ગમતા પણ ખરા. તેનું મુખ્ય કારણ એ હતું કે તેમનું પ્રત્યેક વ્યાખ્યાન વિદ્વતાપૂર્ણ અને સંપૂર્ણ તૈયારી સાથે જ રજૂ થતું અને તેમાંથી આપણા જીવન માટે કોઈ ને કોઈ બોધપાઠ અવશ્ય મળશે એવી શ્રોતાઓને શ્રદ્ધા રહેતી. મને પણ મહારાષ્ટ્ર મંડળમાં, અથવા ગણેશોત્સવ પ્રસંગે કે મહિલા મહાવિદ્યાલયમાં વ્યાખ્યાન આપવા માટે આમંત્રણ મળતા. આવા પ્રસંગે વ્યાખ્યાન માટેની પૂર્વતૈયારી કરવાના હેતુથી તાત્યાસાહેબ મને જરૂરી પુસ્તકો પૂરા પાડતા. એક વાર મારે સરોજિની નાયડુના જીવન પર બોલવાનું હતું. ત્યારે તેમણે શહેરના ઘણાં બધા પુસ્તક વિક્રેતાઓની દુકાનોમાં શોધ કરી, સરોજિની નાયડુ વિષે એક પુસ્તક ખરીદ કર્યું અને તે મને આપ્યું.

ડૉ. રાધાકૃષ્ણન અને તાત્યાસાહેબ વચ્ચેની ગાઢ મિત્રતા માટે પણ તાત્યાસાહેબનું એક વ્યાખ્યાન કારણરૂપ બનેલું. આ વ્યાખ્યાન તેમણે પૂર્ણ તૈયારી કરીને આપેલું હોવાથી તે ખૂબ સરસ નિવડેલું. શીખધર્મી વિદ્યાર્થીઓના એક સમૂહની સભામાં તેઓ બોલી રહેલા. તે જ વખતે કુલપતિ તરીકે નવા વરાયેલા ડૉ. રાધાકૃષ્ણન્ ત્યાંથી પસાર થતા હતા. ડૉ. રાધાકૃષ્ણન તાત્યાસાહેબને ખબર ન પડે એ રીતે દૂર ઉભા રહીને તેમનું સંપૂર્ણ વ્યાખ્યાન સાંભળ્યું અને તેનાથી ડૉ. રાધાકૃષ્ણન્ ખૂબ જ પ્રભાવિત થયેલા. વ્યાખ્યાન બાદ બંને સાથે ફરવા ગયા અને પ્રસન્ન વાતાવરણમાં બંને વચ્ચે લાંબો વાર્તાલાપ થયો. આ વાર્તાલાપ દરમિયાન બંનેના વિચારોમાં ઘણું સામ્ય દેખાયું. તેના પરિણામે બંનેના વિચારો અને મન એકબીજાની નજીક આવતા ગયાં. વાર્તાલાપ દરમિયાન ડૉ. રાધાકૃષ્ણને તાત્યાસાહેબને પૂછ્યું, ‘કયા કારણોસર શીખધર્મ વિષે તમને આટલી બધી આત્મીયતા છે’ જવાબમાં તાત્યાસાહેબે કહ્યું, ‘મને બધા જ ધર્મો પ્રત્યે આત્મીયતા છે અને કોઈ વિષય પર વ્યાખ્યાન આપવાનું હોય તો તે પૂર્ણ તૈયારી કરીને જ આપવું જોઈએ, એવી મારી ટેવ છે.’ શારદામાતા જન્મશતાબ્દિ પ્રસંગે બનારસના રામકૃષ્ણ મિશનની નિશ્રામાં અમારા બંનેના વ્યાખ્યાનો હતા. રામકૃષ્ણ મિશનના ઘણાં પુસ્તકો અમારા પારિવારિક ગ્રંથાલયમાં હતા જ. પ્રચંડ જનસમૂહની ઉપસ્થિતિમાં થયેલા ઉપરોક્ત વ્યાખ્યાનો શ્રોતાવર્ગને ખૂબ ગમ્યા. વ્યાખ્યાન પછી એક મહિલાએ મને પૂછ્યું, ‘શું તમે બંને રામકૃષ્ણ પરમહંસના અનુયાયી છો’ મેં જવાબ આપ્યો, ‘એવું કશું નથી.’ આશ્ચર્ય પામેલી તે સ્ત્રીએ મને પૂછ્યું, ‘તો પછી આ વિષય પર વ્યાખ્યાનો આપવા માટે તમને કયા કારણોસર આમંત્રણ આપવામાં આવ્યા હતા’ મેં હળવાશમાં આટલું જ કહ્યું, ‘ભગવાન રામકૃષ્ણ જાણે!’

બનારસનો તાત્યાસાહેબનો સેવાકાળ પૂરો થયા પછી અમે અજમેર ગયા અને ત્યાં પણ અમારા છ વર્ષના વસવાટ દરમિયાન ત્યાંના આર્યસમાજ, દયાનંદ કોલેજ, રામકૃષ્ણ મિશન, મહારાષ્ટ્ર મંડળ જેવી સંસ્થાઓની નિશ્રામાં અમારા ઘણાં વ્યાખ્યાનો થતાં. ત્યાંની શાસકીય કોલેજમાં અનેક વિષયો પર તાત્યાસાહેબના વ્યાખ્યાનો અને તે કોલેજના સંસ્કૃત વિભાગની નિશ્રામાં મારા સંસ્કૃત ભાષામાં ઘણાં વ્યાખ્યાનો આયોજિત થયેલાં. ત્યાંની છોકરીઓની ‘‘સાવિત્રી કોલેજ’’માં શાસકીય કામ માટે તાત્યાસાહેબને અવારનવાર જવું પડતું. તે દરમિયાન તે વિદ્યાલયના પ્રાંગણમાં પણ તેમના સાર્વજનિક વ્યાખ્યાનો બહુજન સમાજના શ્રોતાઓ માટે આયોજિત થયેલાં. તેવી જ રીતે કન્યા મહાવિદ્યાલયમાં અને મહારાષ્ટ્ર મંડળમાં મારા વ્યાખ્યાનો પણ યોજવામાં આવતાં. વ્યાખ્યાનો આપવાના નિમિત્તને કારણે કેમ ન હોય, પરંતુ તે માટે ભેગું કરેલું જ્ઞાન, અમારી સમજ મુજબ સભાન શ્રોતાઓ સમક્ષ પીરસવાથી અમને આત્મીય સંતોષ થતો હતો. આ રીતે વિચારીએ તો અજમેર ખાતેનો અમારો વસવાટ એકંદરે ફળદાયી નિવડ્યો હતો એમ કહેવાય. ગૌતમ બુદ્ધના ૨૫૦૦માં જન્મદિન નિમિત્તે અજમેરની મહાબોધિ સોસાયટીએ એક સમારંભ આયોજિત કરેલો. તે

સમારંભની ઉજવણી દરમિયાન શારદામાતા જન્મશતાબ્દિની ઉજવણીની જેમ જ બુદ્ધપૂર્ણિમાના દિવસે અમારા બંનેના વ્યાખ્યાનો વિશાળ શ્રોતાવર્ગ સમક્ષ યોજાયા હતા.

કાશી વિશ્વવિદ્યાલયમાં ઍની બેસન્ટ જન્મદિન, લોકમાન્ય પુણ્યતિથિ વગેરે પ્રસંગોને અનુલક્ષીને તાત્યાસાહેબના વ્યાખ્યાનો થતાં તા જ.

મહામના માલવિયાજીએ કાશી વિશ્વવિદ્યાલયમાં ગીતા પ્રવચનોની પ્રથા શરૂ કરેલી. દર રવિવારે સવારે કોઈ વિદ્વાન શાસ્ત્રીનું પ્રવચન રખાતું. આવાં પ્રવચન દરમિયાન વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ ઉપસ્થિત રહેવું જોઈએ, તેવો માલવિયાજીનો આગ્રહ રહેતો. તેમની ઈચ્છાને માન આપવા ખાતર, તાત્યાસાહેબ આવા પ્રવચનોમાં સમયસર અને નિયમિત રીતે અવશ્ય હાજર રહેતાં. બધા જ પ્રવચન શ્રવણીય જ હોય એમ તો કહેવાય નહિ. તેમ છતાં પ્રવચન શરૂ થતાં પહેલાં કોઈ ગાયનાચાર્ય દ્વારા પ્રસ્તુત થતું ભજન નિશ્ચિતપણે શ્રવણીય રહેતું. આવા પ્રવચનમાં ઉપસ્થિત રહેવા અંગેના નિયમનું તાત્યાસાહેબે કોઈ દિવસ ઉલ્લંઘન કર્યું ન હતું.

બાળકો માટે લેખિત અને મૌખિક બંને પ્રકારની ગીતા-પરીક્ષાઓનું આયોજન થતું તેમાં જયંત અને અનંત બંનેએ પારિતોષિકો મેળવેલાં. અમારા બનારસના નિવાસના બગીચાને અડીને એક વરંડો હતો. તેમાં વ્યવસ્થિત રીતે પલાંઠી વાળીને જયંત અને અનંત બેસતા અને તેમના બાલસહજ રાગમાં શાંત ચિત્તે ગીતાના પાઠ કરતા. આ ઉપક્રમ મારી દેખરેખ નીચે થતો. અમારા આ બંને બાળકો જ્યારે ગીતાના પાઠ કરતા, ત્યારે ફરવા માટે ત્યાંથી પસાર થતા વિદ્વાન પ્રાધ્યાપકો બાળકોના ગીતા પાઠ સાંભળી પ્રસન્નતા વ્યક્ત કરતા. ધીરગંભીર, ઉદાત્ત અને પ્રસન્ન વાતાવરણ સર્જીને સંસ્કૃતના સ્રોતો, ગીતા અને મહાકાવ્યોમાંના ખાસ પસંદ કરવામાં આવેલા અંશોના ગાન કેવી રીતે કરવા તે મેં મારા બંને પુત્રોને શીખવાડેલું. તેમણે પણ આત્મીયતાથી આ કલા આત્મસાત્ કરેલી. થોડાક વર્ષો પછી વિશ્વવિદ્યાલય અનુદાન આયોગનું એક જૂથ, ડૉ. રાધાકૃષ્ણનના નેતૃત્વ હેઠળ, કાશી વિશ્વવિદ્યાલયની તપાસ કરવા બનારસ આવેલું. તે અરસામાં એક દિવસ સાંજના સમયે અમે અમારા નિવાસ પર આયોગના સભ્યો અને અન્ય કેટલાક આમંત્રિતો માટે ભોજનસમારંભનું આયોજન કરેલું. ભોજન પૂર્વે બધા આમંત્રિતો અમારા નિવાસના પડખેના સિમેન્ટના બનેલા બેડમિંટન કોટ પર ગપાટા મારી રહેલાં. ત્યારે એકાએક ધીરગંભીર, ઉદાત્ત, પ્રસન્ન અને મીઠા અવાજમાં રઘુવંશમાંની વિષ્ણુસ્તુતિ તથા શંકરાચાર્ય રચિત દશશ્લોકી સ્રોતનું ગાન શરૂ થયું. તે સાંભળી ડૉ. રાધાકૃષ્ણન આશ્ચર્યથી અવાક્ થઈ ગયા. તેમણે તાત્યાસાહેબને પૂછ્યું, ''ડૉ. નારળીકર, આ સુંદર ધ્વનિમુદ્રિત રેકોર્ડ તમે ક્યાંથી લાવ્યા ?' તાત્યાસાહેબે જવાબ આપ્યો, 'આ ધ્વનિમુદ્રિત રેકોર્ડ નથી, મારા બંને પુત્રો જ આ ગાન કરી રહ્યાં છે.' પ્રસન્ન થયેલા ડૉ. રાધાકૃષ્ણને બંને બાળકોને અને તેમના માતા-પિતાને શાબાશી આપી. રાતે સૂતા પહેલાં, સવારમાં ઉઠતી વેળાએ, સ્નાન દરમિયાન આવું કૈંક

સાંભળવા મળે તો સારું એવી તાત્યાસાહેબની હંમેશની ઝંખના રહેતી. તે સ્નાન કરવા જતાં કે તરત જયંત અને અનંત વારાફરતી સ્ત્રોતપાઠ કરતા. સ્નાનગૃહના બારણા અંદરથી બંધ હોય તો પણ જયંત કે અનંત દ્વારા થતો સ્ત્રોતપાઠ તાત્યાસાહેબને સ્પષ્ટ રીતે સંભળાતો. અને તેને કારણે સ્નાન કર્યા પછી પણ પ્રસન્ન મુદ્રામાં તાત્યાસાહેબ સ્નાનગૃહમાંથી બહાર આવતાં. નિદ્રા પૂરી કર્યા પછી વહેલી સવારે તાત્યાસાહેબ અને બાળકોનો ઉઠવાનો સમય થાય તે વખતે તેમને ત્રણેને મારા પક્ષે કંઈક સારું સ્ત્રોતજ્ઞાન સાંભળવા મળતું.

તાત્યાસાહેબના હસ્તાક્ષર ખૂબ જ આકર્ષક હતાં. તેમના હસ્તાક્ષર ઝીણા જરૂર હતા પરંતુ વાંચવા માટે સરળ હતા. છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં અવારનવાર આવેલ માંદગીના કારણે તેમના હસ્તાક્ષર અમુક અંશે બગડ્યાં હતાં. તેમ છતાં તાજેતરના વર્ષો દરમિયાન તેમની તબિયતમાં આવેલ સુધારાના કારણે તેમના હસ્તાક્ષર પણ સુધરવા લાગેલાં. તેમનું વાંચન વિશાળ હતું અને કોઈ પણ ગ્રંથના વાંચન દરમિયાન અવતરણો લખવાની તેમની ટેવ આશ્ચર્ય પમાડે તેવી હતી. પુસ્તક પોતાની માલિકીનું હોય તો પોતાના હસ્તાક્ષરમાં, હાંસિયામાં કરેલી નોંધો અથવા પાનાની નીચેની ખાલી જગ્યા પર લખેલી નોંધો તે લખતા. તે સિવાય પણ અવતરણોની નોંધો લખેલી તેમની ઘણી અલાયદી નોટબુક્સ કે ડાયરીઓ ઉપલબ્ધ છે. છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં માંદગીના કારણે જ્યારે જ્યારે તેમને દવાખાનામાં દાખલ કરેલા, ત્યારે ત્યારે તેમની સારવાર દરમિયાન મારે તેમની સાથે રહેવું પડતું. આવા સમયે તેમનું મનોરંજન થાય તે હેતુથી હું કેટલાક પુસ્તકો સાથે તેમની ડાયરીઓ પણ રાખતી. તેમાં લખેલા અવતરણો પથારીમાં પડ્યા પડ્યા સાંભળવાનું તાત્યાસાહેબને અને સાથોસાથ મને પણ ગમતું. વિશેષ તો અવતરણો સાંભળવાનો અમારો આ કાર્યક્રમ દવાખાનાની પરિચારિકાઓને પણ ગમતો. રોજ સવારે પોતાની ફરજો શરૂ કરતા પહેલા કેટલીક પરિચારિકાઓ સમૂહમાં અમારા કક્ષમાં આવતી અને રસિકતાથી પૂછતી, ‘આજે અમારા માટે કયાં ઉદાહરણો લાવ્યાં છો’ બોમ્બે હોસ્પિટલમાં તાત્યાસાહેબને દાખલ કર્યા હતાં તે વખતની ત્યાંની કેટલીક પરિચારિકાઓને જે અવતરણો ગમ્યા હતા તેનો ઉલ્લેખ અહીં કરવો યોગ્ય લેખાશે :-

(1) “With a spirit that is bright
With a heart that is light
With a method that is right
With love as our might
We serve Him day and night.”

(2) My business is to think about God
It is God’s business to think about me.

- Simon Weil

યુવાનીમાં તાત્યાસાહેબનું વાંચન વ્યાપક હતું. સાર્વત્રિક હતું. સંપૂર્ણ એકાગ્ર ચિત્તે અને દ્રુતગતિએ વાંચવાની તેમની ટેવ. અનેક ગ્રંથો તેઓ ઝડપથી વાંચી કાઢતા. વાંચતા વાંચતા અધોરેખાંકન કરવાનું, ચિહ્નો કરવાનું કામ પણ સાથોસાથ કરતાં. ઈચ્છા થાય તો પુસ્તકમાંના અવતરણો લખી કાઢવાનો તેમનો શોખ. આવા અવતરણો અને ઉદાહરણોથી ભરેલી અનેક નોંધપોથીઓ આજે પણ પરિવાર પાસે ઉપલબધ છે. રહસ્યવાદ, તત્ત્વચિંતન, વિનોદ તથા સર્વધર્નો અંગે વિદ્વાનોએ લખેલા ઘણાં ગ્રંથો તાત્યાસાહેબે વારંવાર વાંચેલાં. પુસ્તકોનો તેમનો સંગ્રહ પણ ખૂબ વિશાળ હતો. પોતાની માલિકીના બધા પુસ્તકોના જુદા જુદા પાના પર તેમણે લખેલા શેરા, હાંસિયામાં લખેલી નોંધો વગેરેથી તે સુશોભિત થયેલાં છે. કેટલાક પુસ્તકો મારે પણ અવશ્ય વાંચવા જોઈએ એવો તેમનો આગ્રહ રહેતો. મારી પરિવાર અંગેની ફરજોમાંથી મને જે સમય ફાજલ મળતો તે સમયમાં હું પણ તેમની સૂચના મુજબ વાંચન કરતી. ઘરની રસોઈ બનાવનાર મહારાજ રજા પર જાય ત્યારે મારો મોટા ભાગનો સમય રસોડામાં વ્યતીત થતો પણ આવા સમયે તાત્યાસાહેબ પોતે પુસ્તક લઈને રસોડામાં બેસતા અને તેમાંના નોંધપાત્ર ફકરા કે પાનાં મને વાંચી સંભળાવતા, જે હું રસોઈ બનાવતા બનાવતા ધ્યાનપૂર્વક યથાશક્તિ, યથામતિ સાંભળતી.

ઘરકામ તેમને જરા પણ ન ફાવતું. તેમને તેમાં રુચિ પણ ન હતી અને ટેવ પણ નહિ. બને ત્યાં સુધી તેમને ભાગે પરિવારનું કોઈ કામ પણ ન આવતું. તેની આવશ્યકતા પણ કોઈ દિવસ ઊભી થયેલી નહિ. એકવાર અમે કોલ્હાપુરથી બનારસ જતા હતાં, ત્યારે ડૉ. રઘુનાથ પુરુષોત્તમ પરાંજપેના આગ્રહને વશ થઈ અમે બે દિવસ પૂણેમાં તેમના નિવાસ પર રોકાયેલાં. તે એક દિવસ સવારમાં શકુંતલા પરાંજપે વાલ છોલતાં હતાં. આ કામ તેમને ખૂબ ગમતું. તાત્યાસાહેબ તેમની બાજુમાં બેસીને ગપાટા મારતા હતાં. શકુંતલાબાઈએ તેમને ટકોર કરી કહ્યું, 'નારળીકર, વાલ છોલવામાં મને મદદ કરો.' જવાબમાં તાત્યાસાહેબે શકુંતલાબેનને કહ્યું, 'મારી પત્નીએ લાડ લડાવીને મને એટલો બધો બગાડી મૂક્યો છે કે મને આવા કામ કરવાનું જરા પણ ફાવતું નથી.' તેમની વચ્ચે આ બધી વાતચીત ગમ્મતમાં હસવા ખાતર હળવાશમાં ચાલતી હતી. છતાં તેમાં જે હકીકત બહાર આવી તે સાચી જ હતી. (અરસપરસ ગમે તેટલો સ્નેહ કે ઘરોબો હોય તો પણ તે જમાનામાં એકબીજાને એકબીજા દ્વારા જે તે વ્યક્તિની અટક દ્વારા સંબોધનની પ્રથા હતી. રેંગ્લર પરાંજપે પોતે તાત્યાસાહેબ પર પુત્રવત્ પ્રેમ કરતા, તેમ છતાં તે તાત્યાસાહેબને નારળીકર કહીને જ સંબોધન કરતા. અલબત્ હવેની વ્યવહાર પદ્ધતિ તો કંઈક ન્યારી જ છે!) ત્યારબાદ મારા કરતા વડીલ હોવાના નાતે શકુંતલાબેને મને ઉદ્દેશીને કહ્યું કે મારે મારા પતિને આટલા બધા લાડ લડાવવા જોઈએ નહિ કે જેથી તેઓ સરળ અને સારા કામો પણ ન કરી શકે. તેમની આ વાત મેં હસતે મોંઢે સાંભળી લીધી. તે જ વખતે એક રમૂજી પ્રસંગ બન્યો. મરાઠી ચલચિત્રમાંનું એક ગીત ખૂબ લોકપ્રિય નીવડેલું. તે બધાના હોઠે ચઢેલું. જયંત થોડાક જ દિવસો પહેલા

કોલ્હાપુર રહી આવેલો હોવાથી તેના મોંઢે પણ એ ગીત ચઢેલું. તેમાં એક પંક્તિ આમ હતી : 'જપુન ચલા બાઈ જપુન ચલા' (સાચવી સાચવીને ચાલો) ગીતના શબ્દોમાં થોડાક ફેરફાર કરી જયંતે તેની પહેલી લીટીમાં શકુંતલાબેનનું નામ ઉમેરી દીધું અને અજાણતા જ તદ્દન નિષ્પાપ ભાવે તે નામ સાથે ચાર વર્ષનો જયંત તે ગીત ગણગણતો હતો : 'શકુંતલાબાઈ જપુન ચલા' જે સાંભળીને શકુંતલાબેનને ખૂબ જ મજા પડી. અને લાડમાં ને લાડમાં જ તેમણે જયંતની પીઠ પર એક ધબ્બો મારી દીધો. તેનાથી જયંત શરમાઈ ગયો.

જયંત-અનંત નાના હતા ત્યારે અને ત્યારબાદ તે ઈંગ્લેન્ડ ગયા, ત્યાં સુધી મેં તેમને ઘણાં સારા સારા પુસ્તકો વાંચી સંભળાવેલાં. હું વાંચતી અને તે બંને સાંભળતા, આ અમારો સહિયારો નિત્યક્રમ બની ગયેલો એમ કહીએ તો ચાલે. તેથી અમારી વચ્ચેની પરસ્પરની સ્નેહગાંઠ વધારે મજબૂત થતી. જાણે કે તે અમારા ત્રણેની સંયુક્ત માલિકીનો એક ખજાનો ન હોય! અમારી આ પ્રવૃત્તિ ચાલતી તે દરમિયાન અમે ત્રણે તેમાં દંગ થઈ જતા. અને તે જોઈને તાત્યાસાહેબ મનોમન તૃપ્ત, સંતુષ્ટ થતાં. અમારા આ સામૂહિક વાંચન દરમિયાન જ્યારે જ્યારે કોઈ રમૂજી પ્રસંગનું વર્ણન આવતું ત્યારે ત્યારે અમે ત્રણે હર્ષઘેલાં થઈ જતાં. અમારી વચ્ચે હાસ્યના મોજાં ઉછળતાં. પોતાના અભ્યાસકક્ષમાં બેઠેલાં તાત્યાસાહેબ હાસ્યના અમારા ફુવારાનો આનંદ લેવાં તરત જ અમારી વચ્ચે આવીને બેસતા અને અમારા આનંદમાં સહભાગી થતાં.

અમારા લગ્ન પહેલાથી જ તાત્યાસાહેબ પાસે પુસ્તકોનો વિશાળ અને વૈવિધ્યસભર સંગ્રહ ભેગો થયેલો. તેમાં અરેબિયલ નાઈટ્સ, ડૉન ક્વિકઝોટ, ભારતની અને વિદેશની પરીકથાઓ, મરાઠીમાં વિનોદી સાહિત્યનું સર્જન કરનાર ચિં. વિ. જોશી, આચાર્ય અત્રે જેવાના પુસ્તકો, અત્રે દ્વારા લિખિત નાટકો, 'નાથમાધવ' અને હરિનારાયણ આપટે જેવા સાહિત્યકારોની ગ્રંથાવલિ, લોકપ્રિય બનેલી ઐતિહાસિક કે સામાજિક નવલકથાઓ દા.ત. દુર્દૈવી રંગૂ, પણ લક્ષાત કોણ ઘેતો, માઝે રામાયણ, 'મી' શીર્ષક ધરાવતી મરાઠી નવલકથા, ભાવસાહેબની બખર, અંગ્રેજીમાં ગોન વિથ ધ વિંડ, કૉ વાડિશ, પ્રિન્સ એન્ડ ધ પૉપર, વગેરેનો તેમાં સમાવેશ થતો. અંગ્રેજી નવલકથાઓ પર આધારિત ચલચિત્રો સ્થાનિક સિનેમાગૃહોમાં પ્રદર્શિત થવાની જાહેરાત થાય કે તરત જ, જે તે નવલકથા હું બંને બાળકોને વાંચી સંભળાવતી અને પછી જ અમારો પરિવાર તે ચલચિત્ર જોવા થિયેટરમાં જતો. ચલચિત્રની વાર્તા નવલકથા મારફત અગાઉથી જાણેલી હોવાથી તેની ખૂબીઓ ચલચિત્રના માધ્યમથી માણવાનું અને તેનું એકંદર પરીક્ષણ કરવાનું ખૂબ સરસ અને સુગમ થઈ પડતું. પી.જી. વુડહાઉસની લગભગ બધી જ નવલકથાઓ મેં મારા પુત્રોને વાંચી સંભળાવેલી અને બંને દિકરાઓએ તેનો રસાસ્વાદ એકાગ્રતાપૂર્વક માણેલો. એક વાર અમારા સગાસંબંધીઓમાંની કેટલીક સ્ત્રીઓ મહેમાન તરીકે અમારે ત્યાં આવેલી અને તે બધી પણ વુડહાઉસની નવલકથાનું વાંચન સાંભળવા બેઠી અને તેનાથી ખૂબ જ ખુશ થઈ. મહેમાન

સ્ત્રીઓમાં કેટલીક જૂના જમાનાની વૃદ્ધ સ્ત્રીઓ પણ હતી ને વાંચન દરમિયાન તેનો ભાવાનુવાદ મરાઠીમાં કરવાની મારી ટેવને કારણે આવા શ્રોતાઓને નવલકથા સમજવામાં જરા પણ મુશ્કેલી ન પડતી. દરરોજ રાત્રે સૂતા પહેલા વુડહાઉસનું વાંચન થવું જ જોઈએ એવો બંને પુત્રોનો આગ્રહ, ના હઠાગ્રહ રહેતો. આજ હતું મારું સદ્ભાગ્ય. અમારા આવા સામૂહિક વાંચન ઉપરાંત અમારા બંને પુત્રો સ્વતંત્ર રીતે પણ ઘણું બધું વાંચતા. જયંત ઈંગ્લેન્ડથી પ્રથમ વાર સ્વદેશ પાછો આવ્યો ત્યારે જૂની સ્મૃતિઓ તાજી કરવા માટે મેં પૂર્વની જ રીતે વુડહાઉસના લખાણનું વાંચન કર્યું.

ઉપર નિર્દેશિત કરેલા ગ્રંથો ઉપરાંત પણ અમે સંયુક્ત રીતે ઘણાં પુસ્તકોનું વાંચન અને સામૂહિક શ્રવણ કર્યું હતું. હવે ઘણી વાર એમ લાગે છે કે તે જમાનામાં વાંચેલા પુસ્તકોની યાદી કરી રાખી હોત તો ઘણું સારું થયુ ંહોત. અમારી આ બધી જ પ્રવૃત્તિઓની પાછળ પ્રેરકબળ હતા તાત્યાસાહેબ. તેથી તેનું મોટા ભાગનું શ્રેય તેમને જ ફાળે જાય છે.

સંસ્કૃત ભાષામાં લખેલા ગ્રંથો પણ હું બાળકોને વાંચી સંભળાવતી અને તેનો અર્થ પણ સાથોસાથ કહેતી. પંચતંત્ર, હિતોપદેશ, પંચમહાકાવ્યના વિશિષ્ટ અને ખાસ પસંદ કરેલા ભાગોનું વાંચન બાળકો સાથે બેસી તેમના લાભાર્થે મેં કર્યું છે.

અમારા લગ્ન થયા તે પહેલાથી જ ભાગવતપુરાણનું નિયમિત વાંચન કરવાની તાત્યાસાહેબની ટેવ હતી. જયંત ઈંગ્લેન્ડ ગયો ત્યાર પછી મારા મનને સ્વસ્થતા, સમાધાન અને શાંતિ મળે તે હેતુથી હું મોટા અવાજે ભાગવતનું વાંચન કરતી અને તાત્યાસાહેબ એકાગ્ર બનીને શ્રોતા તરીકે મારું વાચન સાંભળતા. સમયાંતરે આ અમારી પ્રવૃત્તિ નિયમ બની અને તે તેમના અવસાન સુધી અખંડ ચાલતી રહી. એટલે સુધી કે અમે પ્રવાસમાં હોઈએ, માંદા હોઈએ કે તાત્યાસાહેબ દવાખાનામાં દાખલ થયા હતા તે દિવસો દરમિયાન પણ તેમાં અમે વિક્ષેપ પડવા દીધો ન હતો. તે માટે અમે એક નોંધપોથી બનાવી હતી. તેમાં ભાગવતપુરાણના કેટલાક ખાસ પસંદ કરેલા અંશો જેવા કે ઉત્તમ શ્લોકો, પ્રાર્થના વિગેરે અવતરણરૂપે સુવાચ્ય અક્ષરોમાં ઉતારી લીધેલા અને અમે જ્યાં જઈએ ત્યાં આ નોંધપોથી અમે સાથે જ રાખતા. આ રીતે ભાગવતપુરાણનું વાંચન-શ્રવણ નિયમાનુસાર ચુસ્તપણે ચાલતું રહ્યું છે. તાત્યાસાહેબના પિતાશ્રી જે રીતે અત્યંત રસાળ અને શ્રવણીય રીતે ભાગવતપુરાણનું પઠન કરતા હતા, તેનું જ થોડુંક અનુસરણ અમે અમારા જીવનમાં કરવાનો પ્રયાસ કર્યો છે. તાત્યાસાહેબના અવસાન બાદ પણ મેં આ નિયમ ચાલુ રાખ્યો છે. જો કે મારે મારા જીવનમાં ક્યારે પણ ભાગવતપુરાણનું એકલું વાંચન કરવું પડશે એવી કલ્પના પણ તાત્યાસાહેબના જીવનકાળ દરમિયાન મારા મનને સ્પર્શી ન હતી. મારી તો ઈશ્વરને સતત પ્રાર્થના રહેતી કે અમે બંને પતિ-પત્ની એકાએક, ઝડપથી, અનાયાસે, એકસાથે પરમેશ્વરને વહાલા થઈ જઈએ. તેના ચરણમાં કાયમ માટે લીન થઈ જઈએ, એવું જ કંઈક બને અને આમ જ થશે એવી મારી શ્રદ્ધા પણ હતી. પરંતુ તેમ બન્યું નહિ એ મારું કમનસીબ ગણાય.

ભાગવતપુરાણના અંતિમ ભાગમાં એક મજાની કલ્પનાનો ઉલ્લેખ સાંપડે છે. તે ભાગનું વાંચન કરતી વેળાએ અમને બંનેએ દર વખતે અચૂક હસવું આવતું. આ કલ્પના મારફત ભાગવતના રચનાકારે એમ જણાવ્યું છે કે સ્વર્ગમાં જ્યારે વિષ્ણુ ભગવાન ભાગવતનું વાંચન કરે છે ત્યારે લક્ષ્મીજી શ્રોતા તરીકે ઉપસ્થિત હોય છે અને જ્યારે લક્ષ્મીજી ભાગવતનું વાંચન કરે છે ત્યારે વિષ્ણુ ભગવાન શ્રોતા બની જતા હોય છે. તેમ છતાં ભાગવતપુરાણના વાંચનમાં રંગત ત્યારે જ હોય છે જ્યારે લક્ષ્મીજી ભાગવતપુરાણનું વાંચન કરતા હોય. એનું મુખ્ય કારણ એ છે કે વિષ્ણુ ભગવાન વિશ્વનો કારભાર ચલાવવામાં સતત વ્યસ્ત હોય છે. જ્યારે લક્ષ્મીજી ઉપર એવી કોઈ જ જવાબદારી હોતી નથી. તેને લીધે તેમનું મન નિશ્ચિંત હોય છે. આવા નિશ્ચિંત મને ભાગવતનું વાંચન લક્ષ્મીજી કરતા હોય ત્યારે તેમાં રંગત વધારે હોય તે સ્વાભાવિક છે.

આ અંગેનો શ્લોક નીચે મુજબ છે :-

अधिकारे स्थितो विष्णुः
लक्ष्मीर्निश्चंत मानसा ।
तेन भागवता स्वादः
तस्या भूरिः प्रवर्तते ॥

શ્રીમદ્ ભગવદ્ગીતા, સ્તોત્રરત્નાકર, સુભાષિતમાલા (ઘણાં સુભાષિતમાલા અમારા સંગ્રહમાં છે.) વગેરેનું વાંચન તાત્યાસાહેબ નિયમિત રીતે કરતાં. તેના કારણે તેમનું પાઠાંતર ખૂબ સારું હતું. ગમે ત્યારે ભગવદ્ગીતાનો કોઈ શ્લોક એકાએક તેમના મનમાં આવતો. ત્યારે એવે સમયે યાદશક્તિની અવળચંડાઈથી તે શ્લોકમાંનો કોઈ શબ્દ તેમને યાદ ન આવે તો, તે જડે નહિ ત્યાં સુધી તે બેચેન રહેતાં. પછી તે મને પૂછતા ને મારી પાસેથી સાચો જવાબ મળે તો તેમને ખૂબ આનંદ થતો. ક્યારેક ક્યારેક આદ્ય શંકરાચાર્ય દ્વારા રચિત 'ધન્યાષ્ટક' સ્રોત વાંચવાની તેમને ઈચ્છા થતી ત્યારે હું સ્રોત રત્નાકરમાંથી તેમને ધન્યાષ્ટક શોધી આપતી. ક્યારેક ક્યારેક વહેલી સવારે મારી પાસેથી ધન્યાષ્ટકનો પાઠ કરાવવાની તેમની ઈચ્છા થતી અને જ્યારે હું તેમણે વ્યક્ત કરેલ ઈચ્છા મુજબ તેનો પાઠ શાંત, ધીમી ગતિથી કરતી ત્યારે તેમને ખૂબ જ સમાધાન મળતું અને તે સમયે તેઓ કહેતા કે આવો પાઠ કરવાથી કેટલું શાંત, પવિત્ર વાતાવરણ સર્જાય છે. આવું વાતાવરણ તૈયાર થવાથી પોતાને ખૂબ સારું લાગે છે એવું પણ તાત્યાસાહેબ કહેતા.

રાત્રે સૂતા પહેલાં અને પરોઢિયે ઊઠતી વખતે કેટલાક શ્લોકોનો તેઓ પાઠ કરતા. તેમાંથી કેટલાક શ્લોકોની શબ્દરચના તેમણે જાતે કરેલી. બાકીના શ્લોકો તેમણે અન્યત્રથી ભેગા કરેલા હતા. આ શ્લોકોનો પાઠ તેઓ મનમાં ને મનમાં જ કરતા અને કોઈ જગ્યાએ વિસ્મરણ થાય તો દીવો કરીને નોંધપોથીમાં જોઈ લેતા. મોટા મોટા ગ્રંથોનું તેમનું વાંચન સતત ચાલુ જ રહેતું. એકાદ ગ્રંથનું વાંચન તેમના થકી ઘણાં દિવસો સુધી ન થયું હોય તો તે

વાત તેમને એકદમ યાદ આવતી અને જો ઉપરોક્ત ગ્રંથ તેમને ન જડે તો બેચેન થઈ જતા. આવા પ્રસંગે મારા ઉપરાંત પરિવારના બધાં જ પૌત્ર-પૌત્રીઓ અને અન્ય જે હાજર હોય તે બધા જ ગ્રંથ શોધવાના કામમાં લાગી જતાં. તેમને જોઈતા ગ્રંથો શોધી આપવા બદલ અમારી પૌત્રીઓએ તાત્યાસાહેબ પાસેથી ઈનામો મેળવ્યાં છે.

તેમના બેઠક રૂમમાં ક્યારેક ખ્રિસ્તી ધર્મના, ક્યારેક યહૂદી ધર્મના તો ક્યારેક બૌદ્ધ ધર્મના ગ્રંથ દેખાતા. તે જોઈને મુલાકાતીઓમાંથી કેટલાક એમના સ્નેહીઓ પણ એમને પૂછતા કે અમે ખ્રિસ્તી છીએ કે બૌદ્ધ ધર્મી.

હમણાં જ થોડા દિવસ પહેલા કૅમ્બ્રિજના એમના એક જૂના સ્નેહી ડૉ. સોલ્ટેનો જયંતને લખેલો પત્ર મળ્યો. નિર્વાણ સમયે ગૌતમ બુદ્ધે કયા ઉદ્‌ગાર કાઢ્યા હતા તે જાણવા ડૉ. સોલ્ટ આતુર હતાં. જયંતે તે પત્ર તાત્યાસાહેબને બતાવ્યો. જે વાંચતાની સાથે જ તેમણે 'ગૌતમ ધ મેન' ગ્રંથની માંગણી કરી. જે તાત્યાસાહેબે હાથમાં પકડતાની સાથે જ જરૂરી સંદર્ભ કાઢી બતાવ્યો. તે પત્રમાં લખીને જયંતે ડૉ. સોલ્ટને કૅમ્બ્રિજ ખાતે મોકલી આપ્યો. હમણાં હમણાં તાત્યાસાહેબની શારીરિક ક્ષમતા ક્ષીણ થતી જતી હતી. છતાં તેમની વિચારશક્તિ અને યાદશક્તિ અકબંધ અને દૃઢ હતી.

ડૉ. બનાર્ડ શો જેવા અનેક સાહિત્યકારોના ગ્રંથોનો તાત્યાસાહેબે ઊંડો અભ્યાસ કરેલો. તેમાંના ઘણાં ગ્રંથોના સંભારણો લખીને તેમણે તેમની સ્મૃતિમાં સંઘરી રાખેલા. વ્યાખ્યાનો આપવા માટે તેમને વારંવાર આમંત્રણ મળતા અને પોતાના વ્યાખ્યાન દરમિયાન આવા અવતરણોનો અત્યંત પ્રભાવશાળી રીતે તેઓ ઉપયોગ કરી શકતા. અમે બંનેએ ભાગવતપુરાણનું વાંચન સાથે કરેલું. તેમાંના કેટલાક અવતરણો એક નોંધપોથીમાં ઉતારીને મેં તાત્યાસાહેબને તેમના જન્મદિને તે નોંધપોથી ભેટ તરીકે અર્પણ કરેલી. વિષ્ણુપુરાણનું વાંચન પણ અમે બંનેએ સાથે કરેલું. તેમાંના કેટલાક અવતરણોની એક નોંધપોથી મેં તેમને અર્પણ કરેલી. તેમને માટે આ બધો અમૂલ્ય ખજાનો હતો.

એક વાર મેં એમનું ધ્યાન રામાયણના કુંભકોણમ્ નકલના પ્રક્ષિપ્ત ભાગમાં ઉલ્લેખિત એક મજાની વાત તરફ દોરેલું. ઉપરોક્ત વાત તેમને ખૂબ ગમેલી અને તેનો ઉપયોગ તેમણે તેમના એક વ્યાખ્યાનમાં બહુ જ યુક્તિપૂર્વક કરેલો. તે વાર્તા ખરેખર મજાની છે. પચાસ વર્ષ પહેલા તે જેટલી અનુરૂપ હતી તેટલી જ અનુરૂપ તે હાલના સમય માટે પણ છે. સંક્ષિપ્તમાં તે વાર્તા નીચે મુજબની છે :-

અયોધ્યાના રાજા રામચંદ્રજી પાસે પોતાની ફરિયાદ લઈને એક દિવસ એક કૂતરું ગયું. કૂતરાએ ફરિયાદરૂપે રાજા રામચંદ્રજીને કહ્યું, 'મને ભૂખ લાગી હતી એટલે કશુંક ખાવા મળશે તે આશયથી હું સોમભટ પાસે ગયો અને તેમની આજીજી કરી. તેમણે મને ખાવાનું આપવાના બદલે મારા પેટ પર લાત મારી. તેમણે શિક્ષા થવી જોઈએ.' રામચંદ્રજીએ સોમભટને રૂબરૂ બોલાવ્યા અને તેમની સમક્ષ કૂતરાએ રજૂ કરેલ ફરિયાદની જરૂરી તપાસ કરી. તપાસ

દરમિયાન સાબિત થયું કે કૂતરાએ સોમભટ સામે કરેલી ફરિયાદ સાચી છે. તેના અનુસંધાનમાં રામચંદ્રજીએ કૂતરાને જ પૂછ્યું કે ઉપરોક્ત બ્રાહ્મણને કઈ શિક્ષા કરવામાં આવે તો યોગ્ય લેખાશે. તો કૂતરાએ કહ્યું, 'મહારાજ, આ પંડિતજીને અયોધ્યાની વિદ્યાપીઠના કુલપતિ બનાવો.' આ સાંભળીને રામચંદ્રજીએ કૂતરાને પૂછ્યું, 'આમા તારો મતલબ શું છે□આ તે કેવી શિક્ષા□આ તો ગુનેગારનું બહુમાન લેખાશે.' કૂતરાએ કહ્યું, 'આપની વાત ખોટી છે. કુલપતિ બન્યા પછી વિદ્યાર્થીઓ તેમની સતામણી કરશે. કર્મચારીગણ ભિન્ન ભિન્ન કારણોસર હડતાળ પાડશે, તેમનો ઘેરાવ કરશે. હું પોતે મારા ગયા જન્મમાં કુલપતિ હતો. કુલપતિએ કેટકેટલા પ્રકારની હેરાનગતિ સહન કરવી પડે છે તેનો મેં સાક્ષાત્ અનુભવ કર્યો છે. તેથી હે રાજન, આ બ્રાહ્મણને આપ કુલપતિજી બનાવશોજી. એ જ શિક્ષા એના માટે યોગ્ય ગણાશે.'

જે શ્રોતાવર્ગમાં સાક્ષાત્ કુલપતિ, ઉપકુલપતિ, કુલસચિવ, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ હાજર હતા તેવા વિશાળ જનસમુદાય સમક્ષ તાત્યાસાહેબે પોતાના વ્યાખ્યાનના ભાગરૂપે આ વાર્તા યોગ્ય સમયે અને યોગ્ય સ્થળે ધારદાર શૈલીમાં રજુ કરેલી. તે સાંભળીને સમગ્ર શ્રોતાવર્ગમાં હાસ્યના મોજા ઉછળેલાં અને સભામાં હાજર રહેલા બધાએ જોરદાર તાળીઓ પાડી તાત્યાસાહેબને વધાવી લીધેલા. કર્મ-ધર્મ-સંયોગ કહો કે વિધિની વિચિત્રતા, તે સભામાં એક ગભરાયેલું કૂતરું પણ તે વિશાળ જનસમૂહમાં ધસી આવેલું. છે ને મજાની વાર્તા.

❁ ધન્યો ગૃહસ્થાશ્રમ ❁

અમારા ઘરે મહેમાન તરીકે આવેલા દરેકની વ્યવસ્થા ઉત્તમ રીતે થવી જોઈએ એવું અમને બંનેને અવશ્ય લાગતું. તે માટે મહેમાન આવે તે પહેલાં મહેમાન કોણ છે, તેમને કઈ કઈ વસ્તુની જરૂર પડશે, તેમને શું શું ગમશે, શું શું નહિ ગમે, ઘરમાં કઈ ચીજવસ્તુઓ છે, કઈ વસ્તુઓ નથી, કઈ વસ્તુઓ બજારમાંથી લાવવાની રહેશે, કઈ કઈ બાબતો તૈયાર રાખવી પડશે, ઈત્યાદિ બાબતોનો વિચાર અમે બંને સાથે બેસીને કરતા અને કાગળ-પેન્સિલ લઈ જરૂરી બાબતો લખી કાઢતા અને તે મુજબ નોકરોને સૂચના પણ આપી દેતા.

પોતાના સંતાનોને કાશી વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ અપાવવાના હેતુથી ઘણાં વાલીઓ તાત્યાસાહેબને આજીજી કરતા. તેમાંના યોગ્ય વિદ્યાર્થીઓના કિસ્સામાં જ તાત્યાસાહેબ રસ લેતા ને પ્રયત્ન કરતાં. આમ કરતી વેળા તે ગરીબ કે શ્રીમંતનો વિચાર ન કરતા. સંકોચ પણ ન રાખતા. યોગ્ય વિદ્યાર્થી હોય તો જ તેની ભલામણ કરતા અને તેમની ભલામણ પર ધ્યાન અપાતું. ઘણાં મરાઠીભાષી વિદ્યાર્થીઓ તાત્યાસાહેબના માર્ગદર્શન હેઠળ કાશી વિશ્વવિદ્યાલયમાં ભણ્યા અને અધ્યયન બાદ તેમણે મોટા પદો પણ મેળવ્યા છે. તેમાંના કેટલાક કોલ્હાપુરના હતાં. જેમનો નામ માત્ર ઉલ્લેખ કરી શકાય, ઉપળેકર, મુણે, મુળે, પિત્રે, કોતમિરે, પેંઢારકર, સશિનકર, શ્રીખંડે, અડકે, ભાલેરાવ, સુખાત્મે ઈત્યાદિ અમારે ત્યાં આવેલાં. વિદ્યાર્થીઓને પરિવારના બાળકોની જેમ જ રાખવામાં આવતાં. અમે પતિપત્ની

બંને તેમના સ્થાનિક પાલક જ ગણાતાં. મુશ્કેલીના સમયમાં કે માંદગી દરમિયાન તેમને અમારા તરફથી મદદ મળવાની જ. જે વિદ્યાર્થીઓ દિવાળીના તહેવાર દરમિયાન પોતાના ગામ ન જઈ શકતા તેઓ દિવાળીનો તહેવાર અમારે ત્યાં રહીને જ ઉજવતાં અને અમે આપેલી સૂચના મુજબ વહેલી સવારે દિવાળીનો નાસ્તો કરવા માટે અમારે ત્યાં હાજર થતા. આવાં વિદ્યાર્થીઓમાં કેટલાક કલાકારો પણ હતાં. તેમાંના કેટલાક સંગીતનું અધ્યયન કરનારા ગાયકો કે વાદકો, કેટલાક નકલ કરનારા, વગેરે. આવા વિદ્યાર્થીઓના કાર્યક્રમો અમારા નિવાસ પર યોજાતા અને તે દ્વારા તેમને પ્રોત્સાહન અપાતું. તેમાંના એક હતા ગોળવલકર. જેમનું સારંગીવાદન શ્રવણીય રહેતું.

મહારાષ્ટ્રમાંથી બનારસ આવનારા નાના મોટા સંગીતકારો અમારે ત્યાં જ રોકાતા હતા. કાશી વિશ્વવિદ્યાલય તરફથી આમંત્રિત મરાઠીભાષી ગાયકોના જલસા અમારા નિવાસ પર પણ આયોજિત કરવામાં આવતા. સંગીતક્ષેત્રના દિગ્ગજ જેવા કે નારાયણરાવ વ્યાસ, વિનાયકરાવ પટવર્ધન, દિગંબર પલુસ્કર ઈત્યાદિ નામાંકિત કલાકારો સંગીત સભામાં હાજરી આપવા માટે બનારસ આવતા ત્યારે અમને મળવા માટે અમારે ત્યાં અવશ્ય આવતા. નારાયણરાવ વ્યાસ તો મૂળ કોલ્હાપુરના જ તાત્યાસાહેબના બાળપણના પડોશી, મિત્ર પણ ખરા. બનારસની મુલાકાત દરમિયાન તેમનો મુકામ અમારે ત્યાં જ હોય.

કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં સ્થાપિત મહારાષ્ટ્ર મંડળનું પ્રમુખપદ મોટા ભાગે તાત્યાસાહેબ જ શોભાવતા. દર વર્ષે ગણેશોત્સવ અને તત્સમ અન્ય કાર્યક્રમો, મોટા માણસોના અને નામાંકિત વ્યક્તિઓના વ્યાખ્યાનો વગેરે ઉત્સાહભેર અને આત્મીયતા સાથે આયોજિત થતાં. એક વર્ષે ગણેશોત્સવમાં વિખ્યાત શરણાઈ વાદક બિસ્મિલાખાનનો કાર્યક્રમ આયોજિત કરેલો અને તે માટે ખાઁસાહેબને આમંત્રણ આપવા માટે એક અત્યંત દુર્ગમ અને સાંકડી ગલી પાર કરી. તાત્યાસાહેબ વરસાદની ઋતુમાં તેમના ઘરે ગયેલાં. તે વર્ષે ગંગા નદીમાં મહાપુર આવેલાં. અને જે માર્ગો પર રીક્ષા જેવાં વાહનો ચાલતા તે માર્ગો પર આવાગમન માટે નાવ ચલાવવામાં આવતી હતી. અનેક દુર્ગમ મુશ્કેલીઓનો સામનો કરી તાત્યાસાહેબ બિસ્મિલાખાન સાહેબના નિવાસસ્થાને પહોંચ્યા. ઘણી વાર તાત્યાસાહેબ આ પ્રસંગનું વર્ણન કરતા.

તે જ વર્ષના ગણેશોત્સવ પ્રસંગે બિહારના તત્કાલીન રાજ્યપાલ માધવરાવ અણેને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવેલાં. તાત્યાસાહેબના યજમાનપદ હેઠળ તેમને પેશવાઓના ઠાઠમાઠ સાથે ભવ્ય મિજબાની આપવામાં આવેલી. તેને લીધે રાજ્યપાલ અણે ખુશ ખુશ થઈ ગયેલા. ભોજન માટેની વાનગીઓ પણ ઉત્તમ પ્રકારની હતી. પેશવાઈ ઠાઠમાઠ સાથેની આવી જ મિજબાની તાત્યાસાહેબે કોલ્હાપુર વિદ્યાપીઠના સુવર્ણ મહોત્સવ પ્રસંગે આયોજિત કરેલી. તાત્યાસાહેબનું હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ આ જ સંસ્થામાં પૂર્ણ થયેલું. સંસ્થાના સુવર્ણજયંતિ મહોત્સવ પ્રસંગે અતિથિવિશેષ તરીકે તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ

સર્વપલ્લી રાધાકૃષ્ણનને આમંત્રિત કરવા જોઈએ તેવી ઈચ્છા સંસ્થાએ વ્યક્ત કરેલી હતી. સંસ્થાની આ ઈચ્છા પૂરી કરવા માટે તાત્યાસાહેબ ડૉ. રાધાકૃષ્ણનને મળવા જાતે દિલ્હી ગયેલા. અને જાતે મુલાકાત લઈ તેમને આમંત્રણ આપેલું. બંને વચ્ચેની પુરાણી મિત્રતાને લીધે ડૉ. રાધાકૃષ્ણને તરત જ આમંત્રણનો સ્વીકાર કરેલો. કોલ્હાપુર જેવા નાના શહેરની આટલી નાની સંસ્થાના સુવર્ણ મહોત્સવ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિએ શા માટે હાજરી આપવી જોઈએ તેવી ચર્ચા દિલ્હીમાં શાસકીય વર્તુળમાં થયેલી પણ ખરી, છતાં ડૉ. રાધાકૃષ્ણને તેની પરવા કર્યા વગર મહોત્સવ પ્રસંગે હાજર રહેલાં પણ ખરા. અનાયાસે આવી પડેલી તકનો લાભ લઈ શહેરની કેટલીક અન્ય સંસ્થાઓએ પણ વહેતી ગંગામાં હાથ ધોઈ લેવાની તક ઝડપી લીધેલી અને ઉપરાષ્ટ્રપતિની મુલાકાત દરમિયાન આયોજિત કરવામાં આવેલી બધી જ સંસ્થાઓના કાર્યક્રમો શિસ્તબદ્ધ અને સુઆયોજિત રીતે સંપન્ન થયાં હતાં. કોલ્હાપુર નગરના ઈતિહાસમાં આ એક અભૂતપૂર્વ, અવિસ્મરણીય અને ગૌરવપ્રદ પ્રસંગ સાબિત થયો હતો. તે પ્રસંગે ઘણાંને વિદુર અને સુદામાનું આતિથ્ય સ્વીકારનારા ભગવાન શ્રીકૃષ્ણની અને શબરીના જૂઠાં બોર ખાનારાં ભગવાન રામચંદ્રજીની યાદ આવેલી.

અમારે ત્યાં મુલાકાતે કે મહેમાન તરીકે આવનારાઓના કારણે અમારા બંને પુત્રો જયંત અને અનંતના વ્યક્તિગત વિકાસની પ્રક્રિયામાં ઘણો જ ફાયદો થયો હતો, કારણ કે આ બધા જ મહેમાનો બંનેને ઉત્તેજન પૂરું પાડતાં અને તેમના ગુણોની પ્રશંસા કરતાં. બંને બાળકોની સવારમાં વહેલા ઉઠવાની ટેવ, નિયમિત રીતે ચાલતો તેમનો અભ્યાસ, ભીંતો પરના બ્લેકબોર્ડનો તેમનાં દ્વારા અભ્યાસ માટે થતો બહોળો ઉપયોગ, ગણિતના દાખલા ગણવાનો તેમનો ઉત્સાહ, સાથોસાથ સ્રોતપાઠ, વાંચન અને સાંજના સમયમાં બેડમિંટનની રમત. અમુક અંશે આ બધામાં રહેલી પ્રમાણબદ્ધતા, નિયમિતતા, વ્યવસ્થિત જીવનશૈલી આ બધું જોઈને મહેમાનો પ્રસન્ન થતાં અને તેમને શાબાશી આપતાં. તેને કારણે બંને બાળકોને ઉત્તેજન મળતું. કેટલાક મહેમાનો એવા પણ હતાં, જે તેમની ખામીઓ દર્શાવી તે સુધારવા માટેના સૂચનો કરતાં. નિશાળોના વર્ગોમાં હોય તેવા નમૂનાના લોંગડેસ્ક અમે તેમના માટે કરાવેલા. સમયાંતરે બાળકોની ઉંમર વધતા આ લોંગડેસ્કની ઊંચાઈ ઓછી પડતી જાય છે તેવો અનુભવ થવા લાગ્યો. લોંગડેસ્કના સહારે લખતી વેળાએ બાળકોને નીચા નમવું પડતું. એક ડૉકટર મહેમાને આ બાબત તરફ અમારું ધ્યાન દોર્યું અને તરત જ મેં મિસ્ત્રી પાસેથી જરૂરિયાત મુજબ નવેસરથી ડેસ્કની ઊંચાઈ વધુ કરાવી લીધી.

તાત્યાસાહેબના બાળપણના સ્નેહી અને વિખ્યાત શાસ્ત્રીય સંગીતકાર પંડિત નારાયણરાવ વ્યાસે અમારા એક મોટા દોષ તરફ અમારું ધ્યાન દોરેલું. ઉપરોક્ત દોષના સંદર્ભમાં તેમણે અમને બંનેને તો નહિ પરંતુ જયંત-અનંત સમક્ષ એક લાંબુ ઉપદેશપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. તેમણે જયંત-અનંતને ઉદ્દેશીને કહ્યું, 'હું તમને તમારા નાનપણથી જોઈ રહ્યો છું. તમારો વિકાસ, તમારી પ્રગતિ સારી રીતે થઈ રહી છે. પરંતુ તમે તમારી મા

પાસેથી વધુ પડતી સેવાઓ લઈ રહ્યા છો, જે મને જરા પણ પસંદ નથી. હવે તમારે જાતે જ સ્વાવલંબનના પાઠ શીખવા જોઈએ અને જીવનમાં તેનું અનુકરણ કરવું જોઈએ. કારણ કે જીવનમાં ઘણી બાબતો એવી હોય છે કે જેમાં સ્વાવલંબનની જરૂર પડે છે. અમારા ગુરુજી પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરે અમને બધા શિષ્યોને ઉત્તમ સંગીતની સાથોસાથ સ્વાવલંબનના ઉત્કૃષ્ટ પાઠ પણ ભણાવ્યાં છે. અમારા ગુરુજીએ અમને પીઠલું-ભાત, રોટલી અને ભાખરી પણ બનાવવાનું શીખવ્યું છે. આનાથી બહુ લાભ થાય છે. આત્મવિશ્વાસમાં વધારો થાય છે.' પંડિત નારાયણરાવ વ્યાસના આ ઉપદેશનો અમારા પર અને બંને બાળકો પર સારો પ્રભાવ પડ્યો હતો.

અમારા નિવાસની આજુબાજુની વિસ્તીર્ણ ખુલ્લી જગ્યા પર તાત્યાસાહેબે એક સુંદર બગીચો અને એક સિમેન્ટનું બેડમિન્ટન કોટ બનાવડાવેલું. આવું બેડમિન્ટનનું કોટ વિદ્યાપીઠની પોતાની ક્રીડાભૂમિ પર પણ ન હતું. આ અમારા કોટ પર રાષ્ટ્રીય સ્તરના નામાંકિત ક્રીડાપટું પણ રમવા આવતાં. તેમની સાથે રમવાનું તાત્યાસાહેબને ખૂબ ગમતું અને આ રમતવીરોને તાત્યાસાહેબ જેવા ગણિતજ્ઞ સાથે રમવામાં ધન્યતા મળતી. આ રમતવીરો જયંત-અનંતને પણ પ્રેક્ટિસ આપતા. તેમની સાથે રમતી વેળાએ બાળકોને તેમની રમવા અંગેની કેટલીક ખૂબી પણ શીખવા મળતી. રાષ્ટ્રીય સ્તરના આવા નામાંકિત રમતવીરોને અમારા બેડમિન્ટન કોટ પર રમતા જોઈને ઉપસ્થિત બધા જ પ્રેક્ષકોને આનંદ થતો. આ સિવાય અમારી અંગત કે કૌટુંબિક બેડમિન્ટન રમતો પણ રમાતી. હું અને જયંત એક તરફ અને તાત્યાસાહેબ તથા અનંત બીજી તરફ, એવી રમતો યોજાતી. ફેમિલી ડબલ્સ સાથે સિંગલ્સ રમતો પણ યોજાતી. જયંત-અનંત ઉત્તમ શોટ મારતા ત્યારે તાત્યાસાહેબ ઉત્તેજનાર્થે તેમને બક્ષિસ આપતા. આ અમારી મીઠી-મીઠી કૌટુંબિક વાતો રંગતની અતિ ઊંચી સપાટીએ પહોંચી જતી તે ક્ષણે જો કોઈ નામાંકિત રમતવીર ત્યાં આવી ચઢે તો અમારી પાળી અમારે ન છૂટકે સમેટી લેવી પડતી. કારણ કે તેમ કરવું જ તાત્યાસાહેબને સ્વાભાવિક રીતે યોગ્ય લાગતું. પણ તેમ થવાથી અમને ખૂબ નિરાશા થતી. આવા પ્રસંગને અનુરૂપ મેં એક વિધાન મરાઠીમાં તૈયાર કરેલું : 'संपत आला की, आमचा खेल संपत आला.' એટલે કે સંપત આવે એટલે અમારી રમત પણ સમેટી લેવી પડે. અહીં સંપત એટલે એક નામાંકિત બેડમિન્ટન રમતવીરનું નામ છે અને 'સંપત' શબ્દનો મરાઠીમાં અર્થ થાય છે સમેટી લેવું. તાત્યાસાહેબને મારું આ દ્વિઅર્થી વિધાન ખૂબ ગમતું. હમણાં હમણાં સુધી તાત્યાસાહેબ આ વિધાનનો ઉલ્લેખ કરતા.

અમારા બેડમિન્ટન કોટ પર રમવા આવતા ક્રીડાપટુઓને રૅકેટ, શટલકૉક કે અન્ય કોઈ ચીજવસ્તુ લાવવી ન પડતી. બધા ઉત્તમ ગુણવત્તા ધરાવતા સાધનો તાત્યાસાહેબ પોતે જ બધાને પૂરતા પ્રમાણમાં પૂરા પાડતા. રમત પૂરી થયા બાદ રોજ બધા રમતવીરોને ઠંડું ઠંડું લીંબુનું શરબત આપવામાં આવતું. આ પણ અમારા 'धन्यो गृहास्थाश्रम' નો જ એક ભાગ હતો.

શાકભાજી, ફળફળાદિ વેચનારાઓ અમારા માટે ઉત્તમ પ્રકારની તાજી ચીજવસ્તુઓ લઈ આવતા અને અમારા ઘરના પાછળના કંપાઉન્ડમાં મારી રાહ જોતા બેસી રહેતા. આવું દશ્ય તો હરહંમેશ જોવા મળતું. એક વાર અમારે ત્યાં પ્રાધ્યાપક માધવ દામોદર અળતેકર મહેમાનગીરી માણલા આવેલાં. શાકભાજી, ફળફળાદિ વેચનારાઓને જોઈને તેમણે મશ્કરીમાં મને કહેલું, 'મુલાકાત માટે ઉમેદવારો આવી ગયા છે. તમે તેમને ક્યાં સુધી બેસાડી રાખવાના છો.' દિવાળી માટેના કોડિયા પાણીની ટાંકીમાં ભીંજવવા માટે થોડીક વાર ડૂબાડીને રાખવામાં આવતાં. પછી તે સૂકવવામાં આવતાં. બપોરથી તેમાં તેલ અને વાટ મૂકવામાં આવતાં. સાંજ પડે ત્યાં સુધી તો દરેક કોડિયાની વાટ તેલમાં તરબોળ થઈ જતી. પછી આ રીતે તૈયાર કરેલા કોડિયા ઘરની ચારે બાજુ જ્યાં શક્ય હોય ત્યાં અને જ્યાં સારા લાગે ત્યાં મૂકવામાં આવતા. અંધારું પડતાની સાથે જ તે બધાં એક પછી એક પ્રજ્વલિત કરવામાં આવતા. આ રસમ પૂરી થયા બાદ નોકરોને મીઠાઈ, ઈનામ વગેરે આપી તેમને રજા અપાતી ને કહેવાતું : 'જાઓ, પોતાના બાલબચ્ચા સાથે મજા કરો!'

હોળી પછીના ધૂળેટીને દિવસે વિવિધ છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ ગુલાલ, રંગ વગેરે સાથે લઈને શિસ્તબદ્ધ રીતે પ્રાધ્યાપકોના આવાસોની મુલાકાત લેતાં. પ્રાધ્યાપકોના પરિવારના સદસ્યોને ગુલાલ કે રંગથી રંગતાં અને હોળીનું એકાદ ગીત સમૂહગાન રૂપે ગાતાં. તે બધાને દરેક પરિવાર દ્વારા મીઠાઈ વહેંચવામાં આવતી. હોળીના દિવસે ખૂબ મીઠાઈની જરૂર પડતી. તાત્યાસાહેબ જે વર્ષે બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિપદે નિમાયેલા તે વર્ષે વિદ્યાર્થીઓ માટે લાવી રાખેલ બુંદીના બે હજાર જેટલા લાડુ પણ ઓછા પડ્યા હતાં. આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમને રંગવા અમારા બંગલે આવેલાં. તે વર્ષે અમારે ત્યાં પનવેલના ધૂતપાપેશ્વર કારખાનાના માલિક નાનાસાહેબ પુરાણિક સહકુટુંબ આવેલા. હોળી અને ધૂળેટીના આ તહેવારની આ ઉજવણી જોઈને તે બધા જ આશ્ચર્યથી દંગ થઈ ગયેલા. વિદ્યાર્થીઓનો આવો પ્રચંડ ઘસારો તાત્યાસાહેબ કેવી રીતે સહન કરી શકે છે તેનો તેમને અચંબો થયેલો. વિશેષ નોંધવા બાબત તો એ હતી કે વિદ્યાર્થીઓની આટલી મોટી સંખ્યા હોવા છતાં તેમનામાં કોઈ પણ સમયે, કોઈ પણ કારણોસર અશિસ્ત વર્તન દેખાયું ન હતું. એટલું જ નહિ પરંતુ ગુરુજનો માટે તેમના મનમાં અંદરની જે લાગણી દેખાયેલી તે અભૂતપૂર્વ હતી. તાત્યાસાહેબને મળવા આવેલા વિદ્યાર્થીઓ હોળીના પરંપરાગત ગીતો ગાતા હતાં. તેમાંના કોઈએ બિભત્સ ગણાય એવો એક પણ શબ્દ ઉચ્ચાર્યો ન હતો. અલબત્ત, એક વાત તાત્યાસાહેબ વિષે સ્વીકારવાની રહી અને તે એ કે પોતાની ખુશી કે નાખુશી, ક્રોધ, પ્રસન્નતા કે અણગમો પ્રસંગાનુસાર પોતાના ચહેરા પર ન દેખાય તે રીતે વર્તનમાં તાત્યાસાહેબ માહિર હતા. બે-ચાર સગાં, મહેમાન કે મુલાકાતી ભેગા થયા હોય ત્યારે પરિવારમાં સુસંસ્કૃત વાતાવરણ ઊભું થાય તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતાં અને આવાં સમયે તેઓ પોતાની અપ્રસન્નતા કુશળતાપૂર્વક છુપાવી શકતાં. તેમ છતાં તેઓ

સ્પષ્ટ વક્તા હોવાને કારણે જ્યારે સ્પષ્ટ બોલવું યોગ્ય અને અનિવાર્ય લાગે ત્યારે જે કાંઈ કહેવાની જરૂર હોય તે બધું જ તેઓ નિઃસંકોચ કહી દેતા. જો ક્યારેક એમ લાગે કે અહીં હાજર રહેવા જેવું નથી તો તેઓ ચૂપચાપ ત્યાંથી ચાલ્યા જતા. એક વાર એવું બન્યું કે તેમના કોલ્હાપુરના એક સ્નેહી પોતાનું બનારસ ખાતેનું એક મોટું મકાન વેચવાની ઈચ્છાથી બનારસ આવ્યા અને અમારે ત્યાં જ રોકાયેલાં. મે માસના ભયંકર તાપમાં તે તાત્યાસાહેબને સાથે લઈ રિક્ષામાં ભરબપોરે વિશ્વવિદ્યાલયથી કાશીનગર જતા. બે-ત્રણ વાર આવી રીતે ધક્કા ખાવા છતાં સોદો થાય નહિ. કારણ કે એજન્ટ તે સોદામાંથી અયોગ્ય રીતે વધુ ને વધુ લાભ મેળવવાના ઈરાદાથી જાણી જોઈને વાટાઘાટો લંબાવતો જતો. ત્રીજી વારની વાટાઘાટોમાં પણ સોદો ન થતો જોઈને તાત્યાસાહેબે ખોટેખોટો રુદ્રાવતાર ધારણ કરી એજન્ટને ખખડાવ્યો : 'તમે જાણી જોઈને આ સોદાનો પાર લાવતા નથી અને અમને તકલીફ આપી રહ્યા છો. તમારા કહેવાથી અમે બંને જણા વારંવાર ભયંકર તાપમાં અને તે પણ અમારા મહત્ત્વના કામો બાજુ પર મૂકી આટલા દૂર તમને મળવા આવીએ છીએ. મારા આ મિત્ર છેક કોલ્હાપુરથી આ કામ માટે અહીં આવ્યા છે. છતાં અમને તમારે કારણે જે ત્રાસ સહન કરવો પડ્યો છે તેના વિષે તમને જાણે કે કશું જ લાગતું નથી. હવે મારે કાયદાની સલાહ લઈને અન્ય કોઈ ઉપાય શોધવો પડશે.' તાત્યાસાહેબે કરેલા આ નાટકીય ક્રોધથી એજન્ટ અને મકાન ખરીદવા ઈચ્છતો ધારક બંને ગભરાઈ ગયા અને સોદો હાથમાંથી જતો રહેશે એ બીકે એજન્ટે તાત્યાસાહેબને જરૂરી રકમ તરત જ રોકડે આપી દીધી. સોદાની બાકીની શરતો નક્કી કરી નાંખી. તાત્યાસાહેબ અને તેમના સ્નેહી ખુશ થયા અને પ્રસન્ન મુદ્રા સાથે ઘેર પાછા આવ્યા. ઘરે પહોંચતા જ પેલા સ્નેહી મને કહે, 'Mrs. Narlikar, Your husband is a great actor.' તેઓ આગળ બોલ્યા કે, 'તાત્યાસાહેબનો રુદ્રાવતાર જોઈને ઓલા એજન્ટ જ નહિ હું પણ ગભરાઈ ગયેલો. ખેર! સોદો થઈ ગયો એનો મને આનંદ છે. હવે હું આવતીકાલે કોલ્હાપુર પાછો જઈશ. મારે કારણે તમને પણ ઘણી તકલીફ થતી હશે.' મેં કહ્યું, 'મને કોઈ તકલીફ નથી. તમે બંને એકબીજાના જૂના મિત્રો, તમારી વાતો સાંભળીને મને પણ આનંદ થાય છે. મને મઝા પડે છે. તમે વધારે રહો તો મને આનંદ જ થવાનો છે.'

❁ કેટલાક વિશિષ્ટ બનાવો ❁

બનારસ ખાતેના અમારા નિવાસના મધ્યસ્થ ખંડમાં અને બહાર બગીચામાં બેડમિન્ટન કોટ હતો તે કોટ પર શાસ્ત્રી, પંડિત અને જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાતોના વ્યાખ્યાન આયોજિત કરવાનું તાત્યાસાહેબને ખૂબ ગમતું. બધા જ સ્તરના શ્રોતાને આવા વ્યાખ્યાનો માટે ગમે એવા વિષયો પસંદ કરવામાં આવતા અને રસ પડે એવા શ્રોતાને આમંત્રિત કરાતા. વ્યાખ્યાન પછી દરેક વખતે કોફીપાન રખાતું. કાલિદાસના 'મેઘદૂત' કાવ્ય પર ઈન્ડોલોજીના જાણીતા વિદ્વાન ડૉ. અગ્રવાલના વ્યાખ્યાનોએ રંગ જમાવેલો. તુલસીદાસજીના

'રામચરિતમાનસ' પર હિંદી વિષયના વિદ્વાનોના વ્યાખ્યાનો આયોજિત કરવામાં આવેલાં. મહાદેવશાસ્ત્રીએ ભાગવતપુરાણના શ્લોકો ઉપર વિસ્તૃત વ્યાખ્યાનો આપેલાં. તેવી જ રીતે મરાઠીના પ્રાધ્યાપક ડૉ. માધવ દામોદર અળતેકરે 'જ્ઞાનેશ્વરી' પર શ્રવણીય અને મનનીય વ્યાખ્યાનો આપેલાં. અળતેકર પોતાની પત્ની સાથે થોડાક દિવસ આરામ કરવા માટે અમારે ત્યાં આવ્યા હતા. તેનો લાભ લઈને તેમના વ્યાખ્યાનો રાખેલાં.

સંગીતના ક્ષેત્રના ખ્યાતનામ ગાયકો તથા ઉગતા અને આશાસ્પદ કલાકારોના ગાયનના કાર્યક્રમો પણ અમારા નિવાસ પર યોજાતાં. હાલની શાસ્ત્રીય સંગીતની નિષ્ણાત ગાયિકા શ્રીમતી ધોંડુતાઈ કુલકર્ણી માય ૧૨ વર્ષના હતાં ત્યારે પોતાના પિતા અને ચાર ભાઈ-બહેનો સાથે આવેલાં અને ત્યારે તેમનું ગાયન પણ તાત્યાસાહેબે ખૂબ ઉત્સાહ અને ઉમંગ ચાહના સાથે અમારે ત્યાં યોજેલાં. ધોંડુતાઈના ગાયનમાં તેમના ભાઈ-બહેનોએ તેમની સંગત કરેલી. મોટા ભાગના મરાઠી ભાષી શ્રોતાને આ કાર્યક્રમ વખતે આમંત્રિત કરેલાં. ત્યાર બાદ ઘણાં વર્ષો પછી શાસ્ત્રીય સંગીતની વિખ્યાત ગાયિકા કેસરબાઈ કેરકરના મુંબઈ ખાતેના નિવાસ પર ખાસ આમંત્રણથી અમે ગયા હતા ત્યારે ત્યાં ધોંડુતાઈની ફરી મુલાકાત થયેલી. ધોંડુતાઈ શિષ્યા તરીકે સંગીત શીખવા કેસરબાઈને ત્યાં રહેતા હતાં.

કેસરબાઈ સાથેની અમારી સર્વપ્રથમ મુલાકાત નાટ્યાત્મક રીતે અને પ્રભાવશાળી ઢંગ સાથે થયેલી. મારા ભાઈ વસંતરાવ હુજૂરબાજાર કેસરબાઈને ત્યાં જતા આવતા હતાં. એક વાર તાત્યાસાહેબે મારા ભાઈને કહ્યું કે, ''આ વિખ્યાત ગાયિકા સાથે હજુ સુધી અમારી પ્રત્યક્ષ મુલાકાત થઈ નથી.' ગોવિંદરાવે આ વાત ધ્યાનમાં રાખી અને એક વાર અમે કોલ્હાપુર-બનારસ વચ્ચે પ્રવાસ કરતા હતા ત્યારે વચ્ચે થોડાક દિવસ અમે ગોવિંદરાવના મુંબઈ ખાતેના નિવાસ પર મુકામ કરેલો. તેનો લાભ લઈ ગોવિંદરાવે કેસરબાઈને કહ્યું કે ડૉ. નારળીકર તમને મળવાની ઈચ્છા ધરાવે છે. ગોવિંદરાવે કેસરબાઈને અનુકૂળ દિવસ અંગે પૃચ્છા કરી ત્યારે કેસરબાઈ બોલ્યા, 'આવડા મોટા વિદ્વાન મને મળવા માંગે છે! તે મને મળવા આવે તો યોગ્ય લેખાશે નહિ. હું પોતે જ તમારા ઘરે તમારા દર્શન કરવા આવું છું.' કેસરબાઈ મોટી ઉંમરના, તેમની તબિયત સારી એવી નબળી, શરીરે કમજોર. ગોવિંદરાવના ઘર સુધી પહોંચવા માટે પાંચ તો દાદરા ચડવા પડે. આ બધી મુશ્કેલીઓ ધ્યાનમાં લઈને ગોવિંદરાવે કેસરબાઈને કહ્યું, 'તમે આવી કોઈ તસ્દી લેશો નહિ. હું જ નારળીકરને લઈને આવીશ.' કેસરબાઈ માન્યા નહિ. તેમણે ગોવિંદરાવને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'મેં એક વાર કહ્યા પછી હું જ આવવાની એ નક્કી!' અને તેમણે કહ્યું હતું તે મુજબ કેસરબાઈ ગોવિંદરાવના મકાનમાં પાંચ દાદરા ચઢીને આવ્યા પણ ખરાં. ચડતી વખતે શ્વાસ ન ચઢે એ માટે મોઢામાં દવાની ગોળી રાખેલી અને તેમની કાળજી લેવાને માટે સાથે જમાઈને પણ રાખેલાં. એક નાની ઉંમરનો પૌત્ર પણ સાથે હતો. ઘરમાં પ્રવેશ કરતાની સાથે જ સૌથી પહેલાં, પૌત્રના હાથમાં આપી રાખેલા પડીકામાંથી એક સુંદર પુષ્પહાર બહાર કાઢ્યો અને તે તાત્યાસાહેબને

પહેરાવ્યો. તાત્યાસાહેબ ના પાડતા હતા છતાં, તેમને પગે લાગ્યા અને પછી જ સ્થાન ગ્રહણ કર્યું. ગોવિંદરાવની આંખમાંથી હર્ષના આંસુ સરવા લાગ્યા. કેસરબાઈ જેવી વિખ્યાત ગાયિકા, જાતે તેમને ત્યાં આવી તેનાથી ગોવિંદરાવ ગળગળાં થઈ ગયાં. તેમને થયેલો આનંદ અવર્ણનીય હતો. કેસરબાઈની ઉપરોક્ત મુલાકાત દરમિયાન જે વાતો થઈ તે ઉદાત્ત, મજાની અને ધીરગંભીર પ્રકારની હતી.

એક બીજી ઘટના પણ નોંધપાત્ર છે. રાજસ્થાન લોકસેવા આયોગના અધ્યક્ષસ્થાને અજમેર ખાતે જે અરસામાં તાત્યાસાહેબ કાર્યરત હતા તે સમય દરમિયાન તેમને મળવા એક મોટા ગજાના મહંત અમારા નિવાસ પર આવ્યા. દિલ્હી ખાતેની સિંધી જમાતની એક જાણીતી સંસ્થા ચિદાકાશી મિશનના પ્રમુખ પદે કામ કરતા આ મહંત તાત્યાસાહેબને મળવા અમારે ત્યાં આવેલા. આ સંસ્થાની શાખાઓ સર્વત્ર પ્રસરેલી છે. પોતાની ઓળખાણ આપવા સારું મહંતે કહ્યું, ‘તમે જયારે ઉચ્ચ પ્રકારનું જ્ઞાન મેળવી કીર્તિ સંપાદન કરીને પાછા આવેલાં ત્યારે કોલ્હાપુર સ્ટેશન પર તમારું સ્વાગત કરવા આવેલાં રાજારામ કોલેજના પ્રાધ્યાપકોમાં હું પણ એક હતો. તમારું સ્વાગત કરવા માટે આવેલા નાગરિકો અને વિદ્યાર્થીઓની વિશાળ સંખ્યા જોઈને હું પોતે જ ખૂબ પ્રભાવિત થયેલો. હવે હું ચિદાકાશી મિશનનો મુખ્ય મહંત છું અને દિલ્હી ખાતે કાયમી નિવાસ કરું છું. અત્યારે મારો મુકામ અજમેર ખાતેની અમારી શાખાના પરિસરમાં છે. અહીં અમારા મિશન દ્વારા એક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તે દરમિયાન તમારા બંનેના પ્રવચનો યોજાય એવી મારી ઈચ્છા છે.’ અર્થાત્ અમે બંનેએ તેમની વિનંતી માન્ય રાખી અને ઉપરોક્ત યજ્ઞમહોત્સવમાં હાજરી આપી. ત્યાં ઘણાં નામવંત સાધુ-સંન્યાસી ભેગા થયેલાં. ઉપરાંત ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠિત નાગરિકો અને વિદ્વાનો પણ મોટી સંખ્યામાં હતા. અમારા વ્યાખ્યાન થયાં. અમારી બંનેની પ્રશંસા કરવાના હેતુથી મહંતે બે શબ્દો કહ્યાં પણ ખરાં. તેમના ગુરુએ વેદાન્ત પર પ્રશ્નોત્તરી રૂપે લખેલું એક પુસ્તક પણ તેમણે તાત્યાસાહેબને ભેટમાં આપ્યું. આ પુસ્તકનું તાત્યાસાહેબ વારંવાર પારાયણ કરતા અને તેનો અમુક ભાગ મને પણ વાંચવાનું કહેતા. પુસ્તક અત્યંત માર્મિક છે.

અજમેરનો કાર્યકાળ પૂરો થયા પછી તાત્યાસાહેબે પૂણે વિદ્યાપીઠના લોકમાન્ય ટિળક વિદ્યાલયનું પ્રાધ્યાપકપદ ગ્રહણ કર્યું. ચિદાકાશી મિશનના વડા મહંત પોતાના થોડાક અનુયાયી સાથે પૂણે ખાતેના અમારા નિવાસ પર પણ મળવા આવેલાં. સાધુસંતોનું આવું આગમન એ જ સાચા અર્થમાં દિવાળી અને દશેરાની ઉજવણી કહેવાય. અમારા નિવાસ પર તેમના આગમનથી અમને બંનેને ખૂબ આનંદ થયેલો.

હું પોતે તો એમ માનું છું કે અમારું જીવન ધન્ય થયું તે, ઘરના વડીલો, મોટી વ્યક્તિઓ અને સાધુસંતોના આશીર્વાદને કારણે જ. અમારા લગ્ન પ્રસંગે હું જે ઉખાણાઓ બોલેલી તેમાં જે આકાંક્ષાઓ મેં વ્યક્ત કરેલી તે બધી જ સંપૂર્ણપણે ફળદાયી સાબિત થઈ છે.

જે વિદ્વાન શાસ્ત્રીજીએ નરસોબાવાડી ખાતે અમારા લગ્ન પ્રસંગે પુરોહિત તરીકે ફરજ બજાવેલી તે શ્રી વિશ્વનાથશાસ્ત્રી કાત્રે મારા માતૃપક્ષના કાકા હતા. તેમણે એક સંસ્કૃત શ્લોકમાં સુબદ્ધ રીતે મારા ભાગ્યનું જે આલેખન કરેલું તે વાંચવાથી મને મારા ભાગ્ય પ્રત્યે આજે પણ ધન્યતાની અનુભૂતિ થાય છે. તેઓ લખે છે :

स्वयं विद्यास्नाता पतिरपि विपश्चित्प्रथमगः ।
स्थितिर्वाराण्यस्यां सुजनविदुषां संगतिसुखम् ॥
यशस्वन्तौ दीप्तौ शशिमिहिरतुल्यौ च तनयौ ।
अहो ते पुण्यानां बहुजनि कृतानां परिणतिः ॥
जयन्ति ते सहस्त्रेपु द्वित्रा धन्या भवादृशाः ।
येषां लोके पुत्रकीर्तिः स्वकीर्तेरतिशायिनी ॥

આ શ્લોકનો ભાવાર્થ : 'મોટીબહેન, તું સ્વયં એક વિદુષી છે. તારા પતિદેવ વિદ્વાનોની હરોળમાં પ્રથમ ક્રમ ધરાવે છે. વારાણસીમાં તમારો વસવાટ છે. વિદ્વાન અને સજ્જન લોકોની તમને સંગત થશે. તારે સૂર્ય અને ચંદ્રની જેમ બે તેજસ્વી પુત્રો થશે. અનેક જન્મોમાં તમે કરેલા પુણ્યકર્મનું આ ફળ તમને મળશે. જેમના સંતાન તેમના માતા-પિતાની તેજસ્વીતાને પણ વટાવી ચૂક્યા હોય એવા તમારા જેવા ભાગ્યશાળી માણસો હજારોમાં બે કે ત્રણ જ હશે. તમારો વિજય થાઓ.'

તાત્યાસાહેબ, જયંત અને અનંત આ ત્રણેનાં નામ વૃતપત્રોમાં જ્યારે જ્યારે પણ છપાતાં ત્યારે ત્યારે અમારા વખાણ કરવા વિશ્વનાથશાસ્ત્રી ક્યારે પણ ચૂક્યા નથી. દિલના ઊંડાણમાંથી તેમણે અનેક વાર અમારી પ્રશંસા કરી છે.

મેટ્રિકની પરીક્ષામાં સંસ્કૃત વિષય માટેની એક ખાસ શિષ્યવૃત્તિ જ્યારે મને એનાયત થયેલી ત્યારે મારી પ્રશંસારૂપે અને આશીર્વાદરૂપે, સંસ્કૃત શ્લોક સૌથી પહેલા વિશ્વનાથશાસ્ત્રીએ રચેલો અને તેની નકલ અમને મોકલેલી. ત્યાર બાદ અમારા લગ્ન થયા પછી ઉપરોક્ત શ્લોકની નકલ એક વાર તાત્યાસાહેબના હાથમાં આપેલી. તેમણે તે શ્લોકમાં થોડોક ફેરફાર કરીને મને વાંચી સંભળાવ્યો. વિશ્વનાથશાસ્ત્રીએ લખેલો મૂળ શ્લોક અને તાત્યાસાહેબે મૂળ શ્લોકમાં કરેલા ફેરફાર સાથેનો શ્લોક આ બંનેને નીચે આપેલા છે :

મૂળ શ્લોક :
सुशीलभूषां समधीत विद्याम् ।
विनीतवृत्तिं गृहकर्मदक्षाम् ।
त्वां वीक्ष्य को वा जनिता न वांच्छेत् ।
कन्यापितृत्वं स्पृहणीयमीदृक् ॥

તાત્યાસાહેબ છેલ્લી બે લીટીઓમાં જે ફેરફાર કર્યા તે ફેરફાર સાથેની લીટીઓ :
त्वां वीक्ष्य को वा सुयुवा न वांच्छेत ।
सुकन्यापतित्त्वं स्पृहणीयमीदृक् ॥

બીજા એક કાત્રે - ન્યાયમૂર્તિ ગણપતરાવ કાત્રેએ જયંત અને તાત્યાસાહેબના જીવનકાર્યની પ્રશંસા કરતો એક શ્લોક પોતે રચેલો અને તે પોતે લખેલા એક પુસ્તકમાં ઉમેરેલો અને તે પુસ્તકની એક નકલ ભેટ તરીકે જયંતને આપેલી. ઉપરોક્ત શ્લોકનો પાઠ નીચે મુજબ છે :

जयंत: कस्य वै पुत्र: । शिशुत्वे तस्य तो गुरु: ।

कथं विद्या यशस्तस्य । विष्णोर्मातातुलांविना ॥

ઉપરના શ્લોકની પ્રથમ લીટીઓમાં ત્રણ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે અને તેની ચોથી લીટીમાં તેના જવાબ આપ્યા છે. જે નીચે મુજબ છે.

પ્રશ્ન	જવાબ
૧. જયંત કોનો પુત્ર છે□	વિષ્ણુ પંતનો.
૨. શૈશવમાં તેના ગુરુ કોણ□	તેની માતા.
૩. તેની વિદ્યા અને યશ કેવા□	‘તુલાંવિના’ એટલે કે અતુલ યશવિદ્યા.
	તેની વિદ્યા અને યશને બીજું ઉપનામ આપી જ ન શકાય.

જેના આધારે ન્યાયમૂર્તિ કાત્રેએ ઉપરોક્ત શ્લોક રચ્યો છે તે મૂળ મજાનો સંસ્કૃત શ્લોક નીચે મુજબનો છે :

भोजनान्ते च किं पेयं । जयंत: कस्य वै सुत: ।

कथं विष्णुपदं प्रोकतम् । तक्रं, शक्रस्य, दुर्लभम् ।

ભાવાર્થ :

ભોજનના અંતે કયું પેય લેવું□તર્ક - છાશ

જયંત કોનો પુત્ર□ઈન્દ્રસ્થ-ઈન્દ્રનો-(શક્રસ્ય)

વિષ્ણુપદ કેવું છે□દુર્લભ

હવે સંસ્કૃત ભાષાનું જ્ઞાન બહુ ઓછા લોકો ધરાવે છે. તેથી ઈન્દ્રને છાશ દુર્લભ હોય છે એવો હાસ્યાસ્પદ નિષ્કર્ષ ઘણાં કાઢતા હોય છે. આવા લોકોની દયા ખાધા સિવાય બીજું તો શું કરી શકાય□- શું કહી શકાય□

❁ કૅમ્બ્રિજ યાત્રાના કેટલાક યાદગાર પ્રસંગો ❁

તાત્યાસાહેબ અને હું બંને ૧૯૬૩માં કૅમ્બ્રિજ પ્રવાસે ગયેલાં. જયંતને ડૉક્ટરેટ મળવાનો પ્રસંગ હતો. તેથી અમારો એક હેતુ તે આકર્ષક અને ભવ્ય પ્રસંગ જાતે નિહાળવાનો હતો. પણ તેની સાથે બીજો પણ હેતુ હતો જ. અમારા પરિવારમાંથી જયંત, અનંત અને તાત્યાસાહેબ એ ત્રણે અને મારો ભાઈ વસંતરાવ આ ચારે એક યા બીજા સમયે કૅમ્બ્રિજમાં ભણવા ગયેલાં અને ત્યાં ઉત્તમ કારકિર્દી બનાવેલી અને પારિતોષિકો સાથે સ્વદેશ પાછા ફરેલા. આ ચારે જણા જ્યારે જ્યારે ભેગા થતાં ત્યારે ત્યારે કૅમ્બ્રિજની વાતોમાં તલ્લીન થઈ

જતાં હતા. મેં કૅમ્બ્રિજ નહિ જોયેલું. એટલે હું તેમની વાતોમાં સામેલ ન થઈ શકતી. મારી આ ઉણપ દૂર કરવા માટે અને જે કૅમ્બ્રિજ માટે આ ચારે જણાને આટલી બધી આત્મીયતા હતી તે કૅમ્બ્રિજ જાતે જોવાનો મારો બીજો હેતુ હતો.

વિશેષ હર્ષની બાબત તે હતી કે તાત્યાસાહેબના જૂના શિક્ષક કે જેઓ ૧૯૬૩માં ૮૦-૮૫ વર્ષની ઉંમર વટાવી ગયેલા, તેમને અમે મળી શક્યા. તેમને મળવા જયંત અને અનંત અમને બંનેને તેમના નિવાસ સ્થાને લઈ ગયેલા. તે ગુરુ પતિ-પત્નીએ અમારું અત્યંત આત્મીય અને વાત્સલ્યપૂર્ણ સ્વાગત કરેલું. મુલાકાત બાદ તેમની રજા લેતી વખતે બધા અમને બધાને અચૂક કહેતા, 'Go but come back again.' - આવજો, ફિર મિલેંગે કહેતાં. પ્રાધ્યાપક કનિંગહૅમ તો તાત્યાસાહેબ અને રૅંગ્લર મહાજની એ બંનેના ગુરુ. તેમના નિવાસ પર અમને ચા-નાસ્તા માટે આમંત્રણ આપેલું. શ્રીમતી કનિંગહામની ઉંમર તે સમયે ૮૦ વર્ષની હતી. હાઉસકીપરની મદદથી તેમણે પોતાનું ઘર અત્યંત સ્વચ્છ, વ્યવસ્થિત અને આકર્ષક રીતે સજાવેલું. તેમનો બગીચો પણ સુંદર હતો. અમારી મુલાકાતની ઉજવણી રૂપે તેમણે તેમનો એક જૂનો અને તેમને ખૂબ ગમતો ટી સેટ બહાર કાઢેલો. આ ટી સેટના ઈતિહાસની વિગતો તેમણે અમને સંભળાવેલી હતી. મૂળ આ ટી સેટ તેમની માતાના લગ્ન પ્રસંગે, ભેટના રૂપમાં તેમની માતાને મળેલો. અને માતાએ દીકરીને એટલે કે મિસિસ કનિંગહૅમને તેના લગ્ન પ્રસંગે ભેટમાં આપ્યો હતો તે જ આ ટી સેટ. તે સેટમાંથી એકાદ કપ અને રકાબી સ્મૃતિ ચિહ્ન તરીકે મારે સ્વીકારવા જોઈએ એવું તેમણે મને સૂચવ્યું. કેટલું મોટું મન! પરંતુ તેમ કરવા મેં ના પાડી. કારણ કે કોઈ વૃક્ષ પરનું એકાદ સુંદર ફૂલ તોડવાથી જે ભાવનાહીનતાનો અનુભવ થાય છે તેવો જ આ અનુભવ મને થયો હોત. આંગ્લ કવિ લૉર્ડ ટેનિસની એક કવિતાના પાઠની હું શોધમાં હતી. પ્રાધ્યાપક કનિંગહૅમે મને ઉપરોક્ત કવિતા પોતાના સોનેરી બાઈંડિંગવાળા પ્રિય પુસ્તકમાંથી તરત જ શોધી આપી. ગત અનેક મહિનાઓ દરમિયાન ભારતમાં આ કવિતા હાથવગી કરવાના મેં પુષ્કળ પ્રયત્ન કરેલાં પરંતુ તેમાં મને સફળતા નહિ મળેલી. અમારી આ મુલાકાત દરમિયાન પ્રાધ્યાપક કનિંગહૅમે પોતે પોતાના સોનેરી લેહરનવાળા પુસ્તકમાંથી તે મને શોધી આપી હતી. આ પણ એક સોનેરી નસીબ જ કહેવાયને!

અમે સર હેરોલ્ડ જેફ્રીજ તથા લેડી જેફ્રીજને પણ મળ્યાં. સર હેરોલ્ડ જેફ્રીજ એ તાત્યાસાહેબ અને મારો ભાઈ વસંતરાવ, આ બંનેના ગુરુ. લેડી જેફ્રીજ કૅમ્બ્રિજમાં કન્યા મહાવિદ્યાલયમાં પ્રાધ્યાપિકા હતાં. બંને પતિ-પત્ની પ્રકાંડ વિદ્વાન. અમે એમને ત્યાં ગયા તે અરસામાં તેમની સાથે લેડી જેફ્રીજની માતા અને માસી બંને રહેતા હતા. તે બંને ૯૦ વર્ષની ઉંમર વટાવી ચૂકેલાં હતાં. લેડી જેફ્રીજે ભોજનની સુંદર વ્યવસ્થા કરેલી. ભોજન સમારંભ પતી ગયા બાદ લેડી જેફ્રીજ વાસણ ઉટકવામાં લાગી ગયા. તેમના આ કામમાં મદદ કરવા હું પણ તેમની સાથે જોડાઈ ત્યારે તેઓ તરત જ બોલ્યા, 'મહેરબાની કરીને તમે આ કામ ન

કરો, કારણ કે તમને તેની ટેવ નહિ હોય.' આ બંને પતિ-પત્ની કાશી વિદ્યાપીઠની મુલાકાતે આવેલા ત્યારે બંનેના વ્યાખ્યાનો ગોઠવેલાં. લેડી જેફ્રીજે તેમના એક વ્યાખ્યાન દરમિયાન પેપર લખવાની જયંતની શૈલીની ખૂબ પ્રશંસા કરેલી. 'ક્યાંય પણ છેકછાક નહિ, પરીક્ષક ગમે તેટલો પ્રયાસ કરે તો પણ ભૂલ દેખાય જ નહિ. મારી જેમ અન્ય પરીક્ષકો પણ જયંત વિષે આવો જ અભિપ્રાય ધરાવતાં હતાં.' વિશાળ જનસુમદાયની ઉપસ્થિતિમાં અને વિશેષ તો કાશી વિશ્વવિદ્યાલયના વ્યાખ્યાનકક્ષમાં પોતાના પુત્ર જયંત અંગે કૅમ્બ્રિજના પ્રાધ્યાપકો જાહેરમાં આવી પ્રશંસા કરે તે સાંભળીને તાત્યાસાહેબ ધન્ય ધન્ય થઈ ગયેલાં. કૅમ્બ્રિજના પ્રોફેસરોના તે ઉદ્ગાર સાંભળીને શ્રોતાઓએ તાળીઓનો જે પ્રચંડ ગડગડાટ કરેલો તેને કારણે તાત્યાસાહેબને કૃતકૃત્યતાની અનુભૂતિ થયેલી. સર હેરોલ્ડ જેફ્રીજે પણ તેમના વ્યાખ્યાનમાં તાત્યાસાહેબ તથા વસંતરાવ વિષે આવા જ પ્રશંસાના ઉદ્ગાર કાઢેલા અને તે વખતે પણ કાશી વિશ્વવિદ્યાલયના શ્રોતાઓએ તાળીઓનો ગડગડાટ કરી તે ઉદ્ગારોને વધાવી લીધેલાં. ત્યાર બાદ અમે લેડી જેફ્રીજને મળ્યા. તેમણે કહ્યું, 'તમારા પરિવારના છોકરાઓ કૅમ્બ્રિજ આવીને નામ કમાવી સ્વદેશ પાછા ફર્યા છે, હવે તમારી દીકરીઓને નામ કમાવવા માટે અમારે ત્યાં મોકલો.'

કૅમ્બ્રિજની અમારી આ મુલાકાત દરમિયાન વિખ્યાત સાહિત્યકાર ફૉસ્ટર સાથે અમારો પરિચય થયેલો. તે અમારા આ પ્રવાસની એક ઉપલબ્ધિ ગણાય. આ ફૉસ્ટર સાહેબ યુવાન હતા ત્યારે ભારતની એક રિયાસત-દેવાસના રાજદરબારી સેવક હતા. સમયાંતરે કોલ્હાપુર રિયાસત સાથે દેવાસ રિયાસતના લગ્ન સંબંધ ગોઠવાયેલાં. તે કારણે ફૉસ્ટર સાહેબનો કોલ્હાપુર રાજઘરાના સાથે પણ સંબંધ બંધાયેલો. તેમની અવલોકનશક્તિ અત્યંત સૂક્ષ્મ હોવાથી રાજઘરાનાની કૌટુંબિક રીતભાત અને રાજદરબારની શાસકીય રીતભાત, તહેવારો, વિવિધ ઉત્સવપ્રસંગો, અન્ય સમારંભો ઈત્યાદિની ઘણી માહિતી તેમની પાસે હતી. તેમને જ્યારે ખબર પડી કે ભારતમાંથી આવેલો આ નવો વિદ્યાર્થી જયંત નારળીકર મૂળ કોલ્હાપુરનો છે ત્યારે તેમણે હોંશે હોંશે જયંત સાથે પોતાનો પરિચય કરાવેલો. જયંતની બોલવાની ઢબ, ચાલવાની ઢબ, તેનું વર્તન આ બધું જ એકંદરે ફૉસ્ટર્સ સાહેબને ખૂબ જ ગમતું. કિંગ્ઝ મહાવિદ્યાલયના ફેલો તરીકે ફૉસ્ટર સાહેબ પોતાના નિવાસ માટે જે ઓરડાઓ વાપરતા તેને અડીને જ એક ઓરડો ખાલી હતો. તે કોને ફાળવવો એ અંગે વિચાર ચાલતો હતો ત્યારે ફૉસ્ટર સાહેબને જયંતનું નામ સૂઝેલું. ફૉસ્ટર સાહેબની ઈચ્છાને ત્યાં ઘણું માન અપાતું અને તેની લીધે ૨૫ વર્ષની ઉંમરનો જયંત ૮૦ વર્ષની ઉંમરના એક મહાન લેખકનો પડોશી બનેલો. બંને વચ્ચે બાથરૂમ એક જ હતી. જે ફૉસ્ટર સાહેબને મળવું ખૂબ દુર્લભ અને મુશ્કેલ હતું, જેમની સાથે વાત કરવી એ તો કૅમ્બ્રિજના મોટા મોટા વિદ્વાનો માટે પણ દુર્લભ ગણાતું. તે જ ફૉસ્ટર સાહેબ જયંત સાથે દાદાજીની જેમ સ્નેહથી, આત્મીયતાથી વર્તન અને વ્યવહાર કરતા. જયંત કેટલો ભાગ્યશાળી ગણાય!

અમે જ્યારે જયંતના રૂમમાં ગયા ત્યારે નાના બાળકમાં જે ઉત્સાહ હોય છે તેટલા ઉત્સાહ સાથે ફૉસ્ટર સાહેબ અમને મળવા આવ્યા. એકબીજાની ઓરડીઓમાં અવરજવર કરવા માટે અંદરથી જોગવાઈ હતી જ. અમારી વચ્ચે દેવાસ અને કોલ્હાપુર અંગેની વાતો ખૂબ જામી. દેવાસ દરબારમાં તેમને જે અનુભવ થયેલાં તેમાંથી કેટલાક મજાના બનાવોનું ફૉસ્ટર સાહેબે અમારી સમક્ષ વર્ણન કર્યું. દેવાસ દરબાર વતી મળેલી ભેટ તેમણે સાચવી રાખેલી. તેમાંની ઘણી ચીજો તેમણે અમને બતાવી. દા.ત. વિવિધ પ્રકારનો વસ્ત્રો, પાઘડી, સાફા વગેરે. દેવાસના રાણી સાહેબે ફૉસ્ટર સાહેબની માતા માટે જરીનું એક શેલું (એક પ્રકારની જરીની કિંમતી સાડી) આપેલું તે પણ તેમણે અમને બતાવ્યું. ફૉસ્ટર સાહેબ આજીવન કુંવારા જ રહેલાં. બધી વસ્તુઓ જોયા પછી મેં ફૉસ્ટર સાહેબને કહ્યું કે રાજદરબારી વસ્ત્રોમાં તે કેવા લાગે તે જોવાનું અમને ગમશે. આ સાંભળીને ફૉસ્ટર સાહેબ હસ્યા અને બોલ્યા, 'હું હવે જરા જાડો થયો છું, તેથી મને આ પોશાક સાંકડો પડશે. આપણે આ વસ્ત્રો જયંત-અનંતને પહેરાવીએ. તેમની આ કલ્પના અમે ઉત્સાહભેર વધાવી લીધેલી. અને તરત જ તે કાર્યાન્વિત પણ કરેલી. દરબારી પોષાક પહેર્યા પછી જયંત-અનંતને અમે ફૉસ્ટર સાહેબની અડખે પડખે ઊભા કર્યા અને મેં તેમના બે ફોટા પણ પાડ્યા તથા તે ફોટા સારા આવે એવી ઈશ્વરને પ્રાર્થના પણ કરી. ફોટા ખરેખર સારા આવ્યા છે. ફૉસ્ટર સાહેબે લખેલા પુસ્તક 'Hill of Devi' માં દરબારી રિયાસતમાં તેમના કાર્યકાળ દરમિયાનનું વર્ણન આ પુસ્તકમાં કર્યું છે. તે ખૂબ જ માહિતીસભર અને રસપ્રદ છે. તેમણે તેમનાં કેટલાંક પુસ્તકો ભેટ તરીકે અમને આપ્યા. તેમના નિવાસના કક્ષમાં અમને ચા પીવા માટે પણ બોલાવેલાં. ભારત વિષેની વાતો દરમિયાન તેમણે કહ્યું, 'I love India, by heart, I am half Indian.' અમે સ્વદેશ પાછા આવવા માટે કૅમ્બ્રિજથી નીકળ્યા ત્યારે મનમાં વિચાર આવ્યો કે ભવિષ્યમાં ફૉસ્ટર સાહેબ સાથે મુલાકાત થશે ખરી□આ વિચારથી મન ઉદાસ થયું.

જયંત અને અનંત કૅમ્બ્રિજમાં ભણતા હતા ત્યારે તાત્યાસાહેબના ગુરુજનો-થૅચર અને કનિંગહૅમ પણ તાત્યાસાહેબને અવારનવાર પત્રો લખતા. તેમાં જયંત-અનંત માટે પ્રશંસાનો ઉલ્લેખ અવશ્ય કરતાં. તેમાંના એક પત્રમાં થૅચર સાહેબે લખ્યું હતું કે, 'જયંતના પ્રોફેસર હૉવેલ મળ્યા હતા. તેમણે જયંત વિષે જે અભિપ્રાય વ્યક્ત કર્યો છે તે તમને જણાવ્યા વિના મને ચેન નહિ પડે. હૉવેલે મને કહ્યું હતું કે બીજા વિશ્વયુદ્ધ બાદ કૅમ્બ્રિજમાં ભણવા માટે આવેલા સર્વ વિદ્યાર્થીઓમાં જયંત સર્વોત્તમ વિદ્યાર્થી ઠરશે.' કિંગ્ઝ કોલેજના ફેલો તરીકે જયંતની સર્વાનુમતે વરણી કરવામાં આવેલી. તે વખતે ત્યાંના મુખ્ય અધિકારીઓએ તાત્યાસાહેબનું અભિનંદન કરતો તથા પોતાનો આનંદ વ્યક્ત કરતો એક પ્રદીર્ઘ પત્ર અમને લખેલો. આવા પત્રો અમારા બંને માટે અણમોલ ખજાના જેવા લાગે એ સ્વાભાવિક જ ગણાયને!

કુશાગ્ર બુદ્ધિ હોવા ઉપરાંત તાત્યાસાહેબના કેટલાક એવા સદ્‌ગુણો હતાં. તેને લીધે તેઓ પોતાના ગુરુજનોમાં અત્યંત પ્રિય થઈ ગયેલાં. દા.ત. નમ્રતા, સત્ય પ્રત્યેનો

સ્વાભાવિક લગાવ, ગુરુજનો અને વૃદ્ધો પ્રત્યે નિતાંત આદર, જીવન વ્યવહારમાં સાદાઈ, સંશોધનના કામમાં સંપૂર્ણ નિષ્ઠા, પરિશ્રમ કરવાની તત્પરતા, આળસનો અભાવ આ બધા તાત્યાસાહેબના ગુણવિશેષ હતાં. આ હકીકતોની નોંધ લેવાનું કોને મન ન થાય□૧૯૩૭નો આ બનાવ ભારતીય સાયન્સ કોંગ્રેસના અધિવેશનમાં હાજરી આપવા માટે ઈંગ્લેન્ડના કેટલાક વૈજ્ઞાનિકો અને વિદ્વાનોનો એક સમૂહ ભારત આવેલો. માલવિયાજીએ તે સમૂહના સદસ્યોને કાશી વિશ્વવિદ્યાલયની મુલાકાત લેવા આમંત્રણ પાઠવેલું અને તેમના બનારસ જમવા રહેવાની ઉત્તમ વ્યવસ્થા કરેલી. તેમના વિશેષ નૈપુણ્ય અને કીર્તિ સંપન્ન વૈજ્ઞાનિકો માટે કાશી વિશ્વવિદ્યાલયે એક વિશેષ પદવીદાન સમારંભમાં ડૉક્ટરેટની માનદ્ પદવી એનાયત કરેલી. તેમાં તાત્યાસાહેબના ગુરુ ડૉ. એડિંગ્ટન પણ હતા. તાત્યાસાહેબે પોતાના આ ગુરુની વિશેષ કાળજી લીધી અને સમગ્ર રીતે વિચાર કરીને તેમની વ્યવસ્થા પોતે જાતે જ કરી.

તાત્યાસાહેબના અગાઉ ઉલ્લેખિત બધા જ સદ્ગુણો અમારા બંને પુત્રો જયંત અને અનંતના જીવનવ્યવહારમાં પણ આબેહૂબ ઉતર્યા છે અને તેથી તે બંને જ્યારે ભણવા માટે કેમ્બ્રિજ ગયા ત્યારે જાણે કે પોતાના પૌત્રો જ ભારતથી ઈંગ્લેન્ડથી આવ્યા છે એવો ભાવ તાત્યાસાહેબના ગુરુજનોના મનમાં ઉભો થયેલો. પોતાના પિતાની જેમ અમારા બંને પુત્રોએ પણ પોતાના ગુરુજનોને અને પિતાજીના વૃદ્ધ ગુરુજનોને પોતીકા બનાવી લીધેલા. એક વાર જયંતને ઈંગ્લેન્ડમાં સ્કૂટર અકસ્માત નડેલો તેથી તેના પગમાં ગંભીર ઈજા થયેલી. મોટું ઓપરેશન કરવું પડેલું. અમે તો અહીં ભારતમાં જ હતા. પરંતુ ત્યાંના બધા જ ગુરુજનોએ અત્યંત આત્મીયતા સાથે જયંતની સંપૂર્ણ સારસંભાળ રાખેલી. અમારી ચિંતા ઓછી થાય તે માટે અમને વખતોવખત સ્નેહ ભરપૂર પત્રો પણ લખતા રહેલાં. થોડાક દિવસ જયંતને ચાલવા માટે ઘોડીનો ઉપયોગ કરવો પડેલો. આ બધા ગુરુજનોની સક્રિય સહાય અને પરમેશ્વરની કૃપાથી જયંત આ ભયંકર કટોકટીમાંથી સહીસલામત બહાર નીકળ્યો એટલું જ નહિ પરંતુ વાર્ષિક પરીક્ષામાં તેણે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને આ સમગ્ર ઘટનાને આનંદપર્યવસાયી કરી મૂકેલી. બધા જ ગુરુજનો અને તેનાં ત્યાંના મિત્ર પરિવારનો પરિશ્રમ સાર્થક થયો એમ કહેવાય. આવા સુખદ અંતિમ પરિણામને લીધે બધાની આંખોમાં હર્ષના આંસુ આવેલાં.

૧૯૬૩માં કેમ્બ્રિજની યાત્રા પૂરી કરીને અમે સ્વદેશ પાછા આવ્યા ત્યારે જયંત પણ અમારી સાથે પાછો ફર્યો. સ્વદેશ પાછા આવવા માટે અમે વિમાનમાં ચઢતાની સાથે જ મારા ધ્યાનમાં આવ્યું કે મારી પ્રિય ફોલ્ડિંગ છત્રી અમારા સામાન સાથે વિમાનમાં ચઢી નથી. અમે બધાએ ખૂબ શોધાશોધ કરી પરંતુ અમને છત્રી જડી નહિ. લંડનના વિમાન મથક પર તે રહી ગઈ હશે એનું અમને લાગ્યું, પણ હવે તે મળવાની કોઈ શક્યતા ન દેખાઈ. પ્રવાસ દરમિયાન મેં જયંતને કહ્યું કે બે મહિના પછી તે ઈંગ્લેન્ડ જાય ત્યારે લંડન પહોંચ્યા પછી લૉસ્ટ પ્રોપર્ટી ઓફિસમાં અવશ્ય તપાસ કરજે અને મને તે અંગે પત્ર દ્વારા જાણ કરજે. છત્રી પર મારું નામ કે ઓળખાણ માટેના અન્ય કોઈ પુરાવા ન હતાં. તેમ છતાં આશ્ચર્યની વાત એ

બની કે જયંતને મારી છત્રી ત્યાં પાછી મળી. આ ખુશીમાં તેણે અમને તાર દ્વારા આ મુજબ જણાવ્યું : 'Arrived safe' - Chatrapati Jayant

તાર પર જયંતે પોતાની જે સહી કરી હતી તેમાં છત્રપતિ આ શબ્દ ઉમેરેલો હોવાથી અમને બંનેને ખાત્રી થઈ કે મારી છત્રી પાછી મળી ગઈ છે. આ છત્રપતિ શબ્દને લીધે અમને અવારનવાર આનંદમિશ્રિત આશ્ચર્ય થયા કરતું.

❁ ઉનાળાની રજાઓના કાર્યક્રમો ❁

દર વર્ષે મે મહિનાની રજાઓમાં અમે અમારા વતન કોલ્હાપુર જતાં. તે દિવસો દરમિયાન મહાદ્વાર વિસ્તારના મારા સાસરવાસમાં તથા ભેડે ગલીમાં હુજૂરબાજાર પરિવારના મારા પિયરમાં જાણે કે મેળો ભરાતો. બંને પરિવારોમાં ઉત્સવોનો માહોલ રહેતો. અમારા સગાંઓ રહેવા કે મળવા આવ્યા જ કરતા. મુલાકાતીઓમાં નગરના ઘણાં નાના મોટા રહેવાસીઓ અને સ્નેહીજનોની સંખ્યા ખૂબ મોટી રહેતી. તેમની સાથે વાતો કરવામાં મજા પડતી. કેટલીક સંસ્થાના સંચાલકો પણ આવતા અને તેમની સંસ્થાની મુલાકાત લેવાનું અમને આમંત્રણ આપતાં. ઉપરાંત મુલાકાતીઓમાં ઘણાં કલાકારો, નૃત્યકારો, ગાયકો, અભિનેતાઓની ભીડ પણ જામતી. તેઓ તાત્યાસાહેબને મળવાના ખાસ હેતુથી અમારા નિવાસ પર આવતા. અમારા નિવાસ પર તેમના કાર્યક્રમો પણ આયોજિત કરાતા. ઉપરોક્ત કાર્યક્રમોમાં ગાયન, વાદન, કાવ્યપઠન, ભજન, મિમીક્રી વગેરે વૈવિધ્યપૂર્ણ બાબતોનો ભરપૂર સમાવેશ થતો.

ક્યારેક ક્યારેક મહેમાનો સાથે વિવિધ પ્રવાસનું આયોજન પણ થતું. તેમાં ખાસ બસની મુસાફરી દ્વારા કાત્યાયની, જ્યોતીબા ડુંગર, હવા ખાવા માટેનું ઐતિહાસિક સ્થળ પન્હાળા, સહ્યાદ્રિના રમ્ય ઘાટ વગેરેનો સમાવેશ થતો. આવા સેરસપાટામાં સામેલ થયેલા બધાને ખૂબ મજા પડતી. એક વાર તો પન્હાળામાં ત્રીસથી પાંત્રીસ જણના જુથ સાથે પંદર દિવસનો મુકામ ગોઠવેલો. તે માટે એક રિયાસતની માલિકીનો બંગલો ભાડે મળી ગયેલો. ઉનાળામાં પન્હાળાની મોસમ ખુશનુમા હોય છે. સાંજ પડે એટલે બધા ફરવા જતા અને રાતના ભોજન પછી મોડે સુધી બધા ભેગા મળીને ગપાટા મારતા. તે દરમિયાન કેટલાક પોતાની કળાનું પ્રસ્તુતીકરણ પણ કરતા. એક રાત્રે બધા છોકરા-છોકરીઓને તેમને ગમે તે અને આવડે તે રીતે ગીતો રજૂ કરવાનું કહેવાયું. તેમાં બધા છોકરા-છોકરીઓ ઉત્સાહભેર ભાગ લેતા. અલબત્ત તેમાં એક દસ વર્ષનો છોકરો ખૂબ જ શરમાળ અને સંકોચશીલ હતો. તેને બધા ઉત્સાહીત કરવાનો પ્રયાસ કરતા, છતાં તેના પર તેની કોઈ અસર ન થઈ. છેવટે બધા જ પોતપોતાની પથારી પર સૂવા માટે આડા પડ્યા ત્યારે અંધારામાંથી કોઈ સુંદર શ્લોક બોલી રહ્યું છે તે સંભળાયું. આ ચમત્કાર સાંભળીને બધા જ ફરી પથારીમાં બેઠા થયા અને જોયું તો ખબર પડી કે તે દસ વર્ષનો છોકરો જ કવિતાપાઠ કરી રહેલો. બધા હસવા લાગ્યા

તેથી તે બિચારો શરમાઈ ગયો. તાત્યાસાહેબ તેની પાસે ગયા અને તેમણે તેને શાબાશી આપી અને હિંમત આપી. તેનો કવિતાપાઠ પૂરો થયા પછી બધાએ તાળીઓ પાડીને તેને વધાવી લીધો. તેનાથી તેના ચહેરા પર આનંદ અને પ્રસન્નતા છવાઈ. ત્યાર બાદ બધા જ નિદ્રાને વશ થયેલાં.

અમારે ત્યાં આવેલા મહેમાનો સાથે અમે ક્યારેક નાટક અથવા ક્યારેક સિનેમા જોવા જતા. તે દિવસે ત્રીસથી પાંત્રીસ ટિકીટો લેવી પડતી અને તેને કારણે ઘણો ખર્ચ થતો. પરંતુ તેના સિવાય અન્યત્ર બધાની સાથે મળીને આનંદ કરવાનો મોકો ક્યાં અને ક્યારે મળવાનો હતો□

બનારસથી કોલ્હાપુર અને કોલ્હાપુરથી બનારસ આ બે બાજુનો અમારો પ્રવાસ હંમેશ મજાનો અને આરામદાયક નીવડતો. તે જમાનામાં આજની જેમ તકલીફ ઊભી કરતી કૉરિડોર રેલગાડીઓમાં ન હતી. તે જમાનામાં બીજા વર્ગના રેલ ડબ્બાઓમાં હાલના પહેલા વર્ગના રેલ ડબ્બા કરતાં વધારે સગવડો મળતી. દા.ત. ડબ્બાને અડીને એક મોટાં અને પ્રશસ્ત સ્નાનગૃહની સગવડ મળતી. અમારી સગવડ ખાતર પ્રવાસ દરમિયાન અમે ઘણો સામાન સાથે રાખતા. દા.ત. અન્ય સામાન ઉપરાંત બાળકોના પુસ્તકો અને રમકડાંઓ પણ અમે સાથે રાખતાં. તાત્યાસાહેબના પુસ્તકોની સંખ્યા પણ મોટી રહેતી. તેવી જ રીતે ખાદ્ય પદાર્થોની પણ રેલમછેલ રહેતી. બે થર્મોસ અને પાણીના બે મોટા કુંજા પણ અમે સાથે રાખતાં. જેમાં ઉકાળીને ઠંડુ કરેલું પાણી રાખતાં. કોલ્હાપુર સુધીના પ્રવાસ દરમિયાન અમને આ પાણી પૂરું પડી રહેતું. એક વાર એક મજાની ઘટના બનેલી. કોલ્હાપુર નજીકમાં જ હતું. આટલામાં એક નાનકડા સ્ટેશન પર અમારી ટ્રેન ઊભી રહી અને ત્યાં અમારા ડબ્બામાં 'રાજારામ રાયફલ્સ'ના ચારથી પાંચ જવાન દાખલ થયા. શરૂઆતમાં અમને આ ન ગમ્યું. પરંતુ કોલ્હાપુર નજીકમાં જ હોવાથી અમે કોઈ તકરાર ઊભી ન કરી. અકસ્માત જ તે પ્રવાસ દરમિયાન અનુક્રમે છ અને ચાર વર્ષના જયંત અને અનંતે લશ્કરના જવાનોનો આબેહૂબ પહેરવેશ પરિધાન કરેલો. તે જોઈને અમારા ડબ્બામાં દાખલ થયેલા લશ્કરના જવાનો ખૂબ જ ખુશ થયેલાં. તે અમારા બાળકો સાથે હળીમળીને રમવા લાગ્યાં. એટલામાં કોઈનો ધક્કો લાગવાથી અમારા બે કુંજામાંથી એક કુંજો નીચે પટકાયો અને જોતજોતામાં તેનો ભુક્કો થયો. અમે તે દરમિયાન અનેક વાર પ્રવાસ કર્યા છતાં કુંજો કોઈ દિવસ ફૂટ્યો ન હતો. છેક બનારસથી લાવેલા તે કુંજામાં ગંગા નદીનું પાણી હજુ થોડુંક બાકી હતું. અમારા ડબ્બામાં તે ઢોળાયું. પણ પેલા જવાનોએ તેનો જરૂરી રસ્તો કાઢ્યો. પ્રવાસ પૂરો થયા પછી અમે જ્યારે ઘરે પહોંચ્યા ત્યારે આ ઘટનાની જાણ થતાં બધાને કુંજો ફૂટવાનું અને ગંગા નદીના પવિત્ર જળનું નુકસાન થયાનું દુઃખ થયું. ખાસ તો એટલા માટે કે દર વખતે અમે બધાને માટે બનારસથી ગંગાજળ લાવતા અને તેના પર તથા બનારસની બનાવટના કુંજા પર બધાનો અધિકાર રહેતો.

પરિવારના કાયમી સભ્યો અને રજા દરમિયાન મુલાકાતે આવેલા બહાર ગામના કેટલાક સગાસંબંધીઓ ઉપરાંત કોલ્હાપુરમાં કાયમી નિવાસ કરનારા કેટલાક ખ્યાતનામ કલાકારોને મળવાનો કાર્યક્રમ પણ તાત્યાસાહેબને ખૂબ ગમતો. તેવી જ રીતે આવા કલાકારો પણ તાત્યાસાહેબને મળવા હંમેશા ઉત્સુક રહેતાં. આવા કલાકારોમાં માસ્ટર વિનાયક, ભાલજી પેંઢારકર, કૃષ્ણાબાઈ કેળવકર, તેમના ભાઈ બેરિસ્ટર કેળવકર, પ્રાચાર્ય આપ્ટે, વિખ્યાત હાર્મોનિયમ વાદક ગોવિંદરાવ ટેંબે, નાટ્યક્ષેત્રના શંકરરાવ સરનાઈક જેવા કલાકારોનો સમાવેશ થતો હતો. ગોવિંદરાવ ટેંબે પોતાના નિવાસ પર અમને બોલાવીને પોતે હાર્મોનિયમ વગાડવાનો કાર્યક્રમ રાખતાં. નાટ્યક્ષેત્રમાંથી સ્વૈચ્છિક સેવા નિવૃત્તિ લીધા બાદ સરનાઈક બુવાએ એક ખાસ ભજન મંડળની સ્થાપના કરેલી. તેઓ અમારા માટે તેમની મંડળીના ખાસ કાર્યક્રમોની ગોઠવણ કરતા. તેઓ કેટલાક ભજનો ગાતા ત્યારે ખરેખર જ કાર્યક્રમમાં રંગત જામતી. દા.ત. તેમણે ગાયેલ 'ગવળણ' (મરાઠીમાં કૃષ્ણભક્તિની રચના), સંત તુકારામના અભંગો વગેરે. વિખ્યાત ગાયિકા પદ્માવતી શાળીગ્રામ (પૂર્વાશ્રમી ગોખલે) મૂળે કોલ્હાપુરના. અમે જ્યારે જ્યારે કોલ્હાપુર જતાં ત્યારે ત્યારે પદ્માવતીના પિતા અમને તેમના ઘરે લઈ જતાં અને અમને પદ્માવતીનું ગાયન સાંભળવા મળતું. ક્યારેક ક્યારેક તેનું ગાયન કાં તો મારા સાસરવાસમાં અથવા પિયરમાં આયોજિત કરવામાં આવતું. બનારસના અમારા નિવાસ પર શ્રીમતી પદ્મજા ભડભડેના ગાયનનો જલસો ખૂબ જામેલો. મોટા ભાગના ખાસ આમંત્રિત શ્રોતાઓને તે કાર્યક્રમ ખૂબ ગમેલો. હવે આ કલાકાર પૂણે ખાતે નિવાસ કરે છે ત્યાં તેમને અવારનવાર મળવાનું બને છે. ધોંડુતાઈ કુલકર્ણીની જેમ પદ્માવતીના ભાઈ-બહેનો પણ તેમના ગાયન દરમિયાન તબલાં, હાર્મોનિયમ, વાયોલિન વગેરે વાદ્યો વગાડીને તેમની સરસ સંગત કરે છે. ફિલ્મ નિર્મિતિના હેતુસર આચાર્ય અત્રે જ્યારે જ્યારે કોલ્હાપુર આવતા ત્યારે ત્યારે તાત્યાસાહેબ સાથેની તેમની મુલાકાતો ખૂબ જ રંગતદાર નીવડતી. રજાઓ દરમિયાનની આવી મુલાકાતો વખતે ભેગાં થયેલાં બાલગોપાલોને પણ કંઈક બતાવવાની ઈચ્છા થતી. બધા મળીને કોઈ નાટ્યપ્રયોગ કરતાં. જે તેમણે જ બનાવેલા કામચલાઉ (make-shift) રંગમંચ પર ઉત્સાહભેર ભજવાતું. આમ રજાઓ દરમિયાન મનોરંજનના વિવિધ કાર્યક્રમોનું કૌટુંબિક આયોજન થતું. મારા સાસરવાસમાં અને પિયરમાં પરિવારની સ્ત્રીઓ વિવિધ પ્રકારની વાનગીઓ બનાવતી અને અમારા સામૂહિક આનંદમાં ઉમેરો કરતી. વાનગીઓ બનાવતી વખતે તાત્યાસાહેબની રુચિઓ, પસંદગી વગેરેની ખાસ તકેદારી રખાતી.

બનારસથી કોલ્હાપુર સુધીનો અમારો પ્રદીર્ઘ પ્રવાસ ઉનાળાના ભયંકર તાપમાં કરવો પડતો. તેમ છતાં તાત્યાસાહેબ ઉત્સાહપૂર્વક તેનું આયોજન કરતાં. તેથી વતનની મુલાકાતને કારણે પરિવારના સભ્યોને થોડાક દિવસ વિશેષ આનંદ મળતો. તેના માટે જે ખર્ચ કરવો પડતો તે અમારી આવક કરતા ઘણો વધારે રહેતો. છતાં કોઈ નારાજ ન થાય,

કોઈને અસંતોષ ન રહે તે માટે તાત્યાસાહેબ ખૂબ કાળજી લેતાં. પરિવારના નજીકના સંબંધમાં લગ્નપ્રસંગ હોય અને વરરાજા દહેજની વધારે રકમ પડાવવા માંગતા હોય ત્યારે તાત્યાસાહેબ પોતાના પૈસાનો તેમાં ઉમેરો કરી લગ્ન સમારંભ નિર્વિઘ્નપણે પાર પાડવામાં સક્રિય રીતે મદદરૂપ થતા. આ રીતે બીજાને મદદરૂપ થવા માટે પૈસા બચાવવા પડતા. તે માટે પોતાની જીવનશૈલીમાં કરકસર કરવી અને સાદાઈથી રહેવું તેમના માટે અનિવાર્ય થઈ પડતું.

તાત્યાસાહેબની નાનપણની એક ઘટનાએ તેમને કરકસરયુક્ત જીવન જીવવાની ટેવ પાડેલી એવું તે કહેતા. તાત્યાસાહેબના પિતાશ્રીએ તેમની ભત્રીજી ગોદુતાઈનો લગ્ન સંબંધ સરદાર ફડણીસના પરિવારમાં કરેલો. તે લગ્નમાં તાત્યાસાહેબના પિતાને ખૂબ ખર્ચ કરવો પડ્યો હતો. એક દિવસ તાત્યાસાહેબે તેમના માતા-પિતા વચ્ચેનો સંવાદ સાંભળેલો. તેમના પિતા તેમની માતાને કહેતા હતા કે ગોદુતાઈના લગ્નમાં ખૂબ ખર્ચો થયો છે અને તેથી હવે આપણે કરકસરથી રહેવું પડશે. તે સમયે તાત્યાસાહેબની ઉંમર માત્ર સાડા ચાર વર્ષની હતી. છતાં આ વાતની તેમની બાળમાનસ પર ઊંડી અસર પડેલી. તેમના માતા-પિતાને કદાચ એમ લાગ્યું હશે કે આ નાના ભૂલકાને આવી વાતો સાંભળીને ભાગ્યે જ કોઈ અસર થતી હશે. પરંતુ તેમને ખ્યાલ નહિ આવ્યો હોય કે નાના બાળકોને પણ કેટલીક બાબતોમાં ખૂબ અસર પડતી હોય છે. આ બનાવ પછી તાત્યાસાહેબે પોતે પોતાના ઘણાં આગ્રહો કે હઠ જતા કરવાની શરૂઆત કરેલી. રમકડાં, કપડાં ને ખાવાપીવાની ચીજવસ્તુઓની ખરીદી જેવી બાબતોમાં તેમણે પોતાની જીદ છોડી દીધેલી.

તાત્યાસાહેબની સારી જીવનશૈલીની અસર મારા પર તથા અમારા બાળકો પર પણ પડી છે. જયંતના લગ્ન થયા તો પણ મારી પાસે જરીની સાડી (શેલું)ન હતી. બનારસ આવી સાડીઓ માટે ખૂબ જાણીતું છે. પ્રસિદ્ધ શહેર છે જ્યાં અમે અઠ્ઠાવીસ વર્ષ રહેલાં. અમારા કરતા પણ તાત્યાસાહેબ ત્યાં વધારે વર્ષ રહેલાં. આ બધું હોવા છતાં જરીની સાડી વગર મને કોઈ ઊણપ લાગી ન હતી. તેવા પ્રકારની એક સાડી અંગે તાત્યાસાહેબ વારંવાર એક ઘટનાનું બયાન કરતા. અમારે ત્યાં આવેલા એક મહેમાન સાથે તેઓ એક દિવસ ખરીદી કરવા માટે નગરની વિશ્વનાથ ગલીમાં ગયેલાં. ત્યાંથી મહેમાનને એક જરીની સાડી ખરીદવાની હતી. વેપારીએ તેમની સામે એક પછી એક ચઢિયાતી અને દેખાવમાં સુંદર સાડીઓનો ઢગલો ખડકી દીધેલો. તેમાંથી એક સાડી તાત્યાસાહેબને ખૂબ ગમેલી. તે સાડી મારા માટે ખરીદવાની તીવ્ર ઈચ્છા તેમના મનમાં જાગેલી. તે જમાનો આજની જેમ મોંઘવારીનો નહિ પણ સોંઘવારીનો હતો. તેથી આજના જમાના કરતા તે જમાનામાં આવી સાડીની કિંમત નગણ્ય જ હતી. તેમ છતાં તે વખતની સાડીની કિંમત પણ પોતાના બજેટ કરતા તેમને વધારે લાગી. તેને પરિણામે તે સમયે મારા માટે જરીની સાડી ખરીદવાનો મોહ તાત્યાસાહેબે માંડી વાળ્યો. સમયાંતરે દીકરાઓ કમાતા થયાં, અમારી આર્થિક સ્થિતિ સુધરી અને તેને લીધે હું જ્યારે જ્યારે જરીની કિંમતી સાડી પરિધાન કરતી ત્યારે તેમને ખૂબ આનંદ

થતો. તે સમયે તેઓ પેલી જૂની ઘટનાનો પુનઃપુનઃ ઉલ્લેખ કરતા અને કહેતા કે જે સાડી મેં બનારસ ખાતેની ઓલી દુકાનમાં જોઈ હતી તેવી સાડી તો મને ત્યાર બાદ કદી પણ જોવા મળી નથી.

❁ અનંત યાદગાર પ્રસંગોમાંથી થોડાક વધારે ❁

નિર્ધારિત સમય પ્રમાણે કામ કરવાની બાબતમાં તાત્યાસાહેબ અત્યંત ચુસ્ત હતાં. નિશ્ચિત કામો નિશ્ચિત સમયે થવા જ જોઈએ અને તેમાં વિલંબ ન કરવો જોઈએ તેવું તે દઢપણે માનતા હતાં. તેમના બધાં જ કામો અને બધી જ પ્રવૃત્તિઓ ઘડિયાળના કાંટાને આધિન રહેતી. દા.ત. રાત્રે સૂવાનો સમય, સવારમાં ઉઠવાનો સમય, ખાવાપીવાનો સમય, ફરવા જવાનો સમય, ગ્રંથાલયમાં જવાનો સમય, ગણિતના વર્ગો લેવા જવાનો સમય વગેરે નિશ્ચિત કે ચોક્કસ જ હોય. તેમાં જરા પણ આગળ કે પાછળ કરવાનું તેમને ગમતું નહિ. કાશી વિશ્વવિદ્યાલયના ગ્રંથાલયના કર્મચારીઓ અને ત્યારબાદ પૂણે વિદ્યાપીઠના ગ્રંથાલયના કર્મચારીઓ અને છેલ્લે ટાટા ઈન્સ્ટિટ્યૂટ(TIFR) ના ગ્રંથાલયના કર્મચારીઓને તાત્યાસાહેબના નિયમિતપણાનું આશ્ચર્ય થતું.

ટાટા ઈન્સ્ટિટ્યૂટના ગ્રંથાલયમાં આવવાનો અને ત્યાંથી જવાનો સમય જેમ નિશ્ચિત હતો તેમ જ તેમની બેસવાની જગ્યા તેમની ખુરશી વગેરે બાબતો પણ તેટલી જ નિશ્ચિત રહેતી. તાત્યાસાહેબ ખુરશીમાં બેઠા હોય અને વાંચન કરતા હોય તે જોઈને ઘણાંને આનંદ થતો અને તેમના પોતાના ઉત્સાહમાં પણ વધારો થતો. એક વાર તેઓ પોતાની ખુરશીમાં બેસીને વાંચનમાં તલ્લીન હતા. ત્યારે તેમના એક શિષ્યએ તેમને ખબર ન પડે તે રીતે તેમનો ફોટો લીધેલો. આ ફોટો ખૂબ જ સારો આવેલો અને તેમના ઘણાં ભક્તોએ તેની નકલ અમારી પાસેથી હોંશે હોંશે માગી લીધી છે.

પોતાનું ઘડિયાળ સાચો જ સમય બતાવે તેવી તેમની શિસ્ત હતી. તેમના કાંડાના ઘડિયાળ ઉપરાંત તેમના ઓરડામાં ત્રણ અન્ય ઘડિયાળો રહેતાં. તે બધાં જ ઘડિયાળોએ એક સરખો જ સમય હરહંમેશ બતાવવો જોઈએ. એક સેકંડ પાછળ નહીં એવી તેમની કડક શિસ્ત હતી. તેમની આ ઈચ્છા મુજબ ઘરની બધી જ ઘડિયાળો એક સરખો અને સાચો સમય કાયમ બતાવતા રહે તે માટે ઘરના અમે બધા જ સતત અને ચુસ્તપણે પ્રયત્નશીલ રહેતાં. આ બધામાં હું, જયંત, તેની પત્ની મંગળા તથા અમારી પૌત્રીઓ વગેરેનો સમાવેશ થાય છે.

ટાટા ઈન્સ્ટિટ્યૂટની હાઉસીંગ સોસાયટીમાં અમે રહેતા હતાં ત્યારે અમારી ઉંમર પ્રમાણે અમારી ચાલવાની મંદગતિ, અમારી નિયમિતતા, અમારા પોષાકમાં રહેલી સાદગી અને વ્યવસ્થિતપણાની, રસ્તામાં મળતા ઓળખીતાઓ સાથે અમારો મીઠો વ્યવહાર વગેરેની કોલોનીમાં ખૂબ પ્રશંસા થતી. આવી બાબત અંગે બનારસમાં બનેલી એક ઘટના નોંધપાત્ર છે. એક વાર ત્યાંના મહારાષ્ટ્ર મંડળ દ્વારા દર વર્ષની જેમ તે વર્ષે પણ ગણેશોત્સવનુ આયોજન

કરેલું. તાત્યાસાહેબ મહારાષ્ટ્ર મંડળના ત્યારે અધ્યક્ષ હતા. ઉપરોક્ત ઉત્સવ દરમિયાન આયોજિત બધાં જ કાર્યક્રમોમાં તેઓ નિયમિત રીતે, સમયસર હાજર રહેતાં. એક કાર્યક્રમના દિવસે કોણ જાણે કેમ સંસ્થાના સેક્રેટરીએ તાત્યાસાહેબ કાર્યક્રમમાં પહોંચે તે પહેલાં જ કાર્યક્રમની શરૂઆત કરી દીધી. અમે બંને કાર્યક્રમના સ્થળે સમયસર હાજર થયા ત્યારે જોયું કે કાર્યક્રમ તો ચાલુ થઈ ગયો છે. આને લીધે તાત્યાસાહેબને ખૂબ આશ્ચર્ય થયું. તેઓ ખૂબ ગુસ્સે થયાં. એક વાર તેમને ગુસ્સો આવે પછી તે કોઈનું માનતા નહિ. કાર્યક્રમ સમય પહેલા શરૂ થયેલો જોઈને તેઓ ત્યાંથી તરત જ, કોઈને કશું જ કહ્યા વગર પાછા ફર્યા. તે જોઈને પેલા સેક્રેટરી તેમની પાછળ દોડ્યા, તેમની માફી પણ માંગી અને કાર્યક્રમમાં હાજર રહેવા માટે તાત્યાસાહેબને ખૂબ વિનંતી કરી. તાત્યાસાહેબ તેનું માન્યા નહિ અને પાછા જતા જતા કહી ગયા કે, ‘હું આવતીકાલના કાર્યક્રમમાં હાજર રહીશ, પરંતુ આજે તો નહિ જ. આજે મને કાર્યક્રમમાં હાજર રહેવાની બિલકુલ ઈચ્છા નથી.’ એમ કહીને તે ચાલ્યા ગયાં.

આ ઘટના મારફત તાત્યાસાહેબના નિયમિતપણાના ઉપરાંત તેમના વર્તન વ્યવહારમાં રહેલી આત્મગૌરવની લાગણીના દર્શન પણ થાય છે. તાત્યાસાહેબને જ્યારે કોઈ વાત ધિક્કાર કરવા જેવી લાગતી ત્યારે તેઓ ત્યાંથી કશું જ બોલ્યા વિના ચૂપચાપ ચાલ્યા જતાં.

તે જમાનો જ એવો હતો કે પ્રત્યેક વ્યવસાયમાં કામ કરી રહેલા શ્રમિકો અને કર્મચારીઓ ઉપરાંત વિદ્યાર્થીઓ પણ પોતપોતાના હિતોનું રક્ષણ કરવાના ઈરાદાથી પોતાના સંગઠનો રચતાં. તાત્યાસાહેબને આવા સંગઠનો પ્રત્યે સહાનુભૂતિની લાગણી રહેતી. તે જમાનામાં સંગઠનો ખરેખર પોતાના સભ્યોના ભલા માટે કામ કરતાં. વૈયક્તિક સ્વાર્થને તેમાં જરા પણ સ્થાન ન રહેતું. પછી તે સંગઠન વિદ્યાર્થીઓનું હોય કે પટાવાળાઓનું કે સફાઈ કામદારોનું. માલિકો અથવા સંસ્થાના સંચાલકોમાં પણ કોઈ બદઈરાદાથી ન વર્તતાં. બધાનો હેતુ સંગઠનશક્તિ મારફત ઉન્નતિ કરવાનો જ રહેતો. અને એ રીતે તેમને માર્ગદર્શન મળતું. એટલા માટે જ તાત્યાસાહેબના મનમાં ઉપરોક્ત સંગઠનો પ્રત્યે કુણી લાગણી હતી. પચાસ વર્ષ પહેલા કાશી વિશ્વવિદ્યાલયના પરિસરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખા શરૂ કરવામાં આવેલી. તે માટે માલવિયાજીએ જે પરવાનગી આપી તે પણ તાત્યાસાહેબના કહેવાથી જ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અગ્રણી નેતાઓ અવારનવાર અમારા ઘરે આવતા. ગોળવલકર ગુરુજી તો ઘણી વાર અમારે ત્યાં આવી ગયેલા! અમારા પરિવારે યથાયોગ્ય રીતે તેમનો સત્કાર કરેલો. ગુરુજીની છેલ્લી માંદગીમાં તેઓ પુણે ખાતે સારવાર લેતાં હતાં. તે અરસામાં તાત્યાસાહેબે પુણે ખાતેના લોકમાન્ય ટિળક વિદ્યાલયમાં પ્રોફેસરના પદ પર કામ કરતા હતાં. ગોળવલકર ગુરુજીના બોલાવવાથી તાત્યાસાહેબ તેમને મળવા ગયેલાં.

૧૯૪૨ની ‘ભારત છોડો’ ચળવળ દરમિયાન તેમાં સક્રીય ભાગ લેનારા વિદ્યાર્થીઓ પ્રત્યે તાત્યાસાહેબના મનમાં કુણી લાગણી હતી. તે અરસામાં સરકારના

ગુપ્તર વિભાગે જે લોકાના નામ 'બ્લેક-લિસ્ટ'માં સામેલ કરેલાં તેમાં તાત્યાસાહેબનું નામ પણ હતું. ડૉ. રાધાકૃષ્ણન્ ત્યારે કાશી વિશ્વવિદ્યાલયના કુલપતિ હતાં. તેમણે 'બ્લેક-લિસ્ટ'માં જે જે પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓના નામ હતા તે દરેકને વારાફરતી બોલાવીને દરેકને સાવધ રહેવાની સૂચના આપેલી. 'हरेत् दीनस्य चापदम्' આ સુંદર તત્ત્વનો તાત્યાસાહેબે પૂર્ણપણે અંગીકાર કર્યો હતો અને તેને લીધે જ તાત્યાસાહેબ જુદા જુદા સંગઠનો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા. તેવી જ રીતે જુદા જુદા છાત્રાલયોની અવારનવાર મુલાકાત લેવા પાછળ પણ વિદ્યાર્થીઓ પ્રત્યે તેમને જે કુણી લાગણી હતી તે વ્યક્ત કરવાનો જ તેમનો આશય રહેતો. છાત્રાલયોમાં નિવાસ કરી અધ્યયન કરનારા વિદ્યાર્થીઓ વિશે એક વિચાર તાત્યાસાહેબના મનમાં સતત ઘોળાતો કે આ બિચારા માતા-પિતાની છત્રછાયા અને માયામમતા છોડી પોતાના વતનથી દૂર અભ્યાસ માટે આવેલા છે અને તે માટે કેટલા બધા કષ્ટ સહન કરે છે, તેથી શક્ય તેટલી બધી જ સગવડ વિદ્યાલયે પૂરી પાડવી જોઈએ. છતાં જો કોઈ વિદ્યાર્થી ગેરવર્તન કરતો હોય, વિદ્યાભ્યાસ પ્રત્યે પ્રમાદ કરતો હોય તેની સામે તાત્યાસાહેબ જમદગ્નિનો અવતાર બની જતા અને તેવા વિદ્યાર્થીને યોગ્ય માર્ગે લાવીને જ જંપતા. વિદ્યાર્થીઓ જેટલા તેમનાથી ડરતા હતા તેટલા જ તે તાત્યાસાહેબ પ્રત્યે પ્રેમ અને આદરની લાગણી ધરાવતા હતા.

એક વાર અમારે ત્યાં એક મહેમાન આવેલા. તેમણે મને કહ્યું કે, 'એક જમાનામાં હું કાશી વિશ્વવિદ્યાલયના છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતો હતો. એક દિવસ ગીતા પ્રવચન માટે જવા નીકળેલો તે દરમિયાન તાત્યાસાહેબ છાત્રાલયની ઓચિંતી મુલાકાતે આવેલાં. અમારામાંથી કોઈ તૈયાર થયેલા ન હતા. સામા પક્ષે તાત્યાસાહેબ નાહીધોઈને, સારા તથા સ્વચ્છ કપડા પરિધાન કરીને જ ઘરની બહાર નીકળ્યા હતા. તેમને છાત્રાલયમાં આવતા જોઈને વિદ્યાર્થીઓ ગભરાઈ ગયા અને પોતાને છાવરવા ભાગ્યા. અમને તાત્યાસાહેબની બીક લાગતી. પણ તેમના પ્રત્યે અમારા મનમાં માનની લાગણી હતી. તે દિવસે ક્રોધમાં તાત્યાસાહેબે અમને આટલું જ કહ્યું કે સરખી રીતે તૈયાર થઈને ગીતા પ્રવચનમાં આવવું અમારા સૌનું કર્તવ્ય બને છે.'

મહાકવિ કાલિદાસે રાજા દિલીપનું એક શ્લોકમાં જે રીતે વર્ણન કર્યું છે તે તાત્યાસાહેબને આબેહૂબ લાગુ પડતું. કાલિદાસનો ઉપરોક્ત શ્લોક નીચે મુજબનો છે :

भीमकान्तैर्नूपगुणै: स वभूव उपयायिनाम् ।
अधुप्यश्चाभिगम्यश्च यादोरत्नैरिवार्णव: ॥

દરિયો જેમ જલચર પ્રાણીઓને લીધે બિહામણો લાગે છે પણ રત્નો અને મોતીને કારણે આકર્ષક લાગે છે તેવી જ રીતે રાજા દિલીપ બીજા પર તેની ધાક બેસાડવાના તેના ભયાનક ગુણોને કારણે ભયંકર, તો બીજી બાજુ તેનામાં રહેલા તેના ભૂત-દયા, રસિકતા, ગુણગ્રાહકતા જેવા સદ્ગુણોના કારણે આકર્ષક લાગે છે. તાત્યાસાહેબ પણ તેવા જ હતાં.

અમારા ઘણાં સગાંસબંધીઓને અને સ્નેહીજનોને પણ તાત્યાસાહેબ તેવા જ લાગતાં હતા. તેમના એક સ્નેહીને ઘેર એક વિકલાંગી-અપંગ કન્યા જન્મી ત્યારે હતાશ થઈ ગયેલા તે સ્નેહીને તેમણે હિંમત આપી અને કહ્યું, 'તારી આ દીકરી ખૂબ બુદ્ધિમાન અને કલાવંતી નીવડશે અને તારા પરિવારનું નામ રોશન કરશે. પરમેશ્વર પર શ્રદ્ધા અને વિશ્વાસ રાખ અને હિંમતપૂર્વક તેનો ઉછેર કર, તેને યોગ્ય માર્ગે વાળવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કર. દુનિયામાં અપંગોના ઉછેર અને વિકાસ માટે નવા નવા સાધનો નીકળ્યાં છે. તેનાથી તારી આ દીકરી ખૂબ પ્રગતિ કરી શકશે.' તાત્યાસાહેબની તે દીકરી વિષેની આગાહી સાચી નીવડી. તે છોકરીએ તેની અપંગતાને માત કરીને હવે તે ખૂબ આગળ વધી છે.

તાત્યાસાહેબના બા-બાપુજી બહુ લાબું નહિ જીવેલાં. તાત્યાસાહેબ માત્ર દસ વર્ષના હતા ત્યારે હોળી પૂનમના દિવસે જ તેમના પિતાજીનું અવસાન થયેલું અને ત્યાર બાદ એક જ વર્ષની અંદર મકરસંક્રાંતિના દિવસે તેમની માતાએ પણ છેલ્લા શ્વાસ લીધેલાં. તાત્યાસાહેબના મનમાં પોતાના માતાપિતા પ્રત્યે અત્યંત આદર અને પ્રેમ હતાં. તેથી જ દર વર્ષે હોળી પૂનમના દિવસે અને મકર સંક્રાંતિના દિવસે તેઓ અંતર્મુખ અને વિચારમગ્ન થઈ જતાં. તેમ છતાં અન્ય લોકો સાથે તેઓ આ અંગે કશું જ ન બોલતા. પરંતુ મને તે દિવસે તેની ખબર પડી જતી. તેમના પોતાના જીવનકાળની છેલ્લી હોળી પૂનમ અને છેલ્લી મકર સંક્રાંતિએ પણ તેમના મનમાં પોતાના માતાપિતાની યાદ અને તેમના વિચારો આવ્યા હતા તેની હું સાક્ષી છું. તાત્યાસાહેબ ક્યારેક ક્યારેક કહેતા કે તેમની માતા એક અત્યંત સરળ અને ભોળી સ્ત્રી હતી. ખોટા વિચારો અને ખોટું વર્તન તેને સ્પર્શેલાં જ નહિ. બીજાની તરકટી ચાલબાજી તેને સમજાતી નહિ. બીજા લોકોના કપટી વર્તન વિશે તેના મનમાં કદી શંકા પણ ઊભી ન થતી. અને તેના આ સીધાસાધા સ્વભાવને કારણે તે હરહંમેશ આનંદમાં જીવન ગુજારતી.

તાત્યાસાહેબના પિતાનું ભાગવત વાંચન તેમને સ્પષ્ટ યાદ આવે છે. ભાગવતમાંના શ્લોક બોલવાની પિતાની શૈલી તાત્યાસાહેબને ખૂબ જ આકર્ષક જણાયેલી. તેમની આ મીઠી શૈલીને કારણે પરિવારમાં ભક્તિપ્રધાન અને ઉદ્દાત્ત વાતાવરણનો કાયમ સંચાર થતો. તાત્યાસાહેબને હંમેશ લાગતું કે જયંત-અનંતનું વિવિધ પ્રકારનું સંસ્કૃત પઠન સાંભળવા તેમના પિતા જીવ્યા હોત તો તેમને ખૂબ ગમ્યું હોત અને જે રીતે ડૉ. રાધાકૃષ્ણને બંને બાળકોના પઠનના વખાણ કરેલાં તેવા જ અથવા તેના કરતાં પણ વધારે વખાણ તેમના પિતાએ જયંત-અનંતના કર્યા હોત.

પરિવારમાં ખાવા-પીવાની બાબતમાં પણ તાત્યાસાહેબને કેવા લાડ લડાવાતા હતા તેનું વર્ણન પણ તાત્યાસાહેબ અવારનવાર કરતાં. કુટુંબમાં કોઈ પણ વ્યક્તિ ડુંગળી ન ખાતી. પરંતુ તાત્યાસાહેબ પરિવારના સૌથી નાની ઉંમરના સભ્ય હોવાથી માત્ર તેમને ડુંગળી ખાવાની છૂટ હતી. તેમની મા અને પરિવારની અન્ય સ્ત્રીઓ લાડકવાયા તાત્યાસાહેબ

માટે ડુંગળીના નાના નાના ભજિયા બનાવી આપતી. ઘરની સ્ત્રીઓ જ્યારે ભજિયા બનાવતી ત્યારે તેનો આનંદ લેવા માટે અને કૂતુહલને કારણે તાત્યાસાહેબ રસોડામાં હાજર રહેતાં.

નાનપણમાં માતાએ બનાવેલી બે વાનગી તે હંમેશા યાદ કરતા અને તે બનાવવા માટે ઘણી વાર આગ્રહ પણ કરતાં - એક તો બટાકાનું રસાદાર શાક અને બીજું નારિયળેના દૂધથી બનાવેલું દૂધીનુ શાક. આ બે પ્રકારના શાક તેમની બા કેવી રીતે બનાવતા અને તેમાં કઈ કઈ વસ્તુઓ નાંખતા તેની વિગતો હું તાત્યાસાહેબને પૂછતી અને તેમણે કરેલા વર્ણન મુજબ હું તે બનાવવા પ્રયત્ન કરતી. આ બધા પ્રયત્નોને અંતે મને તેમની પાસેથી પ્રશસ્તિપત્ર મળેલું. ‘તેં બનાવેલું શાક હવે માએ બનાવેલા શાક જેવું લાગે છે.’

કેટલાક ખાદ્યપદાર્થો અંગે તેમને કુતૂહલ અને જિજ્ઞાસા રહેતી તે વાનગીઓમાં પાણીપુરીનો સમાવેશ થતો. બનારસમાં પાણીપુરી ગોલકુપ્પાના નામથી ઓળખાય છે. પાણીપુરીના મુખ્ય ત્રણ ઘટકો : મસાલાવાળું પાણી, મસાલામાં ઉકાળેલું કઠોળ અને નાની નાની ગોળમટોળ પુરી. આ ત્રણ ઘટકોમાંથી પહેલું અને બીજું ઘટક બનાવવું સામાન્ય રીતે બધાને ફાવતું, બનારસના પાણીપુરી વેચનારાઓ જે કુશળતાથી નાની અને ગોળમટોળ પુરી બનાવતા તેવી પુરીઓ ભાગ્યે જ કોઈ અન્ય વ્યક્તિ બનાવી શકતી. પાણીપુરીના વિક્રેતાઓ તેનું રહસ્ય કદી પણ પ્રગટ ન કરતા. તાત્યાસાહેબે અમારા રસોઈયા, સગાસંબંધમાંની બહેનો તથા પરિવારની સ્ત્રીઓને એવી પુરી બનાવવાનું આહ્‌વાહન આપેલું અને તેમાં જે સફળ થશે તેને સો રૂપિયાના ઈનામની જાહેરાત કરેલી. પરંતુ તેમાંથી કોઈને સફળતા નહિ મળેલી. બીજા એક પદાર્થના પણ તાત્યાસાહેબ વારંવાર વખાણ કરતા અને તે અમારા સ્નેહી ખાપર્ડે સાહેબને ત્યાં મહારાષ્ટ્રીઓના મેળાવડામાં ખાધેલો શીખંડ. ખાપર્ડે સાહેબને ત્યાં એકવાર સરદાર મુતાલિક નામના મહેમાન આવેલાં અને તેમના માનમાં ખાપર્ડે પરિવારે જે ભોજનસમારંભ આયોજિત કરેલો તેમાં આ વિશિષ્ટ વાનગી પિરસવામાં આવેલી. તે તાત્યાસાહેબ અને અન્ય મહેમાનોને અદ્વિતીય કહેવાય તેટલી રુચિકર લાગેલી. આશ્ચર્ય પમાડે તેવી વાત તો એ હતી કે બીજે દિવસે મહિલા મંડળની સભામાં ઉપસ્થિત બધી જ બહેનોએ પેલા શીખંડની જ વાત કરી હતી. તેના આટલા બધા વખાણ થવાનું મુખ્ય કારણ એ હતું કે ઉપરોક્ત ભોજનપ્રસંગ પતી ગયા પછી દરેક સ્ત્રીને તેના પતિએ તેવો શીખંડ બનાવવા માટે આહ્‌વાન આપેલું. દરેક માણસ પોતાની પત્નીને એક જ સવાલ પૂછવા લાગેલો, ‘આપણે ત્યાં આવો સરસ શીખંડ કેમ બનતો નથી’ અલબત્ત, તેમાંની કોઈ સ્ત્રીએ તે શીખંડ ચાખ્યો ન હતો એ વાત જુદી છે! તેનું કારણ એ હતું કે સરદાર મુતાલિકના માનમાં ખાપર્ડે સાહેબને ત્યાં જે ભોજન સમારંભમાં માત્ર પુરુષવર્ગને જ આમંત્રણ હતું. પરિણામે તે શીખંડ બનાવવાનું રહસ્ય આજ દિન સુધી જાહેર થયું નથી. કેટલીક બહેનોએ શ્રીમતી ખાપર્ડેને તે વિષે પૂછેલું પણ ખરું, છતાં તેમના જવાબમાં શીખંડ બનાવવાની કોઈ નવી રીત અપનાવાઈ ન હતી અને તેથી તેનું રહસ્ય અત્યાર સુધી અકબંધ જ રહ્યું છે.

દેશના એક વિશ્વવિદ્યાલયના કુલપતિ તેમના પત્ની સાથે અમારે ત્યાં થોડાક દિવસ આરામ કરવા માટે મહેમાન તરીકે આવેલા. આઠ દિવસ સુધી અમારે ત્યાંના શાંત વાતાવરણમાં રહ્યા પછી તેમણે વિદાય લેવાની તૈયારી કરી. જતી વખતે ઉપરોક્ત કુલપતિએ તાત્યાસાહેબને પૂછ્યું, ‘તમારા માતા-પિતા આ શાંત વાતાવરણ ધરાવતા નિવાસમાં દેખાયા નથી. તેઓ ક્યાં રહેતા હોય છે’ જવાબમાં તાત્યાસાહેબે કહ્યું, ‘મારા માતા-પિતા હું નાનો હતો ત્યારે જ મરણ પામેલા.’ આ સાંભળીને પેલા કુલપતિ આગળ બોલ્યા, ‘મારા માતા-પિતાની ઉંમર હાલ નેવું વર્ષની આસપાસ છે અને વધતી વૃદ્ધાવસ્થાને લીધે તેઓ હવે વધુ ને વધુ અધીરા અને ઉતાવળીયા થઈ રહ્યાં છે.’ કુલપતિનો પોતાના માતા-પિતા અંગેનો આ અભિપ્રાય સાંભળીને તેમના પત્ની બોલ્યા, ‘પેલા બિચારાઓને શા માટે દોષ આપો છો તમે જ્યારે તેમની ઉંમરે પહોંચશો ત્યારે તમે તેમના કરતા પણ વધારે અધીરા અને ઉતાવળીયા થશો એ યાદ રાખજો.’

ત્યાર બાદ તેમની પત્નીએ અમારા બધા નોકરોને હાજર કરવા મને કહ્યું અને કહ્યું, ‘હું તે બધાને બક્ષીસ આપવા માગું છું.’ મેં કહ્યું, ‘નોકરોને બક્ષીસ આપવાની જરા પણ આવશ્યક્તા નથી.’ મારો આ અભિપ્રાય સાંભળીને તો બોલ્યા, ‘બક્ષીસ આપવાની જરૂર કેમ નથી બધાને પૈસા જોઈતા જ હોય છે. મને પણ જ્યારે કોઈ પૈસા આપે છે ત્યારે મને પણ તે ગમે છે.’ તેમણે અમારા બધા નોકરોને બોલાવ્યા અને દરેકને ઈનામ આપ્યું. ત્યાર બાદ ઉત્તર પ્રદેશના રિવાજ મુજબ તેઓ મને ભેટ્યા. તે બંને ગયા પછી તાત્યાસાહેબે ટીખળ કરવા માટે મને કહ્યું, ‘પેલા લઠ્ઠ બહેન તમને ભેટી પડ્યા ત્યારે મને શિવાજી મહારાજ અને અફઝલખાનના ઐતિહાસિક આલિંગનનું સ્મરણ થયું.’

અમારા ચારેના અને ખાસ કરીને જયંત-અનંતના જન્મ દિવસે અમે અચૂક કોઈના કોઈ સહેલગાહનું કે ઉજાણીનું આયોજન કરતા. દા.ત. સવારનો નાસ્તો અને નોકરોને મિઠાઈ તથા ઈનામ આપ્યા પછી અમે ચારે ઘોડાગાડીમાં બહાર ફરવા નીકળી પડતાં, થોડીક વાર મુલાકાત માટે યોગ્ય સ્થળો પર આંટા માર્યા પછી કોઈ સારી હોટલમાં ભોજન લેવા જતાં અને પછી જ ઘેર પાછા ફરતા. અમારો આ પ્રવાસ તે જમાનાની અને હવે ધીમે ધીમે લુપ્ત થઈ રહેલી આરામદાયક ઘોડાગાડીમાં અમે કરતા. વહેલી સવારે ગામમાં જઈને અમારો નોકર ઘોડાગાડી લઈ આવતો. ક્યારેક ક્યારેક બનારસની બહારના અલ્લાહાબાદ, મુગલસરાઈ જેવા સ્થળોની અમે મુલાકાત લેતા અને તે માટે ટ્રેનના વાતાનુકૂલ ડબ્બામાં પ્રવાસ કરતા. તે જમાનાની ટ્રેનોના વાતાનુકૂલ ડબ્બાઓમાં વિલાસી ઠાઠમાઠ રહેતો. દા.ત. ભોજનની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા, ભોજન વખતે વપરાતી બધી જ આલીશન વસ્તુઓ, વિનયશીલ વ્યવહાર કરનારા રેલ્વેના નોકરો અને વ્યવસ્થાપકો, આકર્ષક પોષાક પરિધાન કરેલા ભોજન પીરસનારાઓ, મોટા મોટા થાળી અને વાડકા વગેરે. હવે તો રેલવે પ્રવાસમાં આ બધું જોવા પણ મળતું નથી. સર્વત્ર બગાડ જ દેખાય છે. અલ્લાહાબાદની આવી એક

મુલાકાત દરમિયાન વિશ્રામધામમાં ભોજન લઈ, એકાદ સારું ચલચિત્ર જોઈ બનારસ પાછા આવવાનો અમારો કાર્યક્રમ અમે મનમાં વિચારેલો. પરંતુ અલ્લાહાબાદ સ્ટેશન પર અમે ઉતર્યા અને સામે જ ઊભા રહેલા રેલ્વેના એક ઉચ્ચ અધિકારીનો ભેટો થયો. એક જમાનામાં તેઓ તાત્યાસાહેબના વિદ્યાર્થી હતા. તેમણે અમને તેમના નિવાસ પર ભોજન લેવાનો ખૂબ આગ્રહ કર્યો. તેમ કરવા જતા અમારા અગાઉ વિચારેલા ચલચિત્રના કાર્યક્રમનું શું થશે એની અમને ચિંતા થઈ. જયંત-અનંત તો ખૂબ જ અકળાયા. ઉપરોક્ત અધિકારીને મેં રમૂજમાં હિંદીમાં કહ્યું, 'મને લાગતું હતું કે અલ્લાહાબાદ સ્ટેશન પર પંડા લોગ જ યાત્રીઓને પકડતા હોય છે, પરંતુ ... ' મારું વાક્ય પૂરું થાય તે પહેલાં જ તેમણે મારું વાક્ય પૂરું કર્યું, '... પરંતુ જૂના વિદ્યાર્થીઓ અને શિષ્યો પણ ગુરુજનોને પકડતા હોય છે.'

જમવામાં ખાસ્સો વિલંબ થયો, પણ તેમણે અને પરિવારના અન્ય સભ્યોએ ખૂબ પ્રેમ, આદર અને માનમરતબો દર્શાવ્યા, એટલું જ નહિ પરંતુ અમને સમયસર ચિત્રપટગૃહ સુધી પહોંચાડ્યા પણ ખરા. તેમણે અગાઉ નોકરને મોકલી ટિકીટોની વ્યવસ્થા કરી રાખેલી. ચલચિત્રનો આનંદ લઈ અમે સકુશળ બનારસ અમારા નિવાસ પર પાછા ફર્યા.

આવો જ બીજો એક પ્રસંગ પણ વર્ણવવા જેવો છે. બનારસનો કાર્યકાળ અને ત્યાર બાદ અજમેરના છ વર્ષનો તેમનો કાર્યકાળ પૂરો થયા પછી, તાત્યાસાહેબ પુણે વિદ્યાપીઠમાં ટિળક વિદ્યાલય ખાતે પ્રોફેસર પદ પર નિમણૂક પામ્યા બાદ ગણિત વિષયની પરિષદ બનારસ ખાતે યોજવામાં આવેલી. તે માટે અમે બનારસ ગયેલાં. પરિષદમાં તાત્યાસાહેબે બે વ્યાખ્યાનો આપવાના હતા. અમે બનારસમાં છીએ એ જાણ્યા પછી નાના-મોટા સૌ કોઈ તેમને મળવા આવવા લાગ્યા. એક સવારે અમે ફરવા નીકળ્યા તો ડગલે ને પગલે જૂના રિક્ષાચાલકો, ફળ કે શાકભાજી વેચનારા, દૂધવાળા ભૈયા વગેરે પોતાની ઓળખાણ પ્રેમથી આપી આપીને રસ્તા પર મળવા માંડ્યા. તેવી જ રીતે એક દિવસ સાંજના ભોજન વગેરેનો કાર્યક્રમ પૂરો થયા પછી અમે સૂવાની તૈયારી કરતા હતા. એટલામાં કોઈએ પ્રવેશદ્વારની બેલ વગાડી. અમે બારણું ખોલ્યું તો બહાર તાત્યાસાહેબના એક જૂના વિદ્યાર્થી પોતાના દીકરા સાથે આવેલા અને અમારા માટે ટિફિનમાં ભોજન માટેની વિવિધ વાનગીઓ લઈ આવેલાં. અમને અગાઉથી જાણ કર્યા વગર, પૂર્વ સૂચના આપ્યા વગર આવીને અમને આશ્ચર્યમાં ગરકાવ કરવાની તેમની યોજના હતી. અમારું ભોજન તો પતી ગયેલું, છતાં તેમનો ઉત્સાહ, પ્રેમ, આદર અને આતિથ્ય જોઈ, અમારા માટે ખાસ લાવેલા ટિફિનમાંની બધી વાનગીઓ થોડી થોડી ચાખી. બધી વાનગીઓ ખૂબ જ રુચિકર, સ્વાદિષ્ટ અને લહેજતદાર હતી. બાકી રહેલી વસ્તુઓ પાછી લઈ જવા માટે મેં તેમને વિનંતી કરી અને તેમના આતિથ્ય માટે તેમનો આભાર માન્યો. તેમને મેં ભાગવત પુરાણમાંની યજ્ઞપત્ની અંગેની કથા સંભળાવી. મારા મોઢે તે કથા સાંભળીને તેમને ખૂબ આશ્ચર્ય થયું અને તે માટે તેમણે મને બિરદાવી પણ ખરી. કારણ કે આ અમારા મુલાકાતી સજ્જન પોતે સંસ્કૃતશાસ્ત્રી હતા. મેં તેમને કહેલી કથા

સંક્ષેપમાં આ પ્રકારની હતી : એક વાર ગોકુળના વનમાં કૃષ્ણની સાથે ગાયો ચરાવવા ગોપ બાળકો પણ ગયેલાં. ત્યાં તેમને ખૂબ ખૂબ ભૂખ લાગી. તેમની પાસે ખાવાનું તો કશું હતું નહિ. તેથી કૃષ્ણે બે બાળકોને કહ્યું કે ત્યાંથી થોડા જ અંતરે કેટલાક બ્રાહ્મણો યજ્ઞક્રિયા કરી રહ્યા છે ત્યાં જઈને તમે ભિક્ષા માંગો. ત્યાં મોટા પાયા પર રસોઈ તૈયાર છે તેમાંથી તમને અન્ન મળશે. જરૂર પડે તો તેમને મારું નામ આપજો. બે બાળકો યજ્ઞના સ્થળે ગયા અને અન્નની ભિક્ષા માંગી. પરંતુ બ્રાહ્મણોએ તેમને કહ્યું કે અમે તમારા કૃષ્ણને ઓળખતા નથી, માનતા પણ નથી. તમે અહીંથી જતા રહો. નિરાશ થઈને રોતલ ચહેરા સાથે બાળકો પરત આવ્યા અને કૃષ્ણને જે બન્યું હતું તેનું બયાન કર્યુ. તે સાંભળીને કૃષ્ણે તેમને ધરપત આપી, કહ્યું ગભરાશો નહિ. બ્રાહ્મણો અભિમાન, ગર્વથી પીડાયેલાં છે. પણ તમે ત્યાં જઈને તેમની સ્ત્રીઓને મળો. ગોપીઓની જેમ તે મારા ભક્ત છે, તેમનો મારા પ્રત્યે વાત્સલ્યયુક્ત પ્રેમ છે. તેથી તે તમને ખાવાનું આપશે. કૃષ્ણ કહ્યું હતું તે મુજબ પેલા બે બાળકો ફરી યજ્ઞના સ્થળે ગયા અને બ્રાહ્મણોની સ્ત્રીઓને મળ્યા અને કૃષ્ણને અને બધા બાળકોને ભૂખ લાગી છે એમ કહીને તેમની પાસે અન્નની માંગણી કરી. બાળકોનું ઉપરોક્ત બયાન સાંભળીને તે સ્ત્રીઓ જુદા જુદા પ્રકારની વાનગીઓ લઈને પેલા બાળકો સાથે કૃષ્ણને મળવા નીકળી પડી. ત્યાં પહોંચ્યા પછી તે સ્ત્રીઓએ બધાને સ્વહસ્તે જમાડ્યા અને કૃષ્ણ અને બધા બાળકો ભરપેટ જમ્યા પછી જ પાછી ગઈ. તેમને ખબર હતી કે આમ કરવા માટે બધા બ્રાહ્મણો તેમના પર ખૂબ ગુસ્સે થશે, છતાં તેમણે તેની જરા પણ પરવા કરી ન હતી. કારણ કે તે બધાને કૃષ્ણ પ્રત્યે અનુરાગ હતો. તે સાચા અર્થમાં કૃષ્ણભક્ત હતી.

એક વાર તાત્યાસાહેબના ગણિત વિભાગના એક વ્યાખ્યાતાની પત્નીનું અવસાન થયું. મૃતકની અંતિમ યાત્રામાં તાત્યાસાહેબ પોતે જોડાયા અને સ્મશાન સુધી ચાલતા ગયાં. તે જમાનામાં આ પ્રકારે ચાલતા જવાની પ્રથા હતી. ઉપરોક્ત વિધિ પતાવીને ઘરે પાછા આવ્યાં ત્યારે ખૂબ થાકી ગયેલાં. મેં તેમને આટલું બધું થાકી જવાનું કારણ પૂછ્યું. જવાબમાં તેમણે કહ્યું, ‘મારા વિભાગના સહકારી પર આવી આપત્તિ આવી તેનું મને ખૂબ દુઃખ થયું. સ્મશાનયાત્રામાં મૃતકને ખભા આપવામાં પણ મેં ઘણો ભાગ લીધો હતો તેથી મને થાક લાગ્યો છે.’

એક વાર અમે વાતો કરતા હતા ત્યારે તાત્યાસાહેબની પ્રથમ પત્નીની માંદગીની વાત નીકળી. તેમણે મને કહ્યું કે તેના જીવનના છેલ્લા છ મહિના દરમિયાન તો તે તદ્દન પથારીવશ હતી. તે સમયે તે પોતાના પિયરમાં રહેતી હતી. કુટુંબ શ્રીમંત અને સંયુક્ત પરિવારને કારણે તેની ત્યાં દેખભાળ સારી થયેલી. તેના એક ભાઈએ તો તેની સુશ્રુષા કરવા માટે મહાવિદ્યાલયના ભણતરનું એક વર્ષ જવા દીધેલું. તે મને વારંવાર પત્ર લખીને મારા પત્નીના તબિયતના સમચાર આપતો અને દરેક પત્રમાં મારે ચિંતા કરવાની નહિ એમ મને જણાવતો. તેમ છતાં મારી ફરજના એક ભાગ તરીકે હું શક્ય તેટલી રજા લઈને બનારસથી મુંબઈ જતો. મને જોઈને મારા પત્નીને આનંદ થતો. આવી દરેક મુલાકાત દરમિયાન હું

મારા પત્નીની સેવા કરતો હતો. તેને રોજ એનિમા આપવાનું કામ પણ હું જ કરતો. આ બધું સાંભળીને મેં તેમને કહ્યું, 'તેના પિયરમાં તેની મા, બહેનો, કાકી, માસીઓ આવી બધી સ્ત્રીઓ હોવા છતાં તમે આવા કામ શું કામ કરતા' મારા પ્રશ્નના જવાબમાં તાત્યાસાહેબે મને કહ્યું, 'એક વાર કોઈ વ્યક્તિ પોતાની છે તે સ્વીકાર્યા પછી તેના અંગે અમુક કામ કરવું, અમુક ના કરવું એ ભેદભાવપૂર્વક વિચાર મનને સ્પર્શવો જ ન જોઈએ. તે વ્યક્તિને સારું લાગે તે માટેનું બધું જ કામ કરવું જોઈએ એવું મને લાગતું.' તાત્યાસાહેબને અને મને સંત તુલસીદાસ રચિત દોહા, ચોપાઈઓ ઈત્યાદિ અભિજાત ઉત્તરપ્રદેશની લઢણમાં ગાવાનું ખૂબ ગમતું. કાશી વિશ્વવિદ્યાલયના હિંદી વિભાગના એક પ્રોફેસર શ્રી પદ્મનારાયણ આચાર્ય ક્યારેક ક્યારેક તેમની અનુકૂળતા મુજબ અમારે ત્યાં આવતા અને દોહાનું પઠન કરતા. તે દરમિયાન તાત્યાસાહેબ અત્યંત તલ્લીન થઈ જતા. પદ્મનારાયણ આચાર્ય સાથે વાતો કરવાનું અમને બંનેને ખૂબ ગમતું. એક વાર તેમણે અમને કહ્યું, 'હું એક મહાન ગુરુનો શિષ્ય છું. એક વાર મારા ગુરુજી સાથે વાત કરતો હતો ત્યારે આપના વિષે મેં તેમને વાત કરી છે. તેમના નિવાસ પર થતા ભજનના કાર્યક્રમમાં તમને લઈ આવવાની જવાબદારી તેમણે મને સોંપી છે. મારા ગુરુજી મૂળ કોલ્હાપુરના છે. તેથી આપને નાનપણથી ઓળખતા હોય તેમ બને.'

એટલે અગાઉથી નક્કી કર્યા મુજબ એક ગુરુવારે અમે ચારે જણા ભજનના કાર્યક્રમમાં સામેલ થયાં. ભજન વેળા વગાડાતાં બધા વાદ્યોની સંગાથમાં ભજનો સાંભળવાની અમને ખૂબ મજા પડી. ભજનો ગાનારાઓમાં જોશ અને તરવરાટ હતાં. અમારા બંને બાળકો જયંત-અનંતને પણ ભજનનો કાર્યક્રમ ખૂબ ગમ્યો. કાર્યક્રમ પૂરો થયા પછી તાત્યાસાહેબ સાથે ગુરુજીની વાતચીત પણ થઈ. તાત્યાસાહેબના પિતાશ્રી અંગે અને પરિવાર અંગે ગુરુજીએ તાત્યાસાહેબને તેમના ઘણાં સંસ્મરણો કહ્યાં અને નાનપણમાં તાત્યાસાહેબને ઘણી વાર જોયા હતા એમ પણ કહ્યું. અમે ભજનના કાર્યક્રમ વખતે હાજર રહ્યાં તે બદલ ગુરુજીએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી.

ત્યાર બાદ ઘણાં વખત પછી એક દિવસ નવરાત્રિના પ્રથમ દિને સવારમાં આઠ વાગે બગીચામાં જવા માટે મેં ઘરનું બારણું ખોલ્યું ને જોયું તો પેલા ગુરુજી ઘરના વરંડામાં ખુરશી પર બેઠા હતા. મને ખૂબ આશ્ચર્ય થયું અને આનંદ પણ. પરંતુ બેલ ન વગાડતા તેઓ વરંડામાં બેસી રહેલા તેનો મને ખેદ પણ થયો. તેમને પગે લાગીને મેં તેમની આ ઓચિંતી મુલાકાતનું કારણ પૂછ્યું. જવાબમાં તો બોલ્યા, 'આજે તો તિથિ મુજબ નારળીકરનો જન્મદિવસ છે અને તેથી આશીર્વાદ આપવાના હેતુથી હું જાતે આવ્યો છું.' અમારી આ વાત ચાલતી હતી તે દરમિયાન તાત્યાસાહેબ પણ બહાર વરંડામાં આવ્યા. ગુરુજી પોતાની સાથે એક નારિયેળ, હાર અને ચંદન પણ લાવેલા. તે બધું તેમણે તાત્યાસાહેબને અર્પણ કર્યું અને મંત્રોચ્ચાર સાથે તેમને આશીર્વાદ આપ્યા. તાત્યાસાહેબના જન્મદિન વિશે તેઓ જાણતા

હશે અને યાદ રાખીને તેઓ આટલા દૂર ગામમાંથી વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં આવેલાં તેનું અમને બંનેને ખૂબ આશ્ચર્ય થયું. તેમણે આ અર્થસૂચક પગલું ભર્યું તેનાથી તે વર્ષનો જન્મદિન વિશેષ મહત્ત્વનો અને ભાગ્યસૂચક નીવડ્યો એવું અમને પણ લાગ્યું. એવું સદ્ભાગ્ય બહુ જ થોડા લોકોના નસીબમાં હોય છે.

❁ તાત્યાસાહેબના કેટલાક વિશિષ્ટ ગુણો ❁

કાશી વિશ્વવિદ્યાલયમાં વહીવટી માળખાને લગતી વિવિધ સમિતિઓમાં તેમની યુવા અવસ્થાથી જ ઝડપભેર તેમની નિમણૂકો થવા લાગેલી. તેમની નિર્ભયતા અને તેમનું નિષ્પક્ષ કે તટસ્થ વલણ દરેક ઠેકાણે ઉજાગર થવા લાગેલું. ભારતના એક વખતના અગ્રણી રાજકારણી અનંતશયનમ્ આયંગરની પૌત્રીને ગણિત વિભાગમાં પ્રવેશ જોઈતો હતો. તાત્યાસાહેબે સ્પષ્ટ કહ્યું કે તેના ગુણ પ્રવેશની પાત્રતાની દૃષ્ટિએ અપૂરતા છે અને તેથી પ્રવેશ આપી શકાય નહિ. તેમના સ્વભાવની આ ખાસીયતને લીધે બધાને તેમના વિશે વિશ્વાસ રહેતો. વિશ્વવિદ્યાલયના વહીવટ અંગેની નાની કે મોટી ગમે તે સભા હોય, તાત્યાસાહેબ તેના પ્રયોજિત કામકાજની પૂર્ણ તૈયારી કરતા, તે પહેલાની બેઠકમાં કયું કામકાજ થયેલું કે કયા નિર્ણયો લેવાયેલાં, પ્રવર્તમાન પરિસ્થિતિમાં શું કરી શકાય, તે બધાનો સમગ્ર રીતે વિચાર કરીને જ વિશ્વવિદ્યાલયને સાચા અર્થમાં મદદ કરવાના ઈરાદાથી સભામાં હાજર રહેતાં. તેમની આ કાર્યપદ્ધતિ અને સભા હોય કે વ્યાખ્યાન, તેની પૂરતી પૂર્વતૈયારી કરવાનો તેમનો અભિગમ ડૉકટર બાબાસાહેબ આંબેડકર પાસેથી શીખેલાં એવું તાત્યાસાહેબ વારંવાર કહેતા. તાત્યાસાહેબ ઈંગ્લેન્ડમાં ભણતા ત્યારે ભારતના રાજકીય ભવિષ્યનો વિચાર કરવા માટે લંડન ખાતે ગોળમેજી પરિષદ આયોજિત કરવામાં આવી હતી. તેમાં ભાગ લેવા ગયેલા મહાત્મા ગાંધીજીને સહાય કરવા માટે જેમ મહામના માલવિયાજી ગયા હતા તેમ ડૉકટર આંબેડકર પણ ગયેલાં. પરિષદના કામકાજ માટે ઉપસ્થિત થતાં પહેલાં ડૉકટર બાબાસાહેબ આંબેડકર અત્યંત પદ્ધતિસર રીતે તૈયાર કરતા અને પૂર્ણતૈયારી પછી જ હાજર થતાં. દર્શક વિદ્યાર્થીની રૂએ તાત્યાસાહેબ પરિષદના સ્થળે ઉપસ્થિત રહેતા અને તેના કામકાજનું અવલોકન કરતા. ડૉ. આંબેડકરની પદ્ધતિસર રીતે તૈયાર કરવાના અભિગમની તાત્યાસાહેબ ઉપર ઘણી અસર થયેલી એટલું જ નહિ પરંતુ તેમના ભાવિ જીવનમાં તેમણે તેનો સારો ઉપયોગ કરેલો.

પરીક્ષાઓના પરિણામ, વિવિધ વિષયો માટે દાખલ કરવામાં આવેલા પારિતોષિકો, ચંદ્રકો, શિષ્યવૃત્તિઓ, ફી માફી વગેરે બાબતો યોગ્ય નિયમાનુસાર થાય છે કે નહિ તેના પર તાત્યાસાહેબનું સતત ધ્યાન રહેતું. વિશ્વવિદ્યાલયની એમ.એ.ની પરીક્ષામાં મારા ભાઈ વસંત હુજુરબાજારે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલું. તેના અગાઉના વર્ષે તે પરીક્ષામાં પ્રથમ સ્થાન ગજાનન પટવર્ધન નામના વિદ્યાર્થીએ મેળવેલું. તે જ અરસામાં દાખલ થયેલી હોળકર

શિષ્યવૃત્તિ આ બે વિદ્યાર્થીમાંથી કોને આપવી આ બાબતમાં વિવાદ ઉભો થયેલો. તાત્યાસાહેબે પટવર્ધનની તરફેણમાં ચુકાદો આપ્યો અને વસંતરાવને પછીના વર્ષે ઉપરોક્ત શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવશે તેવો નિર્ણય પણ તાત્યાસાહેબ જાહેર કર્યો. તેમના આ પ્રકારના નિર્ણયને કારણે હોળકર શિષ્યવૃત્તિ મેળવીને પટવર્ધન પહેલે વર્ષે ભણવા માટે ઈંગ્લેન્ડ ગયો જ્યારે બીજે વર્ષે ભાઈ વસંત ઈંગ્લેન્ડ ગયો.

વસંતરાવ, ચાન્સેલર્સ સુવર્ણચંદ્રક મેળવી ન શકે તે ખાતર મોટું કાવત્રુ ઘડાયેલું. ઉપરોક્ત કાવતરાની તપાસ ડૉ. રાધાકૃષ્ણને જાતે કરી અને કાવતરાનો ઘટસ્ફોટ કર્યો અને વસંતરાવની તરફેણમાં પોતાનો ચુકાદો જાહેર કર્યો. પોતાના સાળા અંગેની તપાસની કાર્યવાહીથી તાત્યાસાહેબ તદ્દન અલિપ્ત રહેલાં. તેને કારણે લોકોપવાદને પાંગરવાનો જરા પણ મોકો મળ્યો ન હતો. વસંતરાવ તે ચંદ્રક જાહેરમાં મેળવી શકેલાં. વસંતરાવ જે વર્ષે એમ.એ.ની પરીક્ષા આપવાના હતાં તે વર્ષે તાત્યાસાહેબ તે પરીક્ષાની બધી જ કાર્યવાહીથી દૂર રહેલાં. આ રીતે તાત્યાસાહેબની નિઃસ્પૃહતા અવારનવાર ઉજાગર થતી રહેલી.

તેવી જ રીતે મેટ્રિકની પરીક્ષામાં જયંતને લગભગ બધા જ વિષયોમાં પ્રથમ ક્રમાંક માટેના પારિતોષિકો મળ્યાં હતાં. સંસ્કૃત વિષયમાં પણ મેળવેલ ગુણની દૃષ્ટિએ જોતાં તેણે ઘણા મોટા તફાવત સાથે, પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. પરંતુ કેટલાક વિરોધીઓએ એવી યુક્તિબાજી લડાવી કે સંસ્કૃત વિષય માટેનું પારિતોષિક તો માત્ર વિદ્યાપીઠના જૂના વિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે જ દાખલ કરવામાં આવ્યું છે. જયંત તો કેન્દ્રીય વિદ્યાલયનો વિદ્યાર્થી છે તેથી આ પારિતોષિક તેને ન અપાય. તાત્યાસાહેબ તે અરસામાં કાશી વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ હતાં. તેમણે આ બાબતમાં સંપૂર્ણ તટસ્થતાનું વલણ લીધું અને સંસ્કૃતનું પારિતોષિક અન્ય વિદ્યાર્થીને આપવા માટે સંમતિ દર્શાવી.

ડૉ. પી. સી. વૈદ્ય તાત્યાસાહેબના માર્ગદર્શન હેઠળ બનારસમાં સંશોધન કરતાં હતાં. આઈન્સ્ટાઈનના સૂત્રો છોડવાની એક અત્યંત સરળ રીત તેમને સૂઝેલી. ઉપરોક્ત વિષય પર વૈદ્યસાહેબે વ્યવસ્થિત પેપર તૈયાર કર્યું અને તેના પર સંશોધક તરીકે માત્ર વૈદ્ય સાહેબનું જ નામ લખાવીને તાત્યાસાહેબે તે સંશોધન નિબંધ પ્રકાશનાર્થે મોકલી આપ્યો. ત્યાં સુધીની પ્રચલિત પદ્ધતિ મુજબ ઉપરોક્ત નિબંધ પર પ્રથમ તાત્યાસાહેબનું નામ અને ત્યાર બાદ તેની નીચે વૈદ્યસાહેબનું નામ લખાયું હોત, પરંતુ તાત્યાસાહેબને તેવો મોહ ન થયો. આમ તે સંશોધનનું સમગ્ર શ્રેય તાત્યાસાહેબે વૈદ્યસાહેબને જ આપ્યું અને તે સંશોધન 'વૈદ્ય પદ્ધતિ' તરીકે ઓળખાવા લાગ્યું. આ બનાવને કારણે વૈદ્યસાહેબના સંશોધનને જેટલી ખ્યાતિ મળી તેટલી જ ખ્યાતિ તાત્યાસાહેબની સત્યપ્રિયતા અને નિરપેક્ષતાને પણ મળી.

વિશ્વવિદ્યાલયની વિવિધ સમિતિઓ પરની નિયુક્તિ વખતે તાત્યાસાહેબને જો કહેવામાં આવે કે કોઈ સમિતિના કોઈ પદ પર વિરાજમાન થવા માટે બીજી કોઈ વ્યક્તિ ઉત્સુક છે અને તે વ્યક્તિ તાત્યાસાહેબ કરતા વયોવૃદ્ધ છે તો તાત્યાસાહેબ પોતાના નામ પર

ચોકડી મારતા અને તે પદ પર એ વયોવૃદ્ધ વ્યક્તિની નિયુક્તિ કરવામાં મદદરૂપ થતાં. આને પરિણામે તાત્યાસાહેબની જગ્યાએ આ રીતે નિયુક્તિ મેળવનાર વ્યક્તિ તેમનો આભાર માનવા અમારા નિવાસ પર અચૂક આવતી.

૧૯૬૦ના અરસામાં રાજસ્થાનના શાસકીય માળખામાં જે જે નિમણૂકો થયેલી તેમાંની ઘણી નિમણૂંકોમાં મોટા પાયા પર લાગવગશાહી અને ગેરરીતિ આચરવામાં આવેલી એ વાત બહાર આવી. આવી ગેરરીતિ ડામવા માટે કેન્દ્ર સરકારે રાજસ્થાન જાહેર સેવા આયોગના અધ્યક્ષસ્થાને તાત્યાસાહેબની નિમણૂંક કરી. તાત્યાસાહેબની નિર્ભિકતા, સત્યપ્રિયતા, નિરપેક્ષતા, સર્વતોમુખી વિદ્વતા અને પ્રતિભા સર્વત્ર જાણીતા હતા. રાજસ્થાન જેવા પરપ્રાંતમાં પણ તાત્યાસાહેબે યોગ્ય પદો પર યોગ્ય વ્યક્તિઓની પસંદગી કરી, લોકપ્રિયતા સંપાદન કરેલી અને તે એટલે સુધી કે માત્ર શાસકીય વર્તુળમાં જ નહિ પરંતુ બહુજન સમાજમાં પણ એક સ્વચ્છ અને કુશળ વહીવટદાર તરીકે તેમની છબી ઉપસી આવેલી અને તેને પરિણામે તે સર્વત્ર આદરને પાત્ર ઠરેલાં. હજુ પણ તે પ્રદેશના તે જમાનાના લોકો તેમના ઉપરોક્ત ગુણોને યાદ કરે છે. જયંતના પરમગુરુ ડૉ. હૉવેલ તેમની પત્ની શ્રીમતી હૉવેલ સાથે ૧૯૮૫ના અરસામાં રાજસ્થાનના પ્રવાસે આવેલાં ત્યારે ઘણે ઠેકાણે તેમણે લોકજીભે અનેક વાર તાત્યાસાહેબની પ્રશંસા સાંભળેલી હતી. આ વાત શ્રીમતી હૉવેલે મને કહેલી.

રાજસ્થાન લોકસેવા આયોગના કામમાં પણ તાત્યાસાહેબે તેમની સ્વભાવગત નિષ્ઠા અને પ્રામાણિકતાનો ભરપૂર વિનિયોગ કરેલો. કોઈ પણ કામ હાથ પર લીધા પછી સંપૂર્ણ તૈયારી અને ધગશ સાથે જ તેઓ તેનો યોગ્ય નિકાલ કરતા. કોઈ વ્યાખ્યાન આપવાનું હોય ત્યારે તે વિષયની પૂરતી તૈયારી કરવાની તેમની જૂની ટેવ હતી તેવી જ રીતે જે પદ પર નિયુક્તિ કરવાની હોય તે પદને લગતી બાબતોની તે ઉમેદવારોના સાક્ષાત્કાર પહેલા જ શક્ય તેટલી તૈયારી તે કરતા અને પછી જ યોગ્ય માણસની પસંદગી કરતા. કેવળ વિષય નિષ્ણાત તરીકે આમંત્રિત કરેલા વિદ્વાનોના અભિપ્રાય પર જ આધાર ન રાખતા. દરેક પસંદગી વખતે તાત્યાસાહેબ સાવચેતી અને તકેદારી રાખતા. તેમની આ કાર્યપદ્ધતિના કારણે કોઈ પણ ઉમેદવાર પ્રત્યે અન્યાય ન થતો. એટલું જ નહિ પરંતુ નિષ્ણાત તરીકે આવેલા વિદ્વાનો પણ સાવચેતીથી અને તટસ્થાપૂર્વક પોતાનો અભિપ્રાય આપતા. આ સમગ્ર પ્રક્રિયાને અંતે તાત્યાસાહેબની એક આગવી છાપ ઊભી થયેલી.

જાહેર સેવા આયોગના વિશેષજ્ઞોની અજમેર ખાતે રહેવાની, જમવાની વગેરે વ્યવસ્થા પણ તેમની દેખરેખ હેઠળ જ રહેતી. ઉપરાંત, ઉમેદવારોની વ્યવસ્થા પણ સારી રીતે થાય તેના પર પણ તે ભાર મૂકતા. કોઈ મહિલા ઉમેદવાર પોતાના નાના બાળકને લઈને મુલાકાતે આવી હોય તો મુલાકાતના સમય દરમિયાન તેના બાળકની સારસંભાળ રાખવા માટે જાહેર સેવા આયોગના કાર્યાલય પર એક ખાસ બાઈ (નોકરાણી) હાજર રખાતી.

જેથી મહિલા ઉમેદવાર નિશ્ચિંત બનીને મુલાકાત આપી શકે. જો કોઈ વિશેષજ્ઞ વૃદ્ધ હોય અથવા સનાતની રીતરસમથી ટેવાયેલો હોય તો તેના ભોજનની વ્યવસ્થા અમારા નિવાસ પર જ કરવામાં આવતી. સંસ્કૃતના વયોવૃદ્ધ વિદ્વાન પ્રાધ્યાપક વેલણકર તો અમારા નિવાસ પર જ રોકાતા હતા અને આયોગનું કામકાજ પતી ગયા પછી તેઓ જ્યારે પાછા જવા નીકળતા ત્યારે તેમણે મને કહ્યું, 'મારા પરિવાર દ્વારા મારી જેટલી કાળજી લેવાય છે તે કરતા કંઈક અધિક પ્રમાણમાં તમે મારી કાળજી રાખી છે. તમે જાતે રસોઈ બનાવી વાત્સલ્યથી ભોજન પીરસેલું. આ તમારા હૃદયની વિશાળતા માટે 'अन्नदात्री सुखीनी भवतु' નો આ આશીર્વાદ હું તમને આપું છું.'

લોકસેવા આયોગનો તેમનો કાર્યકાળ ન્યાય અને સહૃદયતા માટે પ્રશંસાને પાત્ર ઠરેલો. આયોગના કામકાજમાં ઉપયોગી જણાય એવા વિષયોના ગ્રંથોનું એક સમૃદ્ધ ગ્રંથાલય ઝડપથી ઊભું કરવા માટે તેઓ પ્રયત્નશીલ રહેલાં. આ કામમાં તેમને જરા પણ મુશ્કેલી નહોતી, કેમ કે માછલી જેમ પાણી સાથે એકરૂપ થઈને રહે છે તેવી જ રીતે તાત્યાસાહેબ પણ ગ્રંથાલય સાથે જ જીવેલાં. તેમના માટે પુસ્તકો પ્રાણવાયુ સમાન હતાં. તેમનાં સક્રિય પ્રયત્નો અને માર્ગદર્શનને કારણે ટૂંક સમયમાં જ રાજસ્થાન જાહેર સેવા આયોગનું એક સમૃદ્ધ અને નમૂનારૂપ ગ્રંથાલય ઊભું થયેલું. આયોગના કામ માટે આવતા વિશેષજ્ઞો ગ્રંથાલયની પ્રશંસા કરતા.

રોજ સાંજે તાત્યાસાહેબ જાહેર સેવા આયોગનું કામકાજ પૂરું કરી ઘરે આવતા અને ચા પીવા માટે પણ સમય ન બગાડતા, અને અમે ફરી ફરવા નીકળી પડતા. તાત્યાસાહેબને ખુલ્લી હવામાં અને શાંત વાતાવરણમાં ફરવાનું ખૂબ ગમતું. અમારી મોટરમાં બેસીને ગામની બહાર ગયા પછી કોઈ ડુંગરની તળેટીએ અમે ગાડી ઉભી રાખતાં અને અમે બંને કોઈ નાનો-મોટો ડુંગર ચઢતા. અજમેર શહેરની આજુબાજુ ઘણાં ડુંગર છે અને તેમની મધ્યમાં આ નગર વસેલું હોવાથી આખો પ્રદેશ રમણીય લાગે છે. ત્યાં રેલવેની મોટી કાર્યશાળા છે. તેમાં નાના-મોટા મરાઠી ભાષી લોકોએ મરાઠી માધ્યમની શાળા સ્થાપેલી છે. તેનું સંચાલન આ લોકોના પ્રતિનિધિઓ સારી રીતે કરે છે. નગરમાં એક મરાઠી મંડળ પણ છે. તેનો સારો એવો વિકાસ થયેલો છે. મહારાષ્ટ્ર મંડળની પોતાની ઈમારત છે. તે ઉપરાંત નગરમાં અન્ય ઘણી નમૂનારૂપ શૈક્ષણિક, ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ છે.

અજમેરની આસપાસના ઘણાં ડુંગરો અમે બંનેએ પગે ચાલીને ખૂંદ્યા છે. અમે બંને જે ડુંગરો ચઢેલાં તેના પર અમને કોઈ પણ ઠેકાણે એક પણ માણસ મળ્યો ન હતો. ગમ્મત કરવા ખાતર તાત્યાસાહેબે તેમાંના એક ડુંગરની ઊંચી શિલા પર એક દિવસ ચાંદીની બનાવટના પાંચ રૂપિયા મૂક્યા. બે-ત્રણ મહિના પછી અમે ફરી જ્યારે તે ડુંગર પર ચઢેલાં ત્યારે અમે જોયું કે પેલા પાંચ રૂપિયા ત્યાંના ત્યાં જ યથાવત્ પડ્યા રહેલાં હતા પણ ત્યાર બાદ ફરી બે મહિના પછી અમે ત્યાં ગયા ત્યારે અમને તે સિક્કાઓ મળ્યા નહિ, એટલે કોઈએ તે ઉઠાવી લીધા હતા.

રાજ્ય સેવા આયોગના કામકાજ સંદર્ભમાં તાત્યાસાહેબને જુદા જુદા સ્થળો અને નગરોની મુલાકાતે જવું પડતું. આવો પ્રવાસ અમે અમારી મોટરગાડીમાં જ કરતાં. આયોગના એક બીજા સદસ્ય શ્રી લક્ષ્મીકાંત જોશી દરેક પ્રવાસમાં અમારી સાથે જોડાતાં. તે પણ સંસ્કૃત ભાષા અને સાહિત્યના પ્રશંસક હતાં. તેમને ઘણાં સંસ્કૃત સુભાષિતો મોઢે હતા અને તેને લીધે પ્રવાસમાં મજા આવતી. તે દ્વારા ભારતના મહાન સંસ્કૃત રચનાકારોની રચનાઓની સંભારણા થતી હતી. દા.ત. માઘ, ભારવિ, દંડી, કાલિદાસ વગેરે. તેમના કથન દરમિયાન જે સુભાષિતોનો ઉલ્લેખ થતો તે સાંભળીને અમને સામૂહિક આનંદ મળતો. તેમાં તાત્યાસાહેબ દ્વારા માર્મિક અને હાસ્યપૂર્ણ અંગ્રેજી ઉદ્ધરણોનો ઉમેરો પણ થતો હતો. અમારી આ કાવ્યશાસ્ત્રવિનોદની ચર્ચાને કારણે અમારો પ્રવાસ ક્યારે પૂરો થતો અને ક્યારે અમે રમ્ય અને આરામદાયક વિશ્રામધામમાં આવી પહોંચતા તેની અમને ખબર પણ ન પડતી.

રાજસ્થાનના પ્રવાસ દરમિયાન અમે જોયું કે રાજ્યના ઘણાં ખરા નાના મોટા ગામોમાં મરાઠી ભાષી લોકો વસેલા છે અને તેમાંથી ઘણી જગ્યાએ તેમણે મહારાષ્ટ્ર મંડળોની સ્થાપના પણ કરી છે. જ્યાં જ્યાં અમે જતા ત્યાં ત્યાં બધે જ ઠેકાણે અમારું આત્મીયતાથી સ્વાગત થતું. આવી મુલાકાતો દરમિયાન તાત્યાસાહેબ સર્વત્ર સમભાવ રાખતાં અને છતાં બહુ જ સાવધાની કે સાવચેતીથી, મુત્સદીગીરી સાથે અને કુશળતાપૂર્વક બધાની સાથે વ્યવહાર કરતાં. તેને લીધે મહારાષ્ટ્રીયન લોકો કે તેમના મંડળો સાથે તેઓ પક્ષપાતી વગ ધરાવે છે તેવી છાપ ક્યારે પણ ઊભી થયેલી નહિ, તેના માટે અવકાશ જ ન રહેતો. જ્યાં જ્યાં તાત્યાસાહેબના વ્યાખ્યાન થતા ત્યાં ત્યાં ઉપસ્થિત સમુદાય સમક્ષ તેઓ અંગ્રેજીમાં બોલતા. મારા વ્યાખ્યાન મહારાષ્ટ્ર મંડળોમાં અને કન્યા વિદ્યાલયોમાં યોજાતાં હતાં.

તાત્યાસાહેબની નિર્લેપતાની-તટસ્થતાની નીતિના ઘણાં દૃષ્ટાંતો મૂકી શકાય. તેમનાં અવસાન પછી તેમના પ્રશંસકો, ચાહકો, વિદ્યાર્થીઓ વગેરેએ પત્રો દ્વારા અને અન્ય રીતે આવા ઘણાં દાખલાઓ ટાંક્યા છે. તેમાંથી મારી દૃષ્ટિએ મને જે નમૂનારૂપ જણાયા છે તેમાંના થોડાકનો હું અહીં ઉલ્લેખ કરવા માગું છું.

યશવંતરાય ચવાણ જ્યારે ભારતના સંરક્ષણ પ્રધાન હતા ત્યારે એક વાર તેઓ અજમેર પધારેલાં. તે પ્રસંગે મસૂદા સંસ્થાનના રાજા અને રાણી સાહેબાએ ચવાણ સાહેબના માનમાં એક ભવ્ય ભોજન સમારંભનું આયોજન કરેલું. ભોજન સમારંભમાં સામેલ થવા માટે અમને પણ આમંત્રણ મળેલું. ઉપરોક્ત આમંત્રણને માન આપી અમે સમારંભમાં હાજર પણ થયેલાં, પરંતુ અમારા પર કોઈની ખાસ નજર ન પડે એ રીતે અમે બંને એક ખૂણામાં કેટલાંક અતિથિ સાથે વાર્તાલાપ કરવામાં વ્યસ્ત હતા. યશવંતરાય જે જગ્યાએ બેઠા હતાં તે જગ્યાએથી અમે જ્યાં બેઠા હતાં તે જગ્યા ઘણી દૂર હતી. યશવંતરાવે અમને દૂર બેઠેલા જોયાં અને અમને તેમની પાસે બોલાવવા માટે મસૂદાના રાણીસાહેબાને તેમણે વિનંતી કરી. અમે બેઠા હતાં ત્યાં રાણીસાહેબા આવ્યા અને અમને કહ્યું, 'આપ દોનોં કો ગેસ્ટ ઑફ

ઑનર બુલા રહા હૈ.' આ પછી જ અમે ચવાણ સાહેબને મળવા ગયાં. ચવાણ સાહેબ મુક્ત મને અમને મળ્યાં અને અમારી સાથે ઘણી વાતો કરી. હું પોતે કોલ્હાપુરની રાજારામ કોલેજમાં ભણી છું. યશવંતરાય પણ એ જ કોલેજમાં ભણ્યા છે. મારા કરતા એક વર્ષ તે પાછળ હતા. તે દિવસે અમારી સાથેની વાતચીત દરમિયાન યશવંતરાવે અમને કહ્યું, 'હુજુરબાજાર-નારળીકર પરિવારોના ઉત્કર્ષ પ્રત્યે હું હરહંમેશ સભાન રહ્યો છું અને અત્યારે પણ તેના તરફ મારું ધ્યાન છે જ. આ બાબતનો મને ખૂબ આનંદ છે.' મને પણ તેમણે હળવાશમાં કહ્યું, 'તમારા પિયર અને સાસરિયાને હું સરખી નજરથી જ જોતો આવ્યો છું. તેમની વચ્ચે કોઈ ભેદભાવ રાખ્યો નથી.'

તાત્યાસાહેબના નિર્લેપ સ્વભાવનો બીજો એક દાખલો પણ જાણવા જેવો છે. ડૉ. રાધાકૃષ્ણન જ્યારે રાષ્ટ્રપતિ હતા ત્યારે તેઓ એક વાર અજમેરની મુલાકાતે આવેલાં. મોહનલાલ સુખડિયા તે સમયે રાજસ્થાનના મુખ્ય મંત્રી હતાં. તેમણે ડૉ. રાધાકૃષ્ણનના માનમાં એક ભવ્ય ભોજન સમારંભનું આયોજન કરેલું. ઉપરોક્ત સમારંભ અનાસાગરના રમ્ય કાંઠા પરના અત્યંત સુંદર એવા વિશ્રામઘાટની વિસ્તીર્ણ લોન પર યોજવામાં આવેલો. અમને બંનેને ભોજનનું આમંત્રણ મળ્યું હતું, તેમ છતાં સમારંભમાં હાજર ન રહેવાનો તાત્યાસાહેબે નિર્ણય કર્યો. તેમને એમ લાગ્યું કે આવડા મોટા સમારંભમાં જ્યાં ઘણી મોટી સંખ્યામાં ગણમાન્ય મહેમાનો ભેગા થવાનાં છે ત્યાં અમારી અનુપસ્થિતિ કોઈના ધ્યાન પર નહિ આવે એમ સમજીને અમે બંનેએ રાત્રિનું ભોજન ઘેર જ પતાવી દીધું અને તાત્યાસાહેબ સુવાની તૈયારી કરવા લાગ્યાં. તે દિવસે કાર્યાલયમાં ઘણાં કામમાં વ્યસ્ત રહેવાને કારણે તેઓ ખરેખર થાકી ગયેલાં. એટલામાં રાજસ્થાન સરકારની ગાડી અમારા નિવાસ પર આવી પહોંચી. કોણ આવ્યું છે તે જાણવા માટે હું પોતે બહાર આવી. કારણ કે અમારો ડ્રાઈવર અને બીજા કામ કરનારાઓ પોતપોતાના ઘરે જતાં રહેલાં. જે ડ્રાઈવર સરકારી ગાડી લઈ આવેલો તેણે મારા હાથમાં એક ચબરખી આપી. તેના પર મુખ્યમંત્રી મોહનલાલ સુખડિયાએ લખ્યું હતું, 'રાષ્ટ્રપતિએ પૃચ્છા કરી છે કે આજના ભોજન સમારંભમાં નારળીકર કેમ દેખાતાં નથી□રાષ્ટ્રપતિ આપને મળવા માંગે છે.' મેં ચબરખી તાત્યાસાહેબને બતાવી તે વાંચીને તાત્યાસાહેબ તરત જ તૈયાર થયાં અને સરકારી વાહનમાં સમારંભના સ્થળે ગયાં. મને તૈયાર થતાં વાર લાગશે તે કારણે હું તેમની સાથે ન ગઈ. સમારંભમાંથી પરત આવ્યા પછી તાત્યાસાહેબે મને ઉત્સાહપૂર્વક કહ્યું, 'હું ત્યાં ગયો અને રાષ્ટ્રપતિને મળ્યો તેમને ખૂબ આનંદ થયો. મોટા ભાગનો સમય તેમણે મારી સાથે જ વાતો કરવામાં વિતાવ્યો. તેમણે આસ્થાપૂર્વક તમારા અને છોકરાના ખબરઅંતર પણ પૂછ્યાં હતાં.'

તાત્યાસાહેબનો એક બીજો નોંધપાત્ર ગુણ એ હતો કે તેઓ તેમના હાથ નીચે કામ કરનારા નાના મોટા બધા સાથે સ્નેહપૂર્વક સન્માન સાથે વાણી-વ્યવહાર કરતા. કાર્યાલયમાં તેમની સાથે કામ કરનારા બધાના પરિવારના સભ્યોના ખબરઅંતર પૂછતા, તેમની કૌટુંબિક

અડચણોનું નિવારણ કરવામાં સહકાર્યકરોને મદદરૂપ પણ થતાં. કોઈ કર્મચારીના પરિવારનું કોઈ સભ્ય માંદુ હોય અને જો આ માંદગી ગંભીર સ્વરૂપની હોય તો વિશ્વવિદ્યાલયના ડૉક્ટરને પોતાની સાથે લઈને તાત્યાસાહેબ પેલા કર્મચારીના નિવાસ પર જતાં અને માંદા માણસની સારવારની વ્યવસ્થા કરી આપતાં. તેઓ હંમેશ કહેતા કે કર્મચારીગણ પારિવારિક અડચણોથી મુક્ત હોય તો જ તેઓ કાર્યાલયના કામ પર સરખું ધ્યાન આપી શકે અને તેમ થશે ત્યારે જ કાર્યાલયનું કામ પણ પૂરતું કાર્યક્ષમ થઈ શકશે.

એક વાર એક મદ્રાસી કર્મચારી તાત્યાસાહેબને પોતાની રામકહાણી કહેતો હતો. આ કર્મચારી તાત્યાસાહેબના કાર્યાલયનો ન હતો, પરંતુ તે કુલપતિના કાર્યાલયમાં કામ કરતો હતો. તેમ છતાં તાત્યાસાહેબે શાંતપણે તેનું સમગ્ર બયાન સાંભળી લીધું અને તે એવા નિર્ણય પર પહોંચ્યા કે ઉપરોક્ત કર્મચારીને પાંચસો રૂપિયા જેટલી રકમ આપવામાં આવે તો તે નિશ્ચિંત બની શકશે. તાત્યાસાહેબ તરત જ પોતાના કાર્યાલયના કક્ષમાંથી અમારા અંગત નિવાસના કક્ષમાં આવ્યા. મારી પાસેથી અમારી તિજોરીમાંથી તેટલી રકમ કઢાવી અને તે સઘળી રકમ પેલા કર્મચારીને આપી. તે કર્મચારીએ ત્યારબાદ તે રકમ પરત કરવાની તસ્દી લીધી નહિ તે વાત જુદી છે.

આવી બાબતોમાં અમને કેટલાક સારા અનુભવો પણ થયા છે અને તેની નોંધ લેવી ઘટે. તાત્યાસાહેબના નિજી સચિવનું નામ હતું રાજન દેવદાસ. તેમના માટે નિવાસની ગોઠવણ કુલપતિના આવાસની બહારના રહેઠાણમાં કરવામાં આવેલી. તેમનાં બાળકો માંદા હોય ત્યારે રાત્રિના સમયે પણ બુમાબુમ કરતાં. તેને કારણે કુલપતિને ઘણું સહન કરવું પડતું. એક રાત્રે કુલપતિએ તેમને નોટિસ આપી અને બીજા જ દિવસથી તેમને ઘર બદલવાની તાકીદ કરી. બીજે દિવસે પરોઢિયે તેઓ અમારે ત્યાં આવ્યા અને તાત્યાસાહેબને આ વાત કરી. તાત્યાસાહેબે તરત જ પોતાના કાર્યાલયમાંથી બે ઓરડા ફાજલ પાડ્યાં અને ઉપરોક્ત કર્મચારીની રહેવાની સગવડ કરી આપી. ત્યારબાદ તેના માટે એક નાનું સરખું ઘર પણ તેને શોધી આપ્યું. પરિણામે નિજી સચિવના હોદ્દાની રૂએ તેઓ વધુ નિષ્ઠાથી કામ કરવા લાગ્યાં. કાર્યાલયના કામકાજમાં રાજન સારા જાણકાર હતા, કામમાં તે કુશળ અને સ્વભાવે નમ્ર પણ હતાં. સમયાંતરે તેઓ અમેરિકા ગયા, પરંતુ તેમનો પરિવાર તેમની અનુપસ્થિતિમાં કાશી વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં જ રહેતો હતો. તેમનો છ વર્ષનો એક દીકરો અસાધ્ય બીમારીમાં સપડાયેલો. તેનું થોડાક દિવસ બાદ અવસાન થયું. આવા કપરા સંજોગોમાં રાજનના પરિવારને અમારો જ સહારો અને હૂંફ હતાં. સમય જતા રાજન અમેરિકામાં જ સ્થાયી થયાં. ત્યાં તેઓ છબીકલા શીખ્યા અને તેમાં અસામાન્ય પ્રાવિણ્ય પ્રાપ્ત કર્યું. વર્ષો પછી અમે જ્યારે અમેરિકાના પ્રવાસે ગયેલાં ત્યારે રાજને અમને તેના મહેમાન તરીકે તેમના ઘરે આઠ દિવસ સુધી રાખેલાં અને તે દરમિયાન અત્યંત આદરભાવ અને પ્રેમ સાથે અમારું આતિથ્ય કરેલું. વિશેષ નોંધપાત્ર બાબત એ હતી કે આઠ દિવસ દરમિયાન રાજન પતિ-પત્નીએ રજા લઈને અમને જુદા જુદા સ્થળે ફેરવેલાં.

તાત્યાસાહેબના એક જૂના વિદ્યાર્થી દિલવાલીને ત્યાં ન્યુયોર્કમાં પણ અમે આવું જ વૈભવી આતિથ્ય માણેલું. મૂળ ગરીબ પરિવારના પણ તેજસ્વી વિદ્યાર્થી દિલવાલી, હિંદુ વિશ્વવિદ્યાલયમાં ભણતા હતા ત્યારે અમારે ત્યાં જ રહેતાં હતાં – જાણે કે અમારા પરિવારના તેઓ સભ્ય કેમ ન હોય! આ વિદ્યાર્થી અમારે ત્યાં રહેવા આવ્યો તેના પહેલા જ દિવસે તેના 'પંજાબીપણા'નો અમને અનુભવ થયો. અમારા મરાઠી રિવાજ મુજબ ભોજન સમયે મેં ઘીની એક નાની વાડકી અને તેમાં એક નાની ચમચી ટેબલ પર મૂકી, હેતુ એ કે ભોજન દરમિયાન દરેકે ડાબા હાથે ચમચીનો ઉપયોગ કરીને પોતાની રોટલી પર પ્રમાણસર ઘી ચોપડવાનું અને દાળમાં પણ ભેળવવાનું. મેં જ્યારે તેને ઘી લેવાનું કહ્યું ત્યારે આ પંજાબી છોકરાએ પોતાના જમણા હાથે ઘીની વાડકી ઉપાડીને બીજાઓનો વિચાર કર્યા વિના જ પોતાની થાળીમાં મૂકી દીધી. તેનું આ વર્તન જોઈને અમને બધાને બહુ જ આશ્ચર્ય થયું જે અમે બધાએ આંખના ઈશારાથી વ્યક્ત કર્યું પણ ખરું. સમયાંતરે આ વિદ્યાર્થીએ નોકરીમાં ખૂબ પ્રગતિ કરી, એટલા સુધી કે તે રાષ્ટ્રસંઘના નેજા હેઠળના ફૂડ અને કૃષિ સંસ્થાન FAOમાં મોટા મોભાના પદ પર કાર્ય કરતા થયેલાં.

કાશીમાં અમારા ઘરમાં રહીને અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ પ્રત્યે તાત્યાસાહેબના મનમાં જે આત્મીયતા રહેતી તેવી જ આત્મીયતા અન્ય વિદ્યાર્થીઓ પ્રત્યે પણ તે ધરાવતાં હતાં. આમ કરતી વેળા દરેકે વિદ્યાર્થી પાસે તે કેટલીક અપેક્ષાઓ રાખતા. દા.ત. વિદ્યાર્થી આળસુ નહિ પણ તે મહેનતુ હોવો જોઈએ. તેણે સાદગીથી અને કરકસરથી રહેવું જોઈએ વગેરે. સાદાઈથી રહેનારા વિદ્યાવ્યાસંગી વિદ્યાર્થીને તે ખૂબ મદદ કરતા. તેના પ્રત્યે સાચી આત્મીયતા ધરાવતા. એટલા માટે જ તેમના ઘણા સારા વિદ્યાર્થીઓ પોતપોતાના ક્ષેત્રમાં ઉચ્ચ પદો પ્રાપ્ત કરી શક્યાં છે. દા.ત. અમદાવાદના પી.સી.વૈદ્ય ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદ સુધી પહોંચી ગયાં હતાં. તાત્યાસાહેબના ઘણાં વિદ્યાર્થીઓ કાશી વિશ્વવિદ્યાલય તથા અન્ય કેટલીક યુનિવર્સિટીઓમાં પોતપોતાના વિષયના વિભાગપ્રમુખ પણ બન્યાં છે. તો તેમાંના કેટલાક વિદ્યાર્થીઓ મુંબઈની વિખ્યાત સંસ્થા ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ (TIFR) માં પ્રાધ્યાપકના પદ પર નિમાયા. આ બધા જ વિદ્યાર્થીઓ તાત્યાસાહેબ પ્રત્યે પ્રેમ અને આદરની લાગણી ધરાવતાં હતાં. અમે જ્યારે ઉપરોક્ત સંસ્થાની કોલોનીમાં રહેતા હતા ત્યારે અમને બંનેને તેમના પ્રેમ અને આદરનો પ્રત્યક્ષ અનુભવ થતો હતો અને એથી વિશેષ અમારા મનમાં પણ ધન્યતાનો ભાવ ઊભો થતો.

કાશી વિશ્વવિદ્યાલયમાંથી પદવી પ્રાપ્ત કરી સારા ગુણ સાથે ઉત્તીર્ણ થયેલા ઘણાં ઈજનેર રાજસ્થાનમાં નોકરી કરતા હતાં જેમણે તેમનાં શિક્ષણ દરમિયાન તાત્યાસાહેબના ગણિતના વર્ગો ભર્યાં હતાં. એક વાર આવા બધા ઈજનેરોએ ભેગા મળીને તાત્યાસાહેબના માનમાં એક ભોજન સમારંભનું આયોજન કરેલું. એક વાર અમને એક મજાનો અનુભવ થયો હતો. તેનાથી અમને ખૂબ આનંદ થયેલો. જયપુર વિશ્વવિદ્યાલયે તાત્યાસાહેબના

વ્યાખ્યાનોનું આયોજન કરેલું અને તેના સંદર્ભમાં અમે તે અરસામાં બે-ત્રણ દિવસ સુધી જયપુરમાં મુકામ કર્યો હતો. વ્યાખ્યાનોનો કાર્યક્રમ પતી ગયા પછી અમે અજમેર જવા ઉપડ્યાં અને થોડા જ અંતરે અમારી ગાડી રસ્તામાં જ બંધ પડી ગઈ. હવે શું કરવું તેની ચિંતામાં અમે રસ્તાની એક બાજુ ઊભા હતાં. એટલામાં એક સરકારી ગાડી અમે ઊભા હતાં ત્યાં આવીને ઊભી રહી. તેમાંથી રાજસ્થાનના મુખ્ય ઈજનેર બહાર આવ્યા. સૌ પ્રથમ તેઓ તાત્યાસાહેબને પગે લાગ્યા અને અમારી શી મુશ્કેલી હતી તેની પૃચ્છા કરી. વાતચીતમાં તેમણે એમ પણ કહ્યું કે તેઓ તાત્યાસાહેબના એક બહુ જૂના વિદ્યાર્થી અને તે અત્યારે રાજસ્થાન સરકારના મુખ્ય ઈજનેરના પદ પર કામ કરે છે. તેમણે અમને જોઈતી મદદ કરવાની દરખાસ્ત પણ અમારી સમક્ષ રજૂ કરી. તાત્યાસાહેબે તેમને ઓળખ્યાં પછી અમે તેને ગાડી બગડી ગઈ છે અને અમારે અજમેર જવાનું છે તેની વાત કરી. વિશેષ જાણવા જેવી વાત એ હતી કે અમારા ડ્રાઈવરને પણ, તે પોતે હોંશિયાર હોવા છતાં ગાડી કેમ બગડી છે તેની ખબર પડતી ન હતી. તરત જ ઉપરોક્ત મુખ્ય ઈજનેરે પોતાના માણસો દ્વારા અમારી ગાડી સ્ટેટ ગેરેજમાં દુરસ્તી માટે મોકલી આપી. સાથોસાથ એકાદ કલાકમાં ગાડી દુરસ્ત થઈને પાછી આવે ત્યાં સુધી અમારા માટે આરામ કરવા સારું નજીકના રામબાગ પ્રસાદ ઉપહારગૃહમાં અમારી વ્યવસ્થા પણ ગોઠવી આપી. અમારી ગાડી લગભગ એકાદ કલાકમાં દુરસ્ત થઈને પાછી પણ આવી ગઈ અને ત્યાર બાદ અમે સકુશળ અજમેર પહોંચી ગયા.

મુંબઈની ટાટા ઈન્સ્ટિટ્યૂટ (TIFR) ના અમારા રોકાણ દરમિયાન જયંત અને તેની પત્ની મંગલા જ્યારે જ્યારે પરદેશ જતાં ત્યારે ત્યારે કોલોનીમાં રહેતાં પ્રાધ્યાપકો અને તેમના પરિવારના સભ્યો અમને પોતાના ઘરના સમજીને અમારી દેખભાળ રાખતાં. તેનો અમને મોટો આધાર રહેતો. તે અરસામાં એક વાર તાત્યાસાહેબ જ્યારે ખૂબ જ ગંભીર રીતે બિમાર પડેલાં ત્યારે તેમને બોમ્બે હોસ્પિટલમાં દાખલ કરવાથી માંડી તે સાજા થઈને ઘરે પાછા આવ્યા ત્યાં સુધીની સઘળી વ્યવસ્થા ઉપરોક્ત સ્વજનોએ જ કરી હતી અને તેઓ સાજા થયાં ત્યાર બાદ પણ અમને તેમના તરફથી સતત સહાય મળતી રહેલી. દવાખાનામાંથી તાત્યાસાહેબને રજા મળ્યા પછી અમે અમારા નિવાસ પર પાછા આવ્યા ત્યારે જોયું કે અમારું રેફ્રિજરેટર બંધ પડી ગયું છે, તેમાં મૂકેલી બધી જ વસ્તુઓ સડી ગયેલી અને ફ્રીઝની દુર્દશા થઈ ગયેલી. અમારા એક પડોશી શ્રીમતી વર્ઘા અમારી પાછળ જ અમારા ઘરમાં પ્રવેશ્યાં. તેમણે તરત જ ફ્રીઝની સાફસૂફી શરૂ કરી અને ટૂંક સમયમાં જ તે એકદમ સ્વચ્છ કરી નાખ્યું. તેમાં જે ખામી હતી તે ખામી પણ તેમણે દુરસ્ત કરી આપી. મારા પરિવારની યુવાન છોકરીઓ જેમ અમારા ઘરમાં કામ કરતી હોય તેવી જ રીતે કોલોનીની સ્ત્રીઓ અમને અવારનવાર મદદ કરતી.

તાત્યાસાહેબનો બીજો એક નોંધપાત્ર ગુણ હતો 'કામની ત્વરિત પતાવટ કરવાનો.' તેમના આ ગુણને કારણે જ તેઓ તેમના જીવનકાળ દરમિયાન અનેક ગ્રંથોનું વાચન કરી શકેલાં, મને તો એમ લાગે છે કે જેમને વાંચવાનો ખરેખર શોખ હોય છે તેમને પુસ્તકો વાચવાનો સમય પણ મળી જતો હોય છે. આવા લોકો ગમે તેવી જવાબદારીના પદ પર કામ કરતા હોય તો પણ ત્વરિત કામ પતાવવાના તેમના ગુણવિશેષને કારણે તેઓ કામ પણ ખૂબ કરી શકે છે અને સાથોસાથ સારી એવી સંખ્યાના પુસ્તકો વાચવા માટે પણ સમય ફાળવી શકે છે. તાત્યાસાહેબ કાશી વિદ્યાપીઠના ઉપકુલપતિના પદ પર કામ કરતા હતા તે અરસામાં તે સમયના એક પ્રખ્યાત મરાઠી સાહિત્યકાર ડૉ. રામચંદ્ર ચિંતામણી શ્રીખંડેએ પોતાના એક નવા પુસ્તકનો એક ભાગ જે તુલસીરામાયણના મરાઠી શ્લોકબદ્ધ અનુવાદનો જ એક ભાગ હતો, તાત્યાસાહેબના અવલોકન માટે મોકલી આપેલો. સાથોસાથ ઉપકુલપતિ પદની જવાબદારી તેમના શિરે હોવાથી પુસ્તકનો તે ભાગ વાંચવા માટે તેમને કદાચ સમય નહિ મળે એવી આશંકા પણ લેખકે પોતાના પત્રમાં વ્યક્ત કરેલી. પરંતુ વસ્તુસ્થિતિ કંઈક જુદી જ હતી. કોઈએ આત્મીયતા સાથે મોકલેલું પુસ્તક તાત્યાસાહેબ તેટલી જ આત્મીયતા સાથે વાંચતા. ડૉકટર કાકા (પુસ્તકના લેખક) માટે તો તેમના મનમાં ખૂબ જ આત્મીયતા, પ્રેમ અને આદર હતા. અને તેથી તેમણે રામચરિત માનસના ઉપરોક્ત અનુવાદનું નિયમિત વાંચન શરૂ કર્યું. રોજ તેઓ તેનો થોડો થોડો ભાગ વાંચતા. તે દરમિયાન મેં ડૉકટર કાકાને મૂળ પત્રનો ઉત્તર મોકલ્યો. તેનો થોડોક ભાગ આ પ્રમાણે હતો, 'એક વિદ્યાપીઠના દસ કરતા પણ વધારે સંખ્યા ધરાવતા મહાવિદ્યાલયોમાં કામ કરતા અને સો કરતા પણ વધારે સંખ્યાવાળા અધિકારીઓની, સહસ્રાવધિ ભાંજગડો અને ગડબડગોટાળાનો નિકાલ કરતા કરતા અત્યાધિક થાકી ગયેલા તાત્યાસાહેબ તમારું પુસ્તક વાંચવા માટે હાથમાં લે છે અને પથારીમાં આવી રીતે પડેલ તાત્યાસાહેબને જોઈએ તો તેમના મુખ પર પરાકોટીનો આનંદ જોવા મળે છે. આપના પુસ્તક અંતિમ ભાગ સુધી પહોંચતા પહોંચતા ઉપરોક્ત વાક્યમાંની સંખ્યા એકથી વધતા વધતા અબજ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ, શંકુ, જલધિ, પરાર્ધ સુધી હું પહોંચાડીશ.'

એક વાર મેં મારા પિતાશ્રીને બનારસથી કોલ્હાપુર ખાતે પત્ર લખ્યો હતો. પરિવારની અનેક મુશ્કેલીઓ અને સમસ્યાઓથી ત્રાસી ગયેલી ગૃહિણી મોટા ભાગે ગમે તે રીતે પત્ર ઘસડી નાખતી હોય છે. તાત્યાસાહેબને આ રીતે પત્ર લખવાની બાબત જરા પણ પસંદ ન હતી. તે હંમેશ કહેતા કે પત્ર તો ઘરમાં શાંતિનું વાતાવરણ હોય ત્યારે જ લખવો જોઈએ. દા.ત. જ્યારે કોઈ વ્યાખ્યાન આપવાનું હોય ત્યારે અન્ય કામ કરતા કરતા જેમ તેની તૈયારી મનમાંને મનમાં કરવામાં આવે છે તેવી જ રીતની પત્ર લખવા માટે પણ તૈયારી કરવી જોઈએ. તે માટેનો યોગ્ય સમય આપણે જ શોધવાનો હોય છે. આવી પૂર્વ તૈયારી કર્યા પછી જ પત્ર લખવા બેસીએ તો જ જે પત્ર લખાશે તે આપમેળે વ્યવસ્થિત અને સુંદર રીતે

લખાશે અને લખનારના હસ્તાક્ષર પણ તેટલા જ ઉઠાવદાર દેખાશે. મેં જ્યારે મારા પિતાશ્રીને ઉપર ઉલ્લેખિત પત્ર લખ્યો ત્યારે આ બધી બાબતો ધ્યાનમાં રાખ્યા પછી જ લખ્યો હતો. તે જોઈને તાત્યાસાહેબ ખૂબ ખુશ થયેલાં. તે વાંચતા વાંચતા તેમને એક કલ્પના સૂઝેલી. તે કે મારા પત્રમાં દરેક બે લીટી વચ્ચે મેં ઘણી જગ્યા છોડી હતી તેનો ઉપયોગ કરીને તાત્યાસાહેબે લાલ રંગવાળી પેનથી મારી દરેક બે લીટીઓ વચ્ચે તેમની એક લીટી અંગ્રેજીમાં ઉમેરી. આ રીતે મારા જ પત્રમાં તેમનો પત્ર લખાઈ ગયો. તેમાંથી એક મજાનું દશ્ય ઉપસી આવ્યું. તેને ઉપમા આપવી હોય તો કાલિદાસની ઉપમા જ શોભે - 'वागर्थाविव संपृक्तौ पार्वतीपरमेश्वरौ' કોઈ એક વણેલા સુંદર ગોફની જેમ લાલ અને વાદળી રંગમાં મરાઠી તથા અંગ્રેજી ભાષાઓમાં લખેલા શબ્દોથી એકબીજામાં ભળી ગયેલા છતાં પોતાનું જુદું અસ્તિત્વ ટકાવી રાખી શોભાયમાન થયેલો આ પત્ર લખાયો હતો. મારા પિતાશ્રીને તે પત્ર મળ્યા પછી તેમણે યથાસમયે તેનો જવાબ પણ આપેલ જેમાં તેમણે અમારા આ નાવિન્યપૂર્ણ પત્રના વખાણ કરેલાં અને તેમને આ પત્ર મળ્યા બાદ જેટલા આપ્તજનો મારા પિયરની મુલાકાતે ગયેલાં તે બધાને તે વંચાવેલો અને દરેકે તેની પ્રશંસા કરી હતી. સાંગલી ખાતે રહેતા મારા મામા કાનેટકર વકીલે તો તે પત્રની છબી ઉતારીને તેની નકલો અમારા સગાઓમાં વહેંચેલી. કમનસીબે હવે અમારી પાસે તેની એક પણ નકલ નથી અને તેની પ્રશંસા કરનારા અમારા આપ્તજનો પણ આ દુનિયામાં નથી એનું દુઃખ થયા વિના રહેતું નથી. આવી વસ્તુ સાચવી રાખીએ તો તે ચિરકાલ ટકી રહે.

તેમની કુલપતિપદ પર વરણી થયા પછી તેમણે ગણિત વિભાગની જવાબદારી વહન કરવાનું ચાલુ રાખેલું. તે ઉપરાંત તેમના માર્ગદર્શન હેઠળ સંશોધન કરનારા વિદ્યાર્થીઓને નિબંધ લખવામાં માર્ગદર્શન આપવું, તેમની સાથે વિચારવિનિમય કરીને તેમાં સુધારા વધારા દાખલ કરવા, નિબંધ સારી છાપ ઊભી કરે તે હેતુથી તેનું કદ અને તેની લેખન શૈલી સુઘડ રાખવા માટે જરૂરી પગલા લેવા અને કેટલીક વાર તો પ્રબંધ લખનારા વિદ્યાર્થીઓને લેખનસામગ્રી પૂરી પાડવી. આવા કામમાં પણ રસ લઈને તે માટે તાત્યાસાહેબ જરૂરી સમય ફાળવતા. આવી હતી તેમની કામ પતાવવાની શૈલી. તેના અંગે ઘણાં વિદ્વાનોએ પ્રશંસાના ઉદ્ગાર તો કાઢ્યા હતા જ પરંતુ કુલપતિની જવાબદારીની સાથોસાથ ગણિતના વિભાગીય પ્રમુખની જવાબદારી કુશળતાથી વહન કરવા અંગે આશ્ચર્ય પણ વ્યક્ત કરેલું.

મારા સૌથી નાના ભાઈ મુકુંદને પૂરતો સમય ફાળવીને તેમણે તે અરસામાં માર્ગદર્શન પૂરું પાડેલું. મારો આ ભાઈ કોલ્હાપુરમાં જ ભણતો. અભ્યાસમાં હોંશિયાર પણ હતો, પરંતુ શારીરિક રીતે નબળો હોવાથી તેને ક્યારેક ક્યારેક વાઈ આવતી. પરિણામે તે સંપૂર્ણપણે સાજો થયા પછી પણ તેની બૌદ્ધિક તાકાતમાં કચાશ રહી ગયેલી. મારા અન્ય ભાઈ-બહેનોની જેમ તેની શૈક્ષણિક કારકિર્દી પણ ઉજ્જવળ નીવડે તે ઉદ્દેશથી તાત્યાસાહેબ તેને બનારસથી પત્ર મારફત માર્ગદર્શન પૂરું પાડતા. મુકુંદ કોલ્હાપુરથી પત્ર દ્વારા પ્રશ્નો મોકલતો. તેના

જવાબ તાત્યાસાહેબ બનારસથી પત્ર દ્વારા મોકલતા. આ બધું તાત્યાસાહેબ આત્મીયતાથી કરતા. બીજા અનેક વિદ્યાર્થીઓને અન્ય અનેક રીતે સહાય કરતા.

'બીજાને મદદ કરવાના' તેમના ક્ષેત્રો અને માર્ગો પણ વિવિધ હતા. બનારસ વિશ્વવિદ્યાલયની આસપાસ ઘણાં નાના નાના ગામડાં હતાં. તેમાં ખેતી કરનારા ખેડૂતો પોતાની ચીજવસ્તુઓનું વેચાણ કરવા માટે માથે માલ મૂકી વિદ્યાલયના વિસ્તારમાં આવતા. આવા ખેડૂતોને પડતા પરિશ્રમને હળવો કરવા માટે, ખેડૂતોને થાક ઉતારવા માટે કે રાહત આપવાના હેતુથી તાત્યાસાહેબે સરકારના જાહેર બાંધકામ વિભાગનો સંપર્ક સાધી વિશ્વવિદ્યાલયના વિસ્તારમાં થોડા થોડા અંતરે નાના નાના ઓટલા બનાવડાવેલાં. કુલપતિના પદ પર કામ કરતા હતા તેથી તેમના સૂચનો ત્વરિત કાર્યાન્વિત થતા. તેમના સૂચનોથી ઊભી કરવામાં આવેલી આવી સગવડોનો લાભ ગરીબ લોકોને મળતો.

તે જમાનામાં સંગઠનો સ્થાપવાનો વિચાર જ નવો હતો. કાશી વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થીઓ, કર્મચારીઓ વગેરેના સંગઠનો સ્થાપવાની શરૂઆત થઈ ગયેલી. આ સંગઠનો પ્રત્યે તાત્યાસાહેબનો દૃષ્ટિકોણ વિધેયક અને સમભાવી હતો. આવું જ એક સંગઠન વિશ્વવિદ્યાલય સાથે સંકળાયેલાં મહેતરોનું હતું. અમારા નિવાસની પડખે જ મહેતર લોકોની વસાહત હતી. દર વર્ષે ગાંધી જયંતિના દિવસે તે વસાહતની મુલાકાત લઈ તેમાં રહેતા પરિવારોના બાળકોને મફત કપડા વહેંચવાનો અમારો નિયમ હતો. બાળકો માટે કપડાથી ભરેલો એક ગાંસડો અમે વસાહતમાં લઈ જતા અને ત્યાં ખુલ્લામાં તેમાંના કપડા કોઈ અનુકૂળ જગ્યાએ પાથરી દેતા. વસાહતની સ્ત્રીઓ ત્યાં આવીને પોતપોતાના બાળકો માટે કપડા વીણી લેતી. મહેતરોને તાત્યાસાહેબ પ્રત્યે ખૂબ આદર અને પોતીકાપણાની લાગણી હતી. એક વાર મહેતરોએ પોતાની માંગણી લખી કાઢી અને તે હાંસલ કરવા માટે મોરચો પણ કાઢ્યો. આ મોરચો અમારા નિવાસ પરથી પસાર થતો હતો ત્યારે મોરચામાં સામેલ થયેલા મહેતરોને એક નવો નારો સૂઝયો જેનો ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો : 'નારળીકર સાબ મદદ કરો, નારળીકર સાબ હમારે હૈ.'

વિશ્વવિદ્યાલયમાં કામ કરતા કર્મચારીઓ કાર્યાલયની સમસ્યાઓને કારણે કે પોતાના પરિવારની સમસ્યાઓને કારણે જ્યારે ત્રસ્ત થઈ જતા ત્યારે ત્યારે માનસિક શાંતિની શોધમાં તાત્યાસાહેબ પાસે દોડી આવતા. એક વાર આવા જ ઉદ્દેશથી કાર્યાલયના વરિષ્ઠ મુખ્ય કારકુન અમારા નિવાસ પર આવ્યા. તે દિવસે તાત્યાસાહેબની તબિયત ઠીક ન હતી અને તેથી મેં આગળ જઈને તે અંગે વાત કરી. તે સાંભળીને તરત જ તેમણે કહ્યું, 'તાત્યાસાહેબ સાજા થયા પછી જ હું આવીશ. સાહેબની સાથે થોડોક સમય બેસવાથી અને તેમની સાથે વાતચીત કરવાથી મનને શાંતિ પ્રાપ્ત થતી હોય છે, ઉત્સાહમાં વધારો થાય છે.' એક વાર વિદ્યાલયમાં કામ કરતા એક પ્રાધ્યાપક અને તેની પત્ની વચ્ચે અજુકતો બનાવ થયો જે અણબનાવમાં પરિણમ્યો. ઉપરોક્ત પ્રાધ્યાપક તાત્યાસાહેબનો જૂનો વિદ્યાર્થી હતો. એક

દિવસ તેની પત્ની તાત્યાસાહેબને મળવા આવી. તેણે મુક્ત મને પોતાની કેફિયત તાત્યાસાહેબ સમક્ષ રજૂ કરી. બે દિવસ પછી તેનો પતિ પણ એ જ ઉદ્દેશથી અમારા નિવાસ પર આવ્યો. બંનેની કેફિયત અલગ અલગ સાંભળવા મળેથી તે દરેકની ક્યાં અને કઈ રીતે ભૂલ થાય છે તે તાત્યાસાહેબને સમજાયું. ત્યારબાદ તાત્યાસાહેબે તે બંનેને એક સાથે ચર્ચા કરવા માટે નિશ્ચિત દિવસે અને સમયે અમારા નિવાસ પર બોલાવ્યા. ચર્ચા પૂર્વે તાત્યાસાહેબે તે માટે અનુકૂળ બને એવું વિનોદી વાતાવરણ ઊભું કર્યું અને ત્યાર બાદ તે બંનેમાંથી દરેકની ક્યાં ભૂલ થાય છે તે બંનેને સમજાવ્યું અને તે દ્વારા તેમની વચ્ચે ફરી સંપ બાંધી આપ્યો. તેને કારણે ચર્ચા બાદ મેં તે બધાને જે ચા-નાસ્તો કરાવ્યો તે પણ વિશેષ રૂચિકર બન્યો.

અમારા પડોશમાં નિવાસ કરનારા એક પરિવારમાં એક વૃદ્ધ બહેન રહેતા. તેમને બધા માવસીબાઈ કહેતા. તેઓ ક્યારેક ક્યારેક તાત્યાસાહેબને મળવા અમારે ત્યાં આવતા. તેને કારણે તાત્યાસાહેબનો એક-બે કલાકનો સમય વેડફાઈ જતો. એક વાર તે આવ્યા ત્યારે તાત્યાસાહેબ એક બહુ જ અગત્યના કામમાં વ્યસ્ત હતા. તાત્યાસાહેબના કામમાં વિક્ષેપ ન થાય તે ઈરાદાથી મેં માવસીબાઈને કહ્યું, 'માવસીબાઈ, ચાલો આપણે અંદરના ઓરડામાં બેસી વાતો કરીએ.' વૃદ્ધ માવસીબાઈએ મારા કહેવા તરફ ધ્યાન આપ્યું જ નહિ અને તે તો તાત્યાસાહેબ બેઠા હતા તે સોફાની બરાબર સામેના સોફા પર પલાંઠી વાળીને બેસી જ ગયાં. તાત્યાસાહેબે હાથમાં લીધેલું કામ નાછૂટકે બાજુએ મૂક્યું અને આદર અને ઉત્સાહ સાથે માવસીબાઈને ઉદ્દેશીને બોલ્યા, 'કેમ છો માવસીબાઈ, બધું ઠીકઠાક તો છે ને□બોલો કેમ આવ્યા□'ઉપરોક્ત માવસીબાઈની જેમ બીજા અનેક પરિવારના વૃદ્ધ દાદા-દાદીને તાત્યાસાહેબ સાથે ગપ્પા મારવાનું ખૂબ ગમતું. આ વૃદ્ધ પાસેથી તાત્યાસાહેબ કંઈક ને કંઈક નવું શીખી લેતા. દા.ત. જૂના રીતરિવાજ અંગેની માહિતી, જૂના સાહિત્યમાંથી સુંદર સુંદર અવતરણો, સુંદર શ્લોક, કહેવતો વગેરે. તાત્યાસાહેબને ગમતો આવો માલ ઘર બેઠા તેમને મળી જતો. શ્રીમદ્ ભાગવતમાં એક શ્લોક છે જે તાત્યાસાહેબના વ્યક્તિત્વનું સચોટ વર્ણન કરનારો છે :

ब्रह्मण्यस्य वदान्यास नित्यं वृद्धोपसेविनः ।
चत्वारी तस्य वर्धन्ते आयुर्विद्या यशोबलम् ॥

અર્થાત્, જે માણસ બ્રહ્મતત્વનો અભ્યાસ કરે છે, અને જેનું આચરણ પવિત્ર હોય છે, જેનું મન ઉદાર છે અને જે વૃદ્ધ માણસોને સદૈવ મદદ કરતો હોય છે તેના જીવનમાં ચાર બાબતો વૃદ્ધિગત થયા જ કરતી હોય છે - તે માણસનું આયુષ્ય, વિદ્યા, યશ અને બળ.

વૃદ્ધો પ્રત્યેનું તાત્યાસાહેબનું આચરણ કેટલું સહાનુભૂતિભર્યું રહેતું તેનો અનુભવ અનેક લોકોને થયેલો. એક વાર નાગપુર તરફના એક મરાઠી ભાષી શાસ્ત્રી કાશી વિશ્વવિદ્યાલયમાં નોકરી કરતા પોતાના પુત્રોને ત્યાં રહેવા આવેલાં. તે બહુ જ બોલકણાં અને વાતોડિયાં હતા. તેમની પાસે સંસ્કૃત સુભાષિતોનો ઘણો મોટો સંગ્રહ હતો. કર્ણોપકર્ણ

તેમને ખબર પડી કે તાત્યાસાહેબ આવાના તો અઠંગ રસિક છે. તેથી એક રવિવારે તેઓ તાત્યાસાહેબ સાથે ગપસપ કરવા અમારે ત્યાં આવી ચઢ્યાં. તેમણે આવતાની સાથે પોતે જ પોતાની ઓળખાણ આપી. તાત્યાસાહેબ જેવા એક રસિક શ્રોતા તે દિવસે મળેલા હોવાથી તેઓ તો રંગમાં આવી ગયાં. તેમના સંગ્રહમાં ઘણાં દ્વિઅર્થી અને ખૂબી ધરાવતા સંસ્કૃત શ્લોકોનો પાઠ કરીને તેમણે તે દિવસે અમારું ખૂબ મનોરંજન કર્યું. દા.ત. मूकं करोति वाचालम्। આ જાણીતો શ્લોક છે. તેમાં જે ગોપનીય અર્થ છે તેનો ખ્યાલ ઘણાં લોકોને ન પણ હોય તેમ બને! આ અર્થ શાસ્ત્રીજીએ અમને સમજાવ્યો. मूकं वाचा अलंकरोति । મુંગા માણસ પર પરમેશ્વરની કૃપા થાય તો તેને એની વાણી મળે છે જેનાથી માણસ શોભાયમાન થાય છે, અલંકૃત પણ બને છે.

એક બીજો દ્વિઅર્થી અને ખૂબીદાર દાખલો : अमुना कुंदकुंजेन सखि मे किं प्रयोजनम्। રાધા પોતાની સખીને ઉદ્દેશીને કહે છે કે કુંદનો આ કુંજ ભલે ફૂલેલો ફાલેલો હોય, છતાં મારા માટે તે શા કામનો□પરંતુ તેમાં એક બીજો છૂપાયેલો અર્થ પણ છે : જે કુંદમાં 'મુ' નથી તે મને જોઈતો નથી. મને તો 'મુ' સાથેનો કુંદ, એટલે કે મુકુંદ જોઈએ છે. એટલે કે રાધાને કૃષ્ણ જોઈએ છે.

શાસ્ત્રીજીએ મરાઠી ભાષામાં ઉપલબ્ધ એવા નળદમયંતી આખ્યાનમાંથી એવી જ એક દ્વિઅર્થી આર્યા રજુ કરી હતી. નળના વિરહને કારણે મૂર્છિત બનેલી દમયંતી શીતળ ઉપચારથી ફરી ભાનમાં આવી પછી તેને દવા આપનારી માતાને ઉદ્દેશીને કહે છે, 'औषध न लगे माते । ઔષધ લેવાની મારી ઈચ્છા નથી. તેના આ વિધાનમાં એક છૂપાયેલો અર્થ પણ છે. - औषध नल गे माते । = નળ રાજા એ જ મારી ઔષધી છે જે મને જોઈએ છે. ઉપર્યુક્ત આર્યા મરાઠીમાં નીચે મુજબની છેઃ

ती शीतलोपचारे जागी झाली हलूच मग बोले ।
औषध नल गे माते ऐकून जननी वारे म्हणून गेले ॥

પોતાની દિકરી દમયંતીને નળ જોઈએ છે. આ મીઠો અર્થ દમયંતીની આ આર્યા સાંભળીને તેની માતાને સમજાય છે અને તે ખૂબ જ ખુશ થાય છે અને ડોલી ઉઠે છે.

તેવી જ રીતે મહાકવિ કાલિદાસ પોતાના ગ્રંથને સફળ સંપૂર્ણ કરવાના હેતુથી રઘુવંશની શરૂઆતમાં જ ઈશ્વરવંદનાનો શ્લોક ઉમેરે છે જેની બીજી લીટી છે : जगतः पितरौ वंदे पार्वतीपरमेश्वरौ । આમા पार्वतीपरमेश्वरो = પાર્વતી અને શંકર આ શબ્દો જુદી રીતે લઈએ તો -

पार्वतीप रमेश्वरौ નો અર્થ થાય છે શંકર + વિષ્ણુ
पार्वतीपर मेश्वरौ નો અર્થ થાય છે શંકર + વિષ્ણુ

શાસ્ત્રીજીએ અમને તે દિવસે સંસ્કૃત ભાષાના શબ્દોની કુંજગલીમાં જે મજા છે તેમાં તરબોળ કરેલા. અમારે ત્યાં તેમને રસિક શ્રોતા મળતા હોવાથી જ્યાં સુધી શાસ્ત્રીજી

કાશીમાં રહેતા હોય ત્યાં સુધી દર રવિવારે તેઓ અમારે ત્યાં અચૂક આવતા.

અંગ્રેજી, મરાઠી, હિંદી અને સંસ્કૃત આ ચાર ભાષાના સાહિત્યમાં તાત્યાસાહેબ ખૂબ જ અભિરુચિ ધરાવતા હતાં. તેમના મુખ પર સદૈવ વિદ્વત્તાનું અને મમતાનું તેજ સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થતું હતું. તેને કારણે બાળકો તેમના તરફ આકૃષ્ટ હતા. 'वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामयी वाणी' આ શબ્દો દ્વારા તેમનું વર્ણન કરી શકાય. તેમનામાં રહેલા ગુણોની ગમે તેટલી પ્રશંસા કરવામાં આવે તો પણ તે પ્રશંસા અપૂર્ણ જ રહેવાની. મને તો એમ લાગે છે કે તેમની પૂરતી યોગ્યતાનો ખ્યાલ કોઈને આવ્યો જ ન હતો. આ સંદર્ભમાં શ્રીમદ્ ભગવતગીતાનો એક શ્લોક મારા મનમાં વારંવાર ડોકિયું કરતો રહ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણ નિજધામ ગયા પછી તેમના વિરહથી ઉદાસ થયેલો ઉદ્ધવ કહે છે કે આ પૃથ્વી, આ ઈહલોક અને તેમાં પણ વિશેષ રૂપે યદુવંશના લોકો ખૂબ જ દુર્દૈવ છે. પૃથ્વી પરના માણસોને અને વિશેષ રૂપે યદુવંશીઓને કૃષ્ણ પાસે હતા ત્યારે પણ તેમની યોગ્યતાનું આકલન થયું ન હતું. પહેલા તો ચંદ્ર સમુદ્રમાં જ હતો પરંતુ દરિયાની માછલીઓ તેની યોગ્યતા જરા પણ પીછાણી શકેલી નહિ :

दुर्भगो वत लोकडबं यदवो नितरामपि ।
वे संवसन्तो न विदुः हरि मीना इवोडुपम् ॥

તાત્યાસાહેબના જીવનનું દરેક પાસું અષ્ટપૈલુ હીરાની જેમ ચમકીલું હતું.

અત્યંત નાની ઉંમરમાં, માત્ર ચોવીસ વર્ષની વયે તેમની નિમણૂક કાશી વિશ્વવિદ્યાલયના ગણિત વિભાગના વડા તરીકે થયેલી જે એક રીતે જોતાં આશ્ચર્યકારક ઘટના જ ગણાય. સાચી વાત તો એ હતી કે તેઓ નોકરી કરવાના ઈરાદાથી બનારસની મુલાકાતે ગયા જ ન હતાં. મહામના પંડિત મદનમોહન માલવીયાજીના સૂચનને માન આપી કાશી વિશ્વવિદ્યાલય જોવા માત્રના હેતુથી તેઓ ત્યાં ગયેલાં. તાત્યાસાહેબ ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયની 'બી સ્ટાર' પદવીધર અર્થાત્ રૅંગ્લરની પરીક્ષામાં તેમને 'સર આઈઝેક ન્યૂટન' શિષ્યવૃત્તિ એનાયત થઈ હતી. રૅંગ્લર થયા પછીના બે વર્ષ દરમિયાન પણ તે શિષ્યવૃત્તિ અધ્યયન કરવા માટે ચાલુ રહેવાની હતી. ઉપરાંત, પાછા ઈંગ્લેન્ડ જવા માટે અને ત્યાંથી પરત આવવા માટે તેમની પાસે ટિકિટ પણ હતી. તેમ છતાં 'તે આવ્યા, તેમણે જોયું અને તેમણે પસંદ પડ્યું' આ કથન મુજબ માલવીયાજીએ સ્થાપેલા કાશી વિશ્વવિદ્યાલયમાં યશસ્વી કારકિર્દી સાથે સળંગ અઠ્ઠાવીસ વર્ષ ત્યાં સેવાઓ આપી અને કીર્તિ સંપન્ન કરી.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે તેના પગલે અનેક જન્મો સુધી સંસિદ્ધ ગણાય તેવા જ તાત્યાસાહેબ હતા. શ્રીમદ્ ભગવતગીતા એમ પણ કહે છે.

'शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोडभिजायते ।'

અનેક જન્મોના સુસંસ્કાર લઈને એક પવિત્ર અને સુસંસ્કૃત પરિવારમાં તેમણે જન્મ લીધો. તેને કારણે અભિજાત ઉત્તમ ગણાય તેવાં ગ્રંથો વાંચવાની જન્મજાત રુચિ

તેમનામાં પેદા થઈ. વિશ્વના બધા જ ધર્મોનો તેમણે ઊંડો અભ્યાસ કરી બધા જ ધર્મોમાં રહેલા સમાન તત્ત્વો કે સિદ્ધાંતો શોધવાનો તેમણે સંનિષ્ઠ પ્રયાસ કર્યો. દા.ત. હિંદુ, ઈસ્લામ, ખ્રિસ્તી, યહુદી, બૌદ્ધ જેવા ધર્મોનું વિવરણ અને વિવેચન કરતા જુદી જુદી ભાષાઓમાં લખેલા ગ્રંથોનું તેમને અધ્યયન કરેલું. હિંદુ ધર્મના ગ્રંથો વાંચવાનું તો તેમને ખૂબ ગમતું. ભારતના મહાન સંતો જેવા કે તુકારામ, રામદાસ, એકનાથ, નામદેવ, જ્ઞાનેશ્વરે લખેલા ગ્રંથો વાંચવાનો શોખ તેમણે કેળવ્યો હતો. તેને કારણે તેમનું વ્યક્તિત્વ અસામાન્ય અને દિવ્ય તથા ભવ્ય બન્યું હતું. તેમના વ્યક્તિત્વના ચમકતા પાસાઓ તેમની સાથેની વાતચીત દરમિયાન તથા તેમના વ્યવહારમાં ભાસમાન અને દૃષ્ટિગોચર થતા. સંતશિરોમણિ સમર્થ રામદાસે જે ઉપદેશ આપ્યો છે, જનતાજનાર્દન સમક્ષ જે આદર્શો પ્રસ્તુત કર્યા છે તેનો પ્રત્યક્ષ પડઘો તાત્યાસાહેબના જીવનવ્યવહારમાં સ્પષ્ટ રીતે અને સહજતાથી અંકિત થયેલો દેખાતો.

બોલ સુંદર, વાચન સુંદર,
લખાણ સુંદર, ચાલ સુંદર,
ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય સુંદર.

***

પુરવણી

રૅંગ્લર નારળીકર

'કુમાર' : ૧૯૩૨ : અંક ૧૦૧ : માધુકરી : લેખક – ભાઉ

વિષ્ણુ કોલેજમાં બાઘો ગણાતો. કોલેજમાં આવ્યો તે વખતની એની લાંબી ચોટલી, બધી જ વસ્તુથી નવાઈ પામી જવાની વૃત્તિ, અને તે વૃત્તિ ભારેખમ મોઢું રાખી છૂપાવી દેવાની કળાનો અભાવ : આટલી વસ્તુ કોલૅજના કોઈ પણ વિદ્યાર્થીને એના તરફ ધ્યાન આપવા માટે બસ હતી. કોલ્હાપુરના એક સાદા ભટજીનો છોકરો એવો જ હોય ને! સ્વાભાવિક રીતે છોકરાઓ પૂછતા કે, 'આ બાઘો કોણ છે?' અને જ્યારે કોલ્હાપુરની રાજારામ હાઈસ્કૂલમાંથી પાસ થઈ આવેલો એકાદ છોકરો 'એ જ વિષ્ણુ નારળીકર, અને આ વર્ષે મેટ્રિકની પરીક્ષામાં દસ હજાર વિદ્યાર્થીઓમાંથી એ જ પ્રથમ આવ્યા છે' એવો જવાબ અપાતો ત્યારે તેઓના આશ્ચર્યનો પાર રહેતો નહિ.

પણ એ આશ્ચર્યચક્તિ થનાર વિદ્યાર્થીને આજે તમે રૅંગ્લર નારળીકર આગળ ઊભો કરો અને એને જે આશ્ચર્ય થાય તે તો અકલ્પ્ય જ હોઈ શકે.

એનું આખું નામ છે વિષ્ણુ વાસુદેવ નારળીકર. ખૂબ ગરીબનો દીકરો. સ્વભાવે શાંત અને ઓછાબોલો, પણ અભ્યાસમાં અત્યંત નિયમિત અને ખંતીલો. એની નિયમિતતા તો એના માસ્તરો પણ વખાણે. એક માસ્તર આગળ તો ભાઈસાહેબ સવારે પાંચ વાગે ભણવા જતા કારણ કે ગુરુજીને બીજો વખત જ નહોતો. પણ એમના એ ગુરુજીએ એક વાર કહેલું કે, 'એક વાર એલાર્મ ન થાય એમ બને, પણ વિષ્ણુ પાંચને ટકોરે હાજર ન થયો હોય એવું બન્યું નથી.'

કોલ્હાપુરની રાજારામ હાઈસ્કૂલમાંથી ૧૯૨૪ની સાલમાં એ મેટ્રિકની પરીક્ષામાં બેઠા અને દસ હજાર છોકરાઓમાંથી પ્રથમ સ્થાને આવીને એમણે જેકબ શિષ્યવૃત્તિ મેળવી.

કૉલેજના અભ્યાસક્રમ દરમિયાન પણ એમણે પહેલો વર્ગ કદી છોડેલો નહીં. કોલેજના પ્રથમ દિવસથી એમના નિયમિત અભ્યાસની શરૂઆત થાય, તે પરીક્ષાના દિવસે પણ આટલા જ કલાક ચાલતો હોય અને પરીક્ષા પછી બીજે જ દિવસે આગલા વર્ષનો નવો અભ્યાસ શરૂ થાય, આ એમની નિયમિતતા હજી પણ ચાલે છે.

મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજને જોડેલી રૉયલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાંથી તેઓ ૧૯૨૮ની સાલમાં બી.એસસી.ની પરીક્ષામાં બેઠા. તેમનો મુખ્ય વિષય ગણિત અને ગૌણ વિષય વિજ્ઞાન હતો. બી.એસસી.માં પણ તેઓ આખી યુનિવર્સિટીમાં નૈપુણ્યદર્શક (first class with distinction) પ્રથમ વર્ગમાં પ્રથમ તો આવ્યા જ (પણ તેમણે આ પરીક્ષામાં એટલા બધા માર્કસ મેળવ્યા કે હજી સુધી તેટલા માર્કસ કોઈ જ મેળવી શક્યું નથી. એમના માર્કસનો સરવાળો પંચાણુ ટકા ઉપર થતો હતો.)

મુંબઈ યુનિવર્સિટીમાં બી.એ.ની પરીક્ષામાં ગુજરાતના પ્રખર ગણિતજ્ઞ રેંગ્લર ગુ.વ.શાહ જેટલા માર્કસ હજી સુધી કોઈને જ મળ્યા નથી, તેમજ બી.એસસી.માં રેંગ્લર નારળીકર જેટલા માર્કસ કોઈને મળ્યા નથી. બી.એસસી. થયા પછી તે જ વર્ષે તેમનું ઉચ્ચ અભ્યાસ માટે વિલાયત જવાનું નક્કી થયું. અને તેમાં ઉત્તેજનરૂપે કોલ્હાપુરના મહારાજાએ તેમને રૂ. ૮૦૦૦ની મદદ આપી.

ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પણ તેમણે પોતાનું બુદ્ધિવૈભવ બતાવી આપ્યું. બે વર્ષનો અભ્યાસ કેવળ એક જ વર્ષમાં પૂરો કરી તેઓ સાયન્સની દ્રાયપોસ પરીક્ષામાં બેઠાં અને પહેલા વર્ગમાં પસાર થયા. એ જ વર્ષે એમને એક ૯૦ પૌંડની સ્કૉલરશિપ અને ૫૦ તથા ૨૫ પૌંડનાં બે ઈનામો મળ્યાં. તે સિવાય ૪૫ રૂ.ની કિંમતનો એક અમૂલ્ય ગ્રંથ તેમને ઈનામ તરીકે મળ્યો. દૂરના દેશમાંથી આવી બે વર્ષનો અભ્યાસક્રમ એક જ વર્ષમાં પૂરો કરી શિષ્યવૃત્તિઓ અને પારિતોષિકો લઈ જનાર આ હિંદી વિદ્યાર્થી હવે બધાની નજરે ચડ્યો. શિક્ષકો અને વિદ્યાર્થીઓ એના તરફ માન અને આશાથી જોવા લાગ્યા. વિદ્યાર્થીઓ જેટલો જ પ્રોફેસરોને પણ આ જુવાન પ્રતિસ્પર્ધી ભાસે એમાં નવાઈ શું□

૧૯૩૦ના જૂન મહિનામાં કેમ્બ્રિજની છેલ્લી પરીક્ષા પસાર કરી તેઓ 'બી' સ્ટાર રેંગ્લર થયા. ગણિતની આ મોટામાં મોટી છેલ્લી પરીક્ષામાં પ્રથમ વર્ગમાં આવનારને જ ફક્ત સ્ટાર રેંગ્લર કહેવામાં આવે છે. ગુજરાતમાં પ્રિન્સિપાલ ગુ.વ.શાહ સિવાય બીજો કોઈ સ્ટાર રેંગ્લર નથી.

બી-સ્ટાર રેંગ્લર થયા ત્યારે શ્રી નારળીકરને જે ટાયસન મેડલ મળ્યું તે તેમની કોલેજને છેલ્લા પંચોતેર વર્ષમાં કદી મળ્યું નહોતું. અને પ્રિન્સિપાલને બમણો આનંદ એથી થયો કે નારળીકરના રિવાજ મુજબ આ વખતે પણ એમણે ત્રણ વર્ષનો અભ્યાસ બે જ વર્ષમાં પૂરો કર્યો હતો. આટલું અપૂર્વમાન માન મેળવનાર ફિટ્ઝ વિલિયમ કોલેજના શ્રી નારળીકર એ પહેલા જ હિંદી વિદ્યાર્થી હતા. કોલેજમાં તેમને તરત જ ફેલોશિપ આપવામાં આવી,

૧૯૩૧ની સાલમાં સર આઈઝેક ન્યૂટન સ્કોલરશિપ નામની વાર્ષિક ૨૫૦ પૌંડની સંશોધન કાર્ય માટેની સ્કૉલરશિપ પણ શ્રી નારળીકરને મળી. અને સંશોધનકાર્ય સમાધાનકારક ચાલે તો તે આગળ ચલાવવી એમ નક્કી થયું. આમાં હિંદી તરીકે આપણને મગરૂર કરે તેવી વાત તે એ હતી કે સાડા ચાર વર્ષ પછી જ આપવામાં આવતી આ શિષ્યવૃત્તિ આ હિંદના પ્રખર ગણિતજ્ઞને ફક્ત બે જ વર્ષમાં આપવામાં આવી.

આટલું બધું થયા પછી મુંબઈ યુનિવર્સિટી પણ જાગી અને તે બુદ્ધિમાન વિદ્યાર્થીનું સન્માન કરવા મુંબઈ યુનિવર્સિટીએ તેમને ૩૫૦ રૂ.નું પારિતોષિક અર્પણ કર્યું. એમને સન્માન આપતી વખતે ડૉ. મેલ્ડ્રમે પોતાના ભાષણમાં યથોચિત ઉદ્ગાર કાઢીને સાથે સાથે એવી પણ આશા પ્રગટ કરેલી કે શ્રી નારળીકર જગતમાંના અદ્વિતિય ગણિતશાસ્ત્રીની જગ્યા જરૂર લેશે.

તે પછી કેમ્બ્રિજ એન્યુઅલ કૉંગ્રેગેશન વખતે હિંદના માજી વાઈસરૉય લોર્ડ ઈર્વીને પણ રૅંગ્લર નારળીકરનો યથોચિત ગુણગૌરવ કર્યો હતો. અને તે જ વખતે ઈંગ્લેન્ડના માજી પ્રધાન અને કૅમ્બ્રિજ યુનિવર્સિટીના વાઈસ ચૅન્સલર સર સ્ટૅન્લે બાલ્ડવિનને હસ્તે તેમને ટાયસન મૅડલ આપવામાં આવ્યો હતો.

આ વર્ષે રૅંગ્લર નારળીકરના ગણિતનૈપૂણ્ય માટે કૅમ્બ્રિજ યુનિવર્સિટીએ તેમને 'રેલે પ્રાઈઝ' અર્પણ કરીને તેમનું સન્માન કર્યું છે. અને તેમણે કરેલી પદાર્થવિજ્ઞાનની નવી શોધોથી પ્રખ્યાત ગણિતિ એડિંગ્ટન લૉર્મર, સે, જેમ્સ જીન્સ ઈત્યાદિ લોકોમાં ખૂબ ખળભળાટ થયો છે.

'વ્હૅવ મૅકૅનિક્સ'ની ગણિતશાસ્ત્રીય શોધો પ્રમાણે મૂળતત્ત્વો એકંદરે ૧૩૭ છે એમ શાસ્ત્રજ્ઞોએ સિદ્ધ કર્યું હતું. પણ આપણા આ હિંદી ગણિતજ્ઞએ હાલ ઉપલબ્ધ છે એ મૂળતત્ત્વો ફક્ત ૯૨ જ છે એમ સિદ્ધ કરી આપીને ગણિતના પ્રદેશમાં જબરી ક્રાંતિ કરી બતાવી છે.

ડૉ. મેલ્ડ્રમના શબ્દો ખરા નહિ પડે એમ હવે કોણ કહેશે☐

***

વિચારવલોણું પરિવાર

વીસમી સદીમાં વિજ્ઞાન અને ટૅકનોલોજીનો ખૂબ વિકાસ થયો. તેમાંયે છેલ્લાં પચ્ચીસેક વર્ષમાં ટૅકનોલોજી આપણા જીવનનાં દરેક ક્ષેત્રોમાં પ્રસરી ગઈ છે, એણે જીવનની ગતિને આપણી જાણ બહાર વધારી દીધી છે. આપણી પાસે હજારેક વર્ષની જીવંત સાંસ્કૃતિક પરંપરા છે, જેની અસર આપણા વિચારોમાં, વર્તનમાં અનાયાસ ડોકાયા કરે છે. ઉપરાંત વિકસિત દેશોની અસરથી પણ આપણે મુક્ત નથી.

આપણી આજની મથામણ છે આ પરંપરા, વિજ્ઞાન અને ટૅકનોલોજી અને વિદેશી અસર, આ બધા વચ્ચે મેળ બેસાડી સ્વસ્થ રીતે જીવવું. □વિચારવલોણું પરિવાર□ એવા લોકોનો પરિવાર છે, જેના પ્રયાસો છે કે -

- □ વૈજ્ઞાનિક અભિગમ સાથે જીવનની જરૂરિયાતો અને પ્રશ□ોને ઓળખીએ, સમજીએ અને □આજ□ના સત્યની શોધનો પ્રયાસ કરીએ.
- □ નવા વિચારોને, નવાં અર્થઘટનોને સાંભળવાની, સમજવાની, સ્વીકારવાની ક્ષમતા કેળવીએ.
- □ કોઈ વ્યક્તિ-વિચારધારાના ચોકઠામાં બંધાઈ ન જવાની સજાગતા રાખીએ.
- □ વિરોધી વિચારને ઉગ્રતા વગર સાંભળવાની, સમજવાની ધીરજ રાખીએ.
- □ આપણને ગમતા વિચારોના પ્રચારક ન બનતાં પ્રસારક બનીએ.
- □ સર્વગ્રાહી, માનવકેન્દ્રી વિચારોને આચરણમાં મૂકી એની કસોટી કરતા રહીએ.
- □ પોતાની વાત રજૂ કરતી વખતે વિચારશુદ્ધિની, ભાષાના યોગ્ય ઉપયોગની, અનાગ્રહની અને બિનજરૂરી વિસ્તારના જોખમની કાળજી રાખીએ.
- □ વિશ્વસમસ્તમાં ઊઠતાં વિચારવમળોથી અવગત રહીને એને સમજવા પ્રયત્નશીલ રહીએ.
- □ અવિરત ચાલતી આ વિચારવલોણાની પ્રક્રિયામાં વધુ ને વધુ લોકોને સહજ સામેલ કરીએ.
- □ સૌંદર્યદૃષ્ટિ કેળવીએ.
- □ વ્યક્તિગત આગ્રહો છોડીને સમૂહમાં સ્વસ્થપણે જીવવા પ્રયત્ન કરીએ.
- □ પ્રકૃતિને પ્રેમ કરતા એને માણતા શીખીએ અને આપણા પર્યાવરણનું જતન, સંવર્ધન કરીએ.

આપ સર્વેને આ પરિવારમાં જોડાવાનું આમંત્રણ છે.